ભરતખંડના ઇતિહાસનો

સાર પ્રશ્નોત્તર રૂપે.

બનાવનાર

ખુશાલદાસ ગોકળદાસ પટેલ

અમદાવાદ—મુંબાઈ બેંક.

(આવૃતિ ચોથી.) પ્રત ૧૦૦૦

અમદાવાદ.

સ્વદેશભક્ત પ્રિન્ટિંગ પ્રેસ.

સન ૧૮૯૨

કીમત ૪ આના.

ભરતખંડના ઈતિહાસનો સાર પ્રશ્નોત્તર રૂપે.

પ્રકરણ ૧ લું.

પ્ર૰ આર્ય પ્રજાનું મૂળ સ્થાન કયાં હતું ?

ઉ૰ મધ્ય એશીઆમાં જીહુન ને સીહુન (ઓકસસ ને જક્ષસાતિસ) નદીઓના પ્રદેશમાં.

પ્ર૰ ત્યાંથી તે જાત કયાં કયાં જઈ વસી ?

ઉ૰ યુરોપમાં, ઈરાનમાં ને ભરતખંડમાં સીંધુ નદીને કાંઠે.

પ્ર૰ વેદ કેટલા છે ને તેનાં પેટા પુસ્તકોમાં શું છે ?

ઉ૰ વેદ ચાર છે. તેમાં જુદા જુદા દેવની પ્રાર્થના છે. પેટા પુસ્તકોમાં વેદાંગ, ઉપનિષદ, શ્રુતિ, સ્મૃતિ વગેરે છે. તેમાં રાજા પ્રજાના ધર્મ અને ચારે જાતિનાં કામો લખેલાં છે.

પ્ર૰ બૌદ્ધ માર્ગ કોણે ચલાવ્યો ને તેમાં શું છે?

ઉ૰ પશુ હિંસાથી કંટાળી શાકયસિંહ નામે રાજપુત્ર તેની સામે થયો ને તેણે નવો ધર્મ ચલાવ્યો તેને બૌદ્ધ માર્ગ કહે છે. તેમાં એણે હોમયજ્ઞ કરવાની મના કરી. જગત અનાદિ છે ને તેનો કર્ત્તા નથી એમ કહ્યું. સઘળા માણસ સરખા છે, કોઈ માણસ જન્મથી ઉંચ નીચ નથી, જ્યાં સુધી કર્મ બંધ થાય નહીં ત્યાં સુધી જન્મ મરણથી જીવ છૂટે નહિ, જન્મ મરણથી છૂટવાનાં સાધન દયા, દાન, સદાચરણ, મનોનિગ્રહ ને તપ છે; ખાવું પીવું, વેપાર રોજગાર આદિ કર્મ તજે ત્યારે આત્માનો અંત આવે, આ બાબતો બૌદ્ધ ધર્મમાં મુખ્ય છે.

પ્ર૰ બૌદ્ધ ધર્મ કયારે થયો ?

ઉ॰ ઇ. સ. પૂ. સુમારે સાડી પાંચસેં વરસ ઉપર.

પ્ર॰ બૌદ્ધ ધર્મમાં મૂર્તિપૂજા, વ્રત, જાત્રા એ ક્યારે દાખલ થયાં?

ઉ॰ શાક્યસિંહના મુવા પછી એનો ધર્મ બહુ પ્રસર્યો. તેના ઘણા ફાંટા થયા. તેમાં જે માણસો નિર્વાણ પામ્યા હતા, તેમની મૂર્તિઓ દાખલ થઈ અને તેથી વૈદિક કર્મોને બદલે તેમની જાત્રા ને વ્રત દાખલ થયાં.

પ્ર॰ પુરાણો ને મહાત્મો ક્યારે થયાં?

ઉ॰ બૌદ્ધ ધર્મ પ્રસર્યો ને બ્રાહ્મણોની સત્તા ઉઠી જવા જેવું થયું ત્યારે બૌદ્ધ ધર્મ તોડવાને અને તેમની સામા થવાને બ્રાહ્મણોએ પુરાણો ને મહાત્મો રચ્યાં. અને તેમાં મૂર્તિપૂજા, વ્રત, જાત્રા વગેરે દાખલ થયું, અને એજ ટંટામાં ચાર નાતો તૂટીને સેંકડો થઇ. આ ટંટામાં બૌદ્ધ ધર્મ હાર્યો. ને તે ચીન, તીબેટ ને બ્રહ્મદેશમાં પ્રસર્યો.

પ્ર॰ રામાયણ ને મહાભારત શું છે?

ઉ॰ એ બંને ધર્મને અને ગુરૂ વર્ગને સહાય કરે એવી, ને યોદ્ધાને શૂર ચઢે એવી અદભૂત ને મનોરંજક વાર્તા છે.

પ્ર॰ રામાયણમાં શું છે?

ઉ. અયોદ્ધાના સૂર્યવંશી રાજા દશરથના મોટા કુંવરરામનું ચરિત્રછે.

પ્ર॰ એ ચરિત્રમાં મુખ્ય શી બાબતો છે?

ઉ॰ રામ જન્મ્યા ત્યારથી સીતા પરણ્યા, વનવાસ ગયા, રાવણ સીતાને હરી ગયો, તેની પાસેથી તેને મારીને સીતા પાછી લાવ્યા, ને ગાદીએ બેઠા એ વગેરે બાબતો છે.

પ્ર॰ રામ સીતાને શી રીતે પરણ્યા?

ઉ॰ સીતા મિથિલાના રાજા જનકની કુંવરી થતી હતી. તેને પરણાવવા સ્વયંવર મંડપ રચ્યો હતો; તેમાં એક ધનુષ્ય તોડવાની સરત હતી, તે ધનુષ્ય રામે તોડ્યું તેથી જનકે રામ સાથે સીતા પરણાવી.

પ્ર૦ રામે વનવાસ શાથી લીધો ?

ઉ૦ દસરથને કેકે કરીને રાણી હતી, તેના પર એકવાર તે રાજી થયો ત્યારે વરદાન માગવા કહ્યું. ત્યારે કેકેએ કહ્યું કે હું તે વાર માગું ત્યારે આપજો. પછી જ્યારે રામને ગાદી આપવા માંડી ત્યારે કેકેએ વરદાન માગ્યું કે મારા કુંવર ભરતને આપો ને રામને ૧૨ વરસ વનવાસ આપો. પિતાનું એ વચન પાળવા રામ રાજ છોડી વનમાં ગયા.

પ્ર૦ રાવણ સીતાનું હરણ શા માટે કરી ગયો ?

ઉ૦ રાવણની બેન સુર્પનખા રામને પરણવા આવી હતી, તેના નાક કાન કાપીને રામે કાઢી મુકી હતી, તે વેર લેવા રામ ને લક્ષ્મણ શિકાર કરવા ગયા હતા ત્યારે લાગ જોઇ રાવણ સીતાનું હરણ કરી ગયો.

પ્ર૦ રામ ને રાવણની લડાઈમાં રામના પક્ષમાં કોણ હતું ?

ઉ૦ દક્ષિણ હિંદુસ્તાનનાં કિસ્કંધા નગરીનો રાજા સુગ્રીવ ને તેના સરદારો હનુમાન, નીલ, અંગદ, નલ વગેરે હતા. એ પ્રજા જંગલી હતી માટે તેમને વાનર કહેતા હતા. રાવણનો ભાઈ વિભિષણ પણ રામના પક્ષમાં હતો.

પ્ર૦ રામ ને રાવણની લડાઈમાં શું થયું ?

ઉ૦ રાવણ ને તેના ભાઈ કુંભકરણ અને રાવણના દીકરા ઈંદ્રજીતાદિને મારીને રામ સીતાને લઇ અયોદ્યે આવ્યા ને લંકાનું રાજ્ય વિભિષણને આપ્યું.

પ્ર૦ રામાયણ ને મહાભારત કોણે બનાવ્યાં છે ?

ઉ૦ વાલ્મિક રૂષિએ રામાયણ ને વ્યાસમુનીએ મહાભારત રચ્યું છે.

પ્ર૦ મહાભારતમાં શાનું વર્ણન છે ?

ઉ૦ ચંદ્રવંશી રાજાઓનું વર્ણન છે ને તેમાં મુખ્યત્વે કૌરવ ને પાંડવનું યુદ્ધ છે.

પ્ર૦ કૌરવ ને પાંડવ કોણ હતા ?

ઉ૦ ચંદ્રવંશી ભરતના વંશમાં હસ્તિનાપુરમાં ધૃતરાષ્ટ્ર રાજા રાજ કરતો હતો, તેને સો દીકરા હતા, તે કૌરવ કહેવાતા હતા. ધૃતરાષ્ટ્રના ભાઈ પાંડુને પાંચ દીકરા હતા, તે પાંડવ કહેવાતા હતા. કૌરવોમાં દુર્યોધન, દુસ્શાશન વગેરે હતા; ને પાંડવોમાં યુધિષ્ઠિર, અરજુન, ભીમ, નિકુળ ને સહદેવ હતા.

પ્ર૦ તેમને અણબનાવ શાથી થયો?

ઉ૦ પાંડુ પોતાના નાના છોકરા મુકીને મરણ પામ્યાથી તેઓ કાકાના દરબારમાં ઉછર્યા. ત્યાં તેઓ દ્રોણના હાથ નીચે ધનુર્વિદ્યા શિખ્યા. પાંડવો બળવાન ને હોંશીયાર થયા તેથી તેઓ રાજમાં ભાગ પાડશે એવી દુર્યોધનને અદેખાઇ આવી. તેથી એ પિત્રાઈઓ વચ્ચે વૈર બંધાયું.

પ્ર૦ એ વૈરમાં વધારો શાથી થયો ?

ઉ૦ પંચાલદેશના રાજાને દ્રૌપદિ નામે કુંવરી હતી તેને પરણાવવા સ્વયંવર રચ્યો હતો. તેમાં ઉંચે ટાંગેલા મચ્છનું પ્રતિબિંબ નીચે પાણીમાં પડતું હતું તે પ્રતિબિંબમાં જોઇ મચ્છને વીંધવાની સરત હતી; તે કોઇથી ન વીંધાયો, અરજુને તેમ કર્યાથી દ્રૌપદી પાંચે ભાઇને પરણાવી. તેથી દુર્યોધનના મનમાં વૈરનો વધારો થયો.

પ્ર૦ એ વૈરનું પરિણામ શું થયું?

ઉ૦ એ ટંટો પતાવવાને ધૃતરાષ્ટ્રે રાજ્યના બે ભાગ પાડી એકભાગ પાંડવને અને એક કૌરવને આપ્યો. ઇંદ્રિપસ્થ વસાવી પાંડવો ત્યાં રહ્યા.

પ્ર૦ પાંડવોને વનવાસ શાથી જવું પડ્યું?

ઉ૦ ઇંદ્રિપ્રસ્થમાં યુધિષ્ઠિર રાજાએ રાજસુયજ્ઞ કર્યો, તેમાં બહુ માન મળ્યાથી દુર્યોધનને અદેખાઇ આવી, તેથી તેણે તેને જુગટું રમવા બોલાવ્યો, તેમાં યુધિષ્ઠિર રાજ હારી બેઠા ને ૧૨

બરસ વનવાસ રહેવું પડયું.

પ્ર૦ પાંડવ કૌરવને લઢાઈ થવાનું કારણ શું ?

ઉ૦ પાંડવના મામાના દીકરા કૃષ્ણ જાદવનું રાજ દ્વારકામાં હતું, તે કૃષ્ણ પાંડવના તરફથી હસ્તિનાપુર વિષ્ટી કરવાને અરધું રાજ માગવા ગયા, દુર્યોધને તે ન માન્યું તેથી લઢાઈ થઈ.

પ્ર૦ એ લઢાઇમાં શું થયું?

ઉ૦ પાંડવ તરફથી દ્રુપદ, કૃષ્ણ વગેરે લઢવાને આવ્યા, અરાઢ દિવસ કુરૂક્ષેત્ર (પાણીપત)માં લઢાઈ થઈ. તેમાં કૌરવો માર્યા ગયા ને પાંડવોને રાજ મળ્યું. પણ પોતાના પિત્રાઇઓના નાશથી ઉદાસ થઈ પાંડવો રાજ છોડી હિમાલયપર ચઢયા ને પરલોક પામ્યા.

પ્ર૦ પાંડવો ગયા પછી એ રાજ કાને મળ્યું ને તે કયારે ?

ઉ૦ અરજુનના દીકરા અભિમન્યુના કુંવર પરિક્ષતને રાજ સોંપી પાંડવો ગયા. એ વાત સુમારે પાંચ હજાર વર્ષ ઉપર બની.

પ્રકરણ ૨ જું.

પ્ર૦ પ્રાચીન કાળમાં પરદેશી રાજાઓ કયે માર્ગે આ દેશપર સ્વારીઓ કરતા?

ઉ૦ અફગાનિસ્તાનમાં થઈ ખૈબરઘાટને માર્ગે.

પ્ર૦ પહેલ વહેલો કયા પારસી રાજાએ આ દેશ ઉપર હુમલો કર્યો ને કયારે ?

ઉ૦ ઈ. સ. પૂ ૫૧૮ માં દરવેશ ગુસ્તાસ્પે હુમલો કર્યો ને સિંધુ કાંઠાનો મુલક જીતી લઈ ત્યાં પોતાનો એક હાકેમ નીમ્યો.

પ્ર૦ તે પછી બીજો કયો રાજા હિંદુસ્તાનપર ચઢી આવ્યો ?

ઉ૦ ગ્રીસદેશનો મહાન્ સિકંદર પારસી દેશ જીતીને ઇ. સ.પૂ૩૨૭ માં હિંદુસ્તાન ઉપર ચઢી આવ્યો. તે વખતે પંજાબમાં પોરવરા-

ના રાજ કરતો હતો. તેણે ગુજરાત ગામ આગળ લઢાઇ કરી તેમાં તે હાર્યો, પણ સિકંદરે દયા કરી તેનું રાજ પાછું સોંપ્યું.

પ્ર૦ મૌર્યવંશના રાજા કોણ ને કયાં થયા?

ઉ૦ મગધમાં મહાભારતના વખતમાં જરાસંધ રાજા હતો. તેના વંશમાં કેટલાક રાજા થયા, પછી બુધના વખતમાં બિંબિસાર અને અજાતશત્રુ રાજા થયા. અજાતશત્રુથી છઠો રાજા નંદ થયો. નંદના વંશમાં નવ રાજા થયા. નવમા નંદના વખતમાં સિકંદર હિંદુસ્તાનમાં આવ્યો. નવમા નંદના અનૌરસ પુત્ર ચંદ્રગુપ્તે પંજાબ જીત્યું ને મગધની ગાદીએ બેઠો. ઈ. સ. પૂ. ૩૧૫. એ ચંદ્રગુપ્તના વંશજો મૌર્યવંશી કહેવાયછે.

પ્ર૦ ચંદ્રગુપ્તના રાજ ઉપર કોણે સ્વારી કરી ને તેનું શું થયું?

ઉ૦ સિકંદરના મૂઆ પછી તેના રાજના ભાગ પડયા. તેમાં ઇરાન વગેરે સેલ્યુકસ નામેસરદાર દબાવી બેઠો. એ સેલ્યુકસે ચંદ્રગુપ્ત ઉપર સ્વારી કરી પણ તેમાં તેનું નહિ ફાવ્યાથી પોતાની કુંવરી ચંદ્રગુપ્તને પરણાવી સલાહ કરી.

પ્ર૦ ચંદ્રગુપ્ત પછી કોણ ગાદીએ બેઠું?

ઉ૦ તેનો દીકરો મિત્રગુપ્ત ઈ. સ. પૂ. ૨૯૧ માં ગાદીએ બેઠો. તે પણ પરાક્રમી હતો. તેનું બીજું નામ બિંદુસાર હતું.

પ્ર૦ બિંદુસાર પછી કોણ ગાદીએ બેઠું?

ઉ૦ તેનો દીકરો અશોક પ્રિયદર્શી નામ ધારણ કરી ગાદીએ બેઠો તેણે અફઘાનિસ્તાન વગેરે જીતી લીધું. એ મહાપ્રતાપી રાજા હતો.

પ્ર. તે વખતના લોકોની સ્થિતિ રીતભાત રાજનીતિ કેવી હતી?

ઉ૦ તે વેળા શુદ્રોનું દાસત્વ ગયું હતું પરંતુ બીજો જાતિભેદ મનુસ્મૃતિ પ્રમાણે હતો. બ્રાહ્મણો નેં જોગીઓ સખ્ત તપ કરતા; લોકો ઉદ્યોગી ને પૈસાવાળા હતા; દરજીનો હુનર પણો નહોતો પણ

સુતાર, લુહાર ને વણકરનો હુનર હતો; ખેતીની રીત આજના જેવી હતી; સમુદ્રમાર્ગે વેપાર કરવા શીઆમ ને જાવે જતા ને ત્યાં વસતા; સ્ત્રીઓમાં લાજ કરવાનો રીવાજ નહોતો; સ્ત્રીઓ ધણીની કે વાલીના ત્રાજામાં રહેતી પણ તેમને ઘટિત માન મળતુ; સતી થવાનો ચાલ નવો નીકળ્યો હતો; પોલીસનો બદોબસ્ત સારો હોવાથી જાન માલનું રક્ષણ થતું. પંચ મારફતે રાજા ને કારભારીઓ ઇનસાફ કરતા, ગામનો બદોબસ્ત મુખી પટેલ રાખતા ને તેઓ સરકારી નોકર ગણાતા. નોકરીના બદલામાં તેમને જમીન મળતી. તે વખતના લોકો સાચા, પ્રમાણિક, સાદા, શાંત, ઉદ્યોગી ને નિર્વ્યસની હતા.

પ્ર૦ બૌદ્ધ ધર્મ કયા રાજાએ વધારે ફેલાવ્યો?

ઉ૦ મૌર્યવંશી અશોકે. એણે બળાત્કારે પોતાનો ધર્મ મનાવ્યો નહીં. પણ તિબેટ, બ્રહ્મદેશ, શીઆમ, ચીન, લંકા, જાવા વગેરે ઠેકાણે ઉપદેશ કરવાને જતિઓ મોકલ્યા, અને પાલી ભાષામાં પુસ્તકો રચાવ્યાં.

પ્ર૦ જૈન ધર્મ તે કયો?

ઉ૦ બૌધ ધર્મમાંથી એ મત નીકળ્યો છે. પણ જૈનમાર્ગી જાતિભેદ પાળેછે. વેદ ને પુરાણના દેવોને ઇનકાર કરતા નથી, પણ મહાવીરસ્વામી, પારસનાથ ઇત્યાદિ ૨૪ તિર્થંકરોને એ દેવોથી શ્રેષ્ઠ માને છે. ને તેમને પરમેશ્વર કહેછે ને માત્ર તેમનેજ પૂજેછે. બૌદ્ધની પેઠે તેઓ પણ જીવહિંસા ન કરવી, વ્રત ઉપવાસ કરવા. જગકર્તા નથી ને કર્મ બંધ થાય ત્યારે આત્મા મુકિત પામે એવું માનેછે. એ મતનું જોર ગુજરાત ને દક્ષિણમાં વધારે હતું. સુમારે ઇ. સ. ૬૦૦ થી ઇ. સ. ૧૨૦૦ સુધી એ ધર્મનું પરિબળ વિશેષ હતું.

પ્રકરણ ૩ જું.

પ્ર૦ આપણા લોકોને હિંદુ શાથી કહેછે?

ઉ૦ આપણે આર્ય લોકો છીએ પણ સિંધુને કાંઠે વસનારાને ફારસીમાં હિંદુ કહ્યા છે. તે ઉપરથી બધા આર્યોનું નામ હિંદુ પડ્યું. ને તેમના રહેઠાણનું નામ હિંદુસ્તાન પડ્યું.

પ્ર૦ મૌર્યરાજ નરમ પડયા પછી કયાં રાજ્યો બળવાન થયાં?

ઉ૦ બાકત્રિયા(બલ્ખરાજધાની)ના ગ્રીક રાજનો અમલ પંજાબ, સિંધ ને ગૂજરાતમાં થયો જણાય છે. એ રાજ પાર્થિઓના શક લોકે જીત્યું. તેમની પાસેથી કાબુલના રજપૂતોએ જીત્યું. મુસલમાન થયા પછી એ રજપૂતોની રાજધાની લાહોરમાં થઈ.

પ્ર૦ પ્રાચીનકાળમાં ગૂજરાતમાં કયા કયા વંશનાં રાજ્યો થયાં?

ઉ૦ પ્રથમ દ્વારિકામાં જાદવ થયા. તે પછી ગૂજરાત અશોકના તાબામાં આવી ત્યાં સુધી કયા રાજા થયા તે જણાતું નથી. અશોક પછી બાકત્રિઆના શાહવંશના રાજાને તાબે ગૂજરાત ગઈ. પછી ગુપ્તવંશના રજપૂતોનું વલ્લભીપુરમાં રાજ થયું ને તે પછી ચાવડા રાજ થયું. ચાવડા પછીની વાત ગૂજરાતના ઈતિહાસમાં છે.

પ્ર૦ મગધમાં મૌર્ય રાજ તૂટયા પછી કયાં રાજ્યો થયાં?

ઉ૦ મૌર્ય પછી સંગાકૂળના રાજા ઇ. સ. પૂ. ૮૬ સુધી થયા. પછી કન્યાવંશ ઇ. સ. ૩૧ સુધી ને તે પછી અગ્નિ કુળની આંધ્ર શાખાનું રાજ બળવાન થયું.

પ્ર૦ આંધ્રકુળનું રાજ કયાં કયાં હતું?

ઉ૦ મગધ, માળવા, વરંગુળ આદિ ઠેકાણે હતું. એ રાજ ઈ. સ. ૪૩૬ સુધી આબાદ હતાં ને કેટલાંક તો મુસલમાન આવતાસુધી હતાં.

પ્ર૦ આંધ્રરાજાની પરમાર શાખાના કયા રાજા બળવાન થયા?

ઉ૦ વિક્રમ ને ભોજ એ બંને માળવામાં થયા. એ પરાક્રમી

વિદ્યાહુન્નરને ઉત્તેજન આપનાર ને રૈયતને સુખ આપનાર હતા.

પ્ર૦ વિક્રમનો શક શાથી ચાલ્યો ?

ઉ૦ એણે શક લોકોને મારી કહાડ્યા માટે. એ વિક્રમ પરદુઃખ ભંજન કહેવાય છે.

પ્ર૦ એ પરમાર રાજ્ય કોણે જીત્યું ?

ઉ૦ ભોજના પૌત્ર યશોવરમાન પાસેથી સિદ્ધરાજે જીત્યું હતું. તે કેટલીક મુદતે સ્વતંત્ર થયા પછી મુસલમાનોએ ઈ.સ.૧૨૩૧માં જીત્યું.

પ્ર૦ તે વખતે કનોજમાં કયા લોકોનું રાજ હતું.

ઉ૦ ગુપ્તવંશની રાઠોડ જાતનું રાજ હતું. એ રાજ મુસલમાનોએ ૧૧૯૩ માં જીત્યું. ત્યારથી રાઠોડોએ જોધપુરનું રાજ સ્થાપ્યું

પ્ર૦ બંગાળા (ગૌડ) માં કયા કુળના રાજા થયા ?

ઉ૦ મહાભારતના વખતથી ઈ. સ. ૧૨૦૩માં મુસલમાન આવ્યા ત્યાં સુધી ચાર કુળના રાજા થયા. તેમાં ત્રીજું પાલ કુળ બૌદ્ધ માર્ગી હતું. તેમાં દેવપાળદેવ પ્રખ્યાત રાજાધિરાજ થયો.

પ્ર૦ રાજાધિરાજ કોને કહેતા.

ઉ૦ જે રાજા બળવાન થઈ બીજા રાજાઓને જીતી ખંડીઆ કરે તે રાજા રાજાધિરાજ કહેવાતા. તે પ્રમાણે ચંદ્રગુપ્ત, અશોક, વિક્રમ વગેરે રાજાધિરાજ થઈ ગયા છે.

પ્ર૦ મુસલમાન હુમલા કરવા લાગ્યા તે વખતે નર્મદાની ઉત્તરમાં કયાં કયાં મોટાં રાજ્યો હતાં ?

ઉ૦ પંજાબ, દીલ્લી, કનોજ, બંગાળા, મેવાડ ને ગુજરાત, એ છ રાજ્યો બળવાન હતાં.

પ્ર૦ તે વખતના પંજાબના રાજકુળને અશ્વનંદી શામાટે કહેછે?

ઉ૦ એ રાજાના સિક્કામાં એક તરફ આખલાનો ને એક તરફ ઘોડેસ્વારનો આકાર હતો તે ઉપરથી.

પ્ર૦ તે વખતના ગુજરાતના રાજાની હદ ક્યાં સુધી હતી ?

ઉ૦ સિદ્ધરાજ આદિ પ્રતાપી રાજાના વખતમાં એ રાજાની આણુ કોકણુ, કોલ્હાપુર, માળવા, મેવાડ ને સિંધ સુધી ફરતી.

પ્ર૦ દક્ષિણુ હિંદુસ્તાનમાં મુસલમાનો આવતાં પહેલાં ક્યાં પ્રખ્યાત રાજ્યો હતાં?

ઉ૦ દક્ષિણુમાં અનાર્ય લોકો હતા. તેમના ઉપર ઉત્તર તરફથી આર્ય લોકે આવી રાજ સ્થાપ્યાં. તેમાં મધુપુરી (મદુરા)માં પાંડય વંશનું ને કાંચી (કાંજેવરમ) માં ચોળવંશનું એ રાજ બળવાન હતાં.

પ્ર૦ એ અનાર્ય લોકો ઉપર પહેલાં કોણે સ્વારી કરી હતી ?

ઉ૦ રામચંદ્રે કરીને લંકા જીતી. પછી મગધના ચંદ્રગુપ્તે, પછી કાશ્મીરના ગોનાર્દ કુળના મેઘવાહને; અને તે પછી બંગાળાના દેવપાળદેવે કરી હતી.

પ્ર૦ એ દેશ (દ્રાવિડ) માં પ્રથમ સુધારો કોણે દાખલ કર્યો ?

ઉ૦ અગસ્તરૂષિએ એ ભાગમાં ખેતી ને હુન્નર દાખલ કર્યો ?

પ્ર૦ ચૌળ ને પાંડય કુળનાં રાજ સિવાય દક્ષિણુમાં બીજાં ક્યાં રાજ્યો થયાં હતાં ?

ઉ૦ ત્રાવણુકોર, મલબાર ને મ્હૈસુરના આથમણા ભાગ ઉપર ચેરા કુળનું, પૈઠણુમાં શાલીવાહનનું, કલ્યાણુમાં ચાલુક્યો (સોળંકી) નું, ને વરંગુળમાં આંધ્રકુળનું રાજ હતું.

પ્ર૦ ચેરાકુળનું રાજ પડી ભાગ્યા પછી ત્યાં કયું રાજ થયું ?

ઉ૦ ઈ. સ. ના દશમા સૈકા લગી એ રાજ હતું. તે પછી મ્હૈસુરના ઉત્તર ભાગમાં દ્વારસમુદ્રમાં રાજ થયું. તે રાજા શ્રાવક હતા પણુ ઈ. સ. ૧૧૩૩માં વિષ્ણુ વર્ધમાન રાજાને રામાનુજ સ્વામીએ વૈષ્ણુવ કર્યો. એ રાજ ઈ. સ. ૧૩૧૦ માં મુસલમાનોએ તોડયું.

પ્ર૦ શાલીવાહનનો શક શાથી ચાલ્યો.

ઉ૦ એ કુંભારનો છોકરો હતો. પણ બ્રાહ્મણોને તેણે બુદ્ધોના જુલમમાંથી છોડાવ્યા તેથી તેમણે તેનો શક ચલાવ્યો.

પ્ર૦ કલ્યાણમાં ચાલુક્યો ક્યાંથી આવેલા?

ઉ૦ અયોધ્યાથી આવી એ રાજ સ્થાપેલું. એ રાજા આગળ જતાં જૈન ધર્મને આશરો આપનાર થયા. ઈ. સ. ૧૧૮૨માં એ રાજ તૂટયા પછી દેવગઢ (દોલતાબાદ)ના જાદવોને હાથ ગયું.

પ્ર૦ એ ભાગમાં લિંગાયત પંથ કોણે ચલાવ્યો?

ઉ૦ બસાપ્પા નામે બ્રાહ્મણે.

પ્ર૦ વરંગુળમાં આંધ્રકુળના રાજા ક્યાંથી આવેલા?

ઉ૦ મગધથી.

પ્ર૦ ઓઢીઆ ને કટકમાં તે વખતે કોનાં રાજ હતાં?

ઉ૦ ઓઢીઆમાં કેશરી વંશના રાજા ઈ૦ સ૦ ૧૧૩૧ સુધી ને કટકમાં ગજપતિ રાજા ઇ. સ. ૧૫૬૮ સુધી હતા ને મેદનીપુરની પાસે ગંગાવંશના રાજાનું રાજ હતું.

પ્રકરણ ૪ થું.

પ્ર૦ મુસલમાની ધર્મ કોણે ને શી રીતે ચલાવ્યો?

ઉ૦ અરબસ્તાનના મક્કા શહેરમાં હજરત મહમદે એ ધર્મનો ઉપદેશ કર્યો. તેની સામા લોકો થયા. મહમદ નાસીને મદીને ગયો ને શિષ્યો વધાર્યા. આરબ રાજા તેની સામા લઢયા પણ હાર્યા ને થોડી મુદતમાં આખો અરબસ્તાન મુસલમાની ધર્મમાં આવ્યો.

પ્ર૦ મુસલમાની સન શાથી પડયો?

ઉ૦ મુસલમાની સનને હીજરી કહેછે. એ સન મહમદ ઇ. સ. ૬૨૨ માં મક્કેથી મદીને નાસી ગયો ત્યારથી પડયો કેમકે અરબીમાં નાસવાને હીજરી કહેછે.

પ્ર૦ હજરત મહમદનો ઉપદેશ શો હતો ?

ઉ૦ પરમેશ્વર એક છે, પરમેશ્વરનો પેગંબર મહમદ છે, મૂર્ત્તિપૂજા કરવી નહિ, બધા મુસલમાન ભાઇ છે, ધર્મને માટે રણમાં પડે તે સ્વર્ગે જાય, ને બીજાને મુસલમાની ધર્મમાં લેવામાં મોટું પુણ્ય છે એમ શીખવ્યું ને તેથી તેનો ધર્મ જલદી ફેલાયો.

પ્ર૦ મહમદની ગાદીએ આવનારને શું કહેતા?

ઉ૦ મહમદ પછી એના શિષ્યો ગાદીએ બેઠા તે ખલીફા કહેવાતા.

પ્ર૦ પહેલ વહેલી કયા મુસલમાને હિંદુસ્તાન ઉપર સ્વારી કરી ને તેણે શું કર્યું ?

ઉ૦ બસરાના સુબાએ મહમદ કાસિમ નામે સરદારને હિંદુસ્તાન પર સ્વારી કરવા મોકલ્યો, તેણે સિંધના દાહીર રાજાને હરાવી સિંધ જીત્યું. પણ તે મરાયાથી રજપૂતો ફરી સિંધમાં સ્વતંત્ર થયા.

પ્ર૦ કાસિમ પછી હિંદુસ્તાન ઉપર કયા મુસલમાને સ્વારી કરી?

ઉ૦ ગીજનીમાં અલપ્તગીને મુસલમાની રાજ સ્થાપ્યું હતું. તેના પછી તેનો જમાઈ સબકતગીન થયો; તેણે ઈ. સ. ૯૭૭માં પંજાબ ઉપર સ્વારી કરી.

પ્ર૦ એ સ્વારીમાં શું થયું ?

ઉ૦ પંજાબનો અશ્વનંદી કુળનો રાજા જયપાળ લડ્યો પણ હાર્યો. તેથી દિલ્લી, અજમેર, કલિંજર ને કનોજના રાજાને મદદે બોલાવી ફરી લડ્યો, પણ હાર્યો, ને સબકતગીન લૂટ કરી પાછો ગયો.

પ્ર૦ સબકતગીન પછી હિંદુ દેશ ઉપર કોણે સ્વારી કરી ?

ઉ૦ તેના પુત્ર મહમદે.

પ્ર૦ મહમદે કયાં કયાં ને કેટલી સ્વારીઓ કરી ને તેમાં શું કર્યું?

ઉ૦ મહમદે ૧૨ સ્વારીઓ કરી. ૧ લી જયપાળ ઉપર, પછી ભાટીઆના રાજા ઉપર, જયપાળના દીકરા અનંગપાળ ઉપર, નગર

કોટ (કાંગ્રગઢ) ઉપર, થાણેશ્વર ઉપર, કાસ્મીર ઉપર, કનોજ ઉપર, મથુરાં ઉપર, કલિંજર ઉપર ને ગુજરાત ઉપર. કાસ્મીર ઉપર બે વાર ચઢયો પણ હાર્યો. બાકીની સ્વારીઓમાં શહેરો લૂટયાં, દેવળો તોડયાં, મૂર્ત્તિઓ ભાગી, લોકોને બળાત્કારે વટાળ્યા ને ગુલામ કર્યા ને પુષ્કળ ધન લેઇ જઇને ગીજનીમાં ભર્યું.

પ્ર૦ મહમદે કયું રાજ ખાલસા કર્યું હતું ને તે શાથી?

ઉ૦ કલિંજર ઉપર મહમદે સ્વારી કરી ત્યારે ત્યાંના રાજાને લાહોરના રાજા અનંગપાળના કુંવર જયપાળ બીજાએ મદદ કરી માટે પંજાબ ખાલસા કર્યું.

પ્ર૦ મહમદના વંશજોના હાથમાંથી એનું રાજ કોના હાથમાં ગયું?

ઉ૦ ગીજની ને હિરાત વચ્ચેના ઘોર પ્રાંતના લોકોએ ગીજનીમાં રાજ સ્થાપ્યું તેથી તે ઘોરી વંશ કહેવાયછે.

પ્ર૦ ઘોરીવંશના કયા સુલતાને હિંદપર સ્વારી કરી ને કેટલી?

ઉ૦ મહમદ ઘોરીએ (શાહબુદીને) નવ સ્વારી કરી.

પ્ર૦ એ સ્વારીઓ કયાં કરી ને તેમાં શું થયું ?

ઉ૦ ગૂજરાત, દિલ્લી, કનોજ, પંજાબ વગેરે ઉપર સ્વારીઓ કરીને છેવટે દિલ્લીમાં મુસલમાની રાજ્ય સ્થાપી ત્યાં પોતાનો કુતબુદીન નામે સૂબો મૂકયો.

પ્ર૦ દિલ્લીનું રાજ કોની પાસેથી જીતી લીધું?

ઉ૦ અજમેરના સોમેશ્વરનો દીકરો પૃથુરાજ દિલ્લીમાં હતો તેને મામાની ગાદી મળી હતી. તેણે એકવાર મહમદને હરાવ્યો, પણ બીજી વાર પૃથુરાજ હાર્યો. ઈ. સ. ૧૧૯૩. એમાંની પહેલી લઢાઇ પાણીપતમાં ને બીજી થાનેશ્વર આગળ થઈ.

પ્ર૦ શાહબુદીન કયારે ને શાથી મરી ગયો ?

ઉ૦ ગકકર નામે પહાડી લોકોને એણે હરાવ્યા હતા. તેમણે વેર

રાખી છાનામાના તંબુમાં પેસી ઇ. સ. ૧૨૦૫ માં મારી નાંખ્યો.

પ્ર૦ રજપૂત રાજ્યોની પડતી થવાનાં કારણ શાં?

ઉ૦ મુસલમાન જેવી બળવાન પ્રજા નજીક આવ્યા છતાં રજપૂતો માંહોમાંહે કુસંપ કરી લઢી મુવા. રજપૂત સંખ્યા ઘટી, ને બીજી જાતિબંધનને લીધે ઉમેરાઇ નહીં તેથી તેમનું બળ ઘટ્યું, અને મુસલમાન ફાવી શક્યા.

પ્રકરણ ૫ મું.

પ્ર૦ દિલ્લીમાં મુસલમાની રાજ ક્યારે થયું ને કોણે સ્થાપ્યું?

ઉ૦ ઈ. સ. ૧૨૦૬માં શાહબુદીનના સરદાર કુતુબુદીને સ્થાપ્યું.

પ્ર૦ કુતુબુદીનના વંશના ગુલામ પાદશાહ શાથી કહેવાયછે?

ઉ૦ એ પાદશાહ જાતે તો પઠાણ હતા, પણ પ્રથમ ગુલામ હતા ને તે સ્થિતિમાંથી વધીને રાજા થયા હતા માટે.

પ્ર૦ ગુલામ પાદશાહ કયા કયા ને ક્યારે થયા?

ઉ૦ કુતુબુદીન ઈ.સ. ૧૨૦૬માં, આરામ ૧૨૧૦, અલ્તમસ ૧૨૧૦ રૂકનુદીન ૧૨૩૫, રજીઆબેગમ ૧૨૩૬, બેહેરામ ૧૨૩૯, મસુદ ૧૨૪૧ નાસરૂદીન ૧૨૪૬, બલબન ૧૨૬૫ ને કૈકુબાદ ૧૨૮૭ માં થયો.

પ્ર૦ કુતુબુદીનનું કયું કામ હાલ હયાત છે?

ઉ૦ કુતુબમીનાર ચણાવ્યો હતો તે.

પ્ર૦ અલ્તમસ કેવો રાજા હતો?

ઉ૦ એ કુતુબુદીનનો ગુલામ ને જમાઈ હતો. તે આરામને મારી ગાદીએ બેઠો. એણે મુલતાન, ઉત્તર સિંધ, બંગાળા, બહાર, ને માળવાનાં રાજ જીતી લીધાં.

પ્ર૦ અલ્તમસ પછી જાણવા જોગ પાદશાહ કયો થયો?

ઉ૦ રજીઆબેગમ, એ બાઇ હોશિયાર હોવાથી તેણે રાજ્યનો બંદોબસ્ત કરી રૈયતને ઇનસાફ આપ્યો.

પ્ર૦ નાસરૂદ્દીન કેવા ગુણનો હતો ?

ઉ૦ ભલો ને સદ્‌ગુણી હતો, તેથી તેના રાજ્યનો બંદોબસ્ત તેના વજીર બલબનને હાથ હતો.

પ્ર૦ નાસરૂદ્દીન પછી ગાદીએ કોણ બેઠો ને તે કેવો હતો ?

ઉ૦ બલબન. તે બહાદૂર હતો, તેણે તુર્ક સરદારોને તાબે કર્યા ને જે રજપૂત રાજાઓ લડવા ઉઠ્યા હતા તેમને હરાવ્યા તથા બંગાળાનું બંડ સમાવ્યું.

પ્ર૦ બલબન પછી ગાદીએ કોણ બેઠું ?

ઉ૦ બલબનના દીકરાબકારાખાંનો પુત્ર કૈકુબાદ ઈ. સ. ૧૨૮૭.

પ્ર૦ કૈકુબાદનું રાજ્ય કોણે અને શી રીતે લઈ લીધું ?

ઉ૦ તેના વજીર જલાલુદ્દીન ખીલજીએ તેને મારીને લીધું.

પ્ર૦ ગુલામવંશના કયા પાદશાહોપર મુગલોએ હુમલા કર્યા ?

ઉ૦ બહેરામ, નાસરૂદ્દીન ને બલબન.

પ્ર૦ ખિલજીવંશના પાદશાહો કોણ કોણ અને કયારે થયા?

ઉ૦ જલાલુદ્દીન ઈ.સ. ૧૨૯૦, ઇબ્રાહીમ ૧૨૯૫, અલાઉદ્દીનખુની ૧૨૯૫, ઉમર ૧૩૧૫, મુબારક ૧૩૧૬, ખુશરૂ ૧૩૨૦

પ્ર૦ જલાલુદ્દીન કેવા ગુણનો પાદશાહ હતો ?

ઉ૦ કૈકુબાદ ને સીદીમૌલાને મારી હત્યા કરી ખરી, પણ બાકીનાં કામ દયાવાળાં હતાં, તેથી રાજ્યમાં અવ્યવસ્થા થઈ.

પ્ર૦ જલાલુદ્દીન પછી કયો રાજા થયો ને તેણે કેવીરીતે રાજ્ય મેળવ્યું?

ઉ૦ પોતાના કાકા જલાલુદ્દીનને મારી અલાઉદ્દીન પાદશાહ થયો

પ્ર૦ જલાલુદ્દીનને તેણે કેવી રીતે માર્યો ?

ઉ૦ અલાઉદ્દીને દક્ષિણમાં દેવગિરિના રાજા રામદેવ ઉપર ચઢાઈ કરી હતી, ત્યાંથી જીતી પાછો આવ્યો, તેને જલાલુદ્દીન મળવા આવ્યો. મુલાકાત વખતે અલાઉદ્દીને મારી નંખાવ્યો.

પ્ર૦ અલ્લાઉદ્દીને ગાદીપર બેઠા પછી કયાં ઘાતકી કામ કર્યાં?

ઉ૦ જલાલુદ્દીનની બેગમને તથા તેના બે શાહજાદાને વિશ્વાસઘાત કરી મારી નંખાવ્યા.

પ્ર૦ અલ્લાઉદ્દીને કયાં કયાં રાજ્યો જીતી લીધાં?

ઉ૦ ગૂજરાત, ખાનદેશ, વરંગુળ, કર્ણાટક ને મલબારથી કન્યાકુમારી સુધી.

પ્ર૦ અલ્લાઉદ્દીનના મુખ્ય સરદારો કયા હતા ?

ઉ૦એનો ભાઈ અલીફખાં,સેનાપતિ અલપખાં,ને તેનો ગુલામ કાફુર.

પ્ર૦ એણે ગૂજરાત શી રીતે અને કોની પાસેથી મેળવી ?

ઉ૦ ગૂજરાતના છેલ્લા રાજા કરણ વાઘેલાનો પ્રધાન માધવ હતો, તેની પદ્મણી સ્ત્રીને રાજાએ લઈ લીધી તેથી તે અલ્લાઉદ્દીનને મળ્યો. પાદશાહે અલીફખાં તથા અલપખાંને ફોજ આપી ગૂજરાત મોકલ્યા. તેમણે ગૂજરાત જીતી.

પ્ર૦ અલ્લાઉદ્દીનના વખતમાં કયો મુગલ સરદાર ચઢી આવ્યો, ને તેને કોણે હરાવ્યો?

ઉ૦ કતલઘખાં ઈ. સ. ૧૨૯૮ માં ચઢી આવ્યો. તેને અલ્લાઉદ્દીનના સરદાર જાફરખાંએ હરાવ્યો.

પ્ર૦ અલ્લાઉદ્દીનનું મોત શી રીતે થયું?

ઉ૦ તેને તેના ગુલામ સરદાર કાફુરે ઝેર દઈને માર્યો.

પ્ર૦ મુબારકને શી રીતે ગાદી મળી ?

ઉ૦ કાફુરે અલ્લાઉદ્દીનના બીજા છોકરાઓની આંખો ફોડી મુબારકને મારવા મારા મોકલ્યા તે મારાઓએ તેનેબચાવ્યો.રાયરક્ષકસ્વારોના જમાદારેતેના પક્ષમાં થઇ કાફુરનેમરાવ્યો.તેથી મુબારક પાદશાહથયો

પ્ર૦ મુબારક કેવા ગુણનો પાદશાહ હતો ?

ઉ૦ રંડીબાજ, દારૂડીઓ, હત્યારો ને ક્રૂર હતો. તેથી તેણે પોતાના રાજ્યનો કારભાર મુસલમાન થયેલા ઢેડ ખુશરૂખાંને સોંપ્યો. એજ ખુશરૂખાં મુબારકને મારી ગાદીપર બેઠો.

પ્ર૦ ખુશરૂખાએ ગાદીએ બેઠા પછી શા કામ કર્યા ?

ઉ૦ પાદશાહી કુટુંબના દરેક મર્દને મારી નાખ્યા રાજ્યકુળના સગા ઉમરાવોને પણ માર્યા, અને પોતે અલ્લાઉદ્દીનના મોટા કુંવરની બેગમ દેવળદેવીને પરણ્યો, તથા બીજી બેગમોને પોતાના ઢેડ સગાઓમાં દીધી. તેથી મુસલમાન જાત કોપી પણ તે ઢેડ હોવાથી રજપૂતોએ તેને મદદ કરી નહીં, તેથી રાજ્યમાં બળવા થયા. તેમાંના પંજાબના સૂબા ગ્યાસુદીન તઘલખે આવી તેને હરાવ્યો ને માર્યો. ઈ. સ. ૧૩૨૦

પ્ર૦ તઘલખવંશના પાદશાહો કોણ કોણ ને ક્યારે થયા?

ઉ૦ ગ્યાસુદીન ઈ સ. ૧૩૨૦ મા, મહમદ ૧૩૨૫, ફીરોજશા ૧૩૫૧, ગ્યાસુદીન બીજો ૧૩૮૮, અબુબકર ૧૩૮૯, નાસરૂદીન ૧૩૮૯, સિકંદર ૧૩૯૨, મહમૂદશાહ ૧૩૯૨

પ્ર૦ ગ્યાસુદીન કેવા ગુણનો હતો, ને શી રીતે મૂઓ?

ઉ૦ તે ડાહ્યો ને ઠરેલ હતો, ખુશરૂને મારી દિલ્લીનીગાદીએ યોગ્ય પુરૂષને બેસાડવાની સરદારોને બલામણ કરી. પણ સરદારોએ તેનેજ પાદશાહ ઠરાવ્યો. એ ખેડુતના હકમાં લાભકારી ઠરાવ કરી બંગાળે ગયો. ત્યાં હજુ બકારાખાં સૂબો હતો. તેને કાયમ રાખી પાછો આવ્યો તેને આવકાર દેવાને દિલ્લી નજીક શાહજાદા મહમદે લાકડાનો ડેરો બનાવ્યો હતો. તે પડવાથી પાદશાહ ચગદાઇ મૂઓ.

પ્ર૦ મહમદ તઘલખે કેવી રીતે રાજ્ય કર્યું ?

ઉ૦ તે ભણેલો, બુદ્ધિમાન, શૂરવીર પણ ગાંડો ને દયા રહિત હતો તેથી મુસલમાન સૂબાઓ સ્વતંત્ર થયા.

પ્ર૦ તેણે ગાંડાઈનાં કયાં કામ કર્યાં ?

ઉ૦ દોલતાબાદ રાજધાની કરવાને દિલ્લીની વસ્તીને ત્યાં વસવાને ફરમાવ્યું. પોતાના મૂલકનો પૂરો બંદોબસ્ત થયા વગર ચીન ને ઈરાન ઉપર સ્વારી કરવા લસ્કર મોકલ્યું. ચીનાળનું નાણું ચલાવવાની કોશીશ કરી.

પ્ર૦ એના વખતમાં કયાં કયાં રાજ્ય સ્વતંત્ર થયાં ?

ઉ૦ બંગાળા, દોલતાબાદમાં બ્રાહ્મણી પાદશાહી ને વરંગુળ.

પ્ર૦ ફિરોજશાહે કેવાં કામ કર્યાં ?

ઉ૦ દિલ્લીની પાસે ફિરોજાબાદ શહેર વસાવી તેને માટે નહેરો ખોદાવી. તે સિવાય કૂવા, વાવ, તળાવ, કાંરા, ધર્મશાળા, પાઠશાળા વગેરે લોકોપયોગી કામ કર્યાં ને ઘાતકી સજા કરવાની મના કરી.

પ્ર૦ ફીરોજશાહની પછીના પાદશાહો કેવા હતા ?

ઉ૦ ફીરોજ પછી બે ત્રણ નબળા પાદશાહ થયા, છેલ્લો પાદશાહ મહમદ પણ નબળો હતો. તેના વખતમાં ઇ. સ. ૧૩૯૮માં પશ્ચિમ અને મધ્યએશીઆ જીતી તૈમુર દિલ્લીપર ચઢી આવ્યો. તેની રાજધાની સમરકંદમાં હતી. એનું તુર્ક અને મુગલ ધાડું દેશ લૂટતું, બાળતું અને ખૂન કરતું આવ્યું. મહમદ ગૂજરાતભણી નાશી ગયો. તૈમુર પાંચ દહાડા દિલ્લી લૂટી કતલ ચલાવી પાછો ગયો. પછી મહમદ પાછો આવી પાદશાહ થયો. તે ઇ. સ. ૧૪૧૨ માં મરણ પામ્યો.

પ્ર૦ મહમદ પછી કયા વંશના પાદશાહો કોણ કોણ ને કયારે થયા?

ઉ૦ દોલતખાં લોદીએ બે વર્ષ અમલ કર્યો. તે પછી સૈયદ ખીજરખાંએ મુલતાનથી આવી દિલ્લી લીધું. ઇ. સ. ૧૪૧૪. પછી મુબારક ૧૪૨૧, મહમદ ૧૪૨૩ ને સૈયદ આલમ ૧૪૪૩માં થયો. છેલ્લા ચારે પાદશાહો સૈયદ વંશમાં ગણાય છે.

પ્ર૦ પાદશાહોના વખતમાં જાણવા જોગ બનાવ શા બન્યા?

ઉ૦ તેમના વખતમાં કંઇ જાણવા જોગ બનાવ બન્યા નથી. મહમદના વખતમાં જુઆનપુર ને માળવાના સુલતાનોએ તેના પ્રાંતો જીતી લીધા. દિલ્લી પણ પંજાબના સૂબા બહીલોલની મદદથી બચી. એ બહીલોલને સૈયદઆલમે રાજી ખુશીથી રાજ્ય સોંપ્યું. બહિલોલ લોદી વંશનો હતો.

પ્ર૦ લોદીવંશના પાદશાહો કયા અને કયારે થયા?

ઉ૦ બહિલોલ ૧૪૫૦, સિકંદર ૧૪૮૮, ઇબ્રાહિમ ૧૫૧૭.

પ્ર૦ એ પાદશાહોના વખતમાં જાણવાજોગ બનાવ શા બન્યા?

ઉ૦ બહિલોલ જબરો પાદશાહ હતો. તેણે ઘણા સ્વતંત્ર થયેલા સૂબેદારોને તાબે કર્યા. ૨૬ વર્ષ સુધી લડી જુઆનપુર જીત્યું ને પંજાબથી બંગાળા સુધીનો મુલક તાબે કર્યો. સિકંદર જોરાવર પણ ધર્માંધ હતો, ઇબ્રાહિમ અભિમાની હોવાથી સરદારો નારાજ થયા ને પ્રાંતોમાં ફિસાદ થયો. તેથી પંજાબના સૂબા દોલતખાં લોદીએ કાબુલથી બાબરને બોલાવ્યો. તેણે ૧૫૨૬ માં પાણીપતમાં ઇબ્રાહીમને હરાવી માર્યો.

પ્ર૦ બાબર કોણ હતો?

ઉ૦ તૈમૂરના વંશમાં મોગલ જાતનો પાદશાહ હતો. તે ઈ. સ. ૧૫૨૬ માં દિલ્હીનો પાદશાહ થયો.

પ્ર૦ કાશ્મીરમાં કયા કયા કુળોએ રાજ કર્યું ?

ઉ૦ ઇ. સ. પૂ. ૩૭૧૪ થી ઈ. સ. ૧૨૯૪ સુધીમાં ગોનાર્દ, આદિત્ય, નાગ, ઉત્પાળ, વગેરે કુળોએ રાજ કર્યું.

પ્રકરણ ૬ ઠું.

પ્ર૦ કાશ્મિરમાંથી હિંદુરાજ શી રીતે ગયું ને કોણે લીધું?

ઉ૦ ઈ. સ. ૧૩૧૫ માં સેનદેવ નામે રાજા હતો, તેણે શાહમીર નામે મુસલમાનને નોકરીમાં રાખ્યો, તે આગળ જતાં પ્રધાન થયો. આગળ આણંદરાવ રાજાએ તેને કાઢી મૂકવાથી તે બળવો કરી રાજા થયો. તેણે પણ સારી રીતે રાજ કર્યું.

પ્ર૦ દિલ્હીના પાદશાહોએ કયાં હિંદુરાજ્યો ખાલસા કર્યાં?

ઉ૦ પંજાબ, આગ્રા, દિલ્હી, અજમેર, અયોદ્ધા, કનોજ, બહાર, બંગાળા, માળવા, ગૂજરાત, ખાનદેશ, દેવગઢ, કલ્યાણી ને વરંગુળ.

પ્ર૦ દિલ્હીની પાદશાહી તૂટવાથી કયાં કયાં સ્વતંત્ર રાજ થયાં?

ઉ૦ બંગાળા, જવાનપુર, માળવા ગૂજરાત, સિંધ, ખાનદેશ, અને બ્રાહ્મણી પાદશાહી.

પ્ર૦ એ રાજ્યો કોણે ને ક્યારે સ્વતંત્ર કર્યાં ને તે કોણે અને ક્યારે દિલ્હીના રાજ સાથે જોડી દીધાં ?

ઉ૦ રાજ્ય.	રાજ્યસ્થાપનાર.	રાજ્યસ્થાપવાનીસાલ.	કોણેદિલ્લીસાથે જોડ્યું.	કઇસાલમાં જોડ્યું
બંગાળા.	ફેકરૂદીન	૧૩૩૯	અકબરે	૧૫૯૦
જુવાનપુર.	કવાજાજહાન	૧૩૯૩	બહિલોલે	૧૪૭૪
માળવા	દિલાવરખાં	૧૪૦૧	ગૂજરાતનાબહાદુરેલીધુ તે.	૧૫૭૩
			ગૂજરાતસાથેઅકબરેલીધું.	૧૫૭૩
ગૂજરાત	જુફરખાં	૧૩૯૬	અકબર	૧૫૭૩
ખાનદેશ	મલીકફુરકી	૧૩૯૦	અકબર	૧૬૦૧

સિંધ—મહમદ કાસમ પછી સુમરા રજપૂતોએ રાજ્ય કર્યું તેમના પછી સુમાના જાતના જામ રાજા થયા. ઈ. સ. ૧૩૮૦ પછી એ રાજા મુસલમાન થયા. તેઓ ખંડણી આપતા ને દિલ્લીના નબળા પાદશાહના વખતમાં સ્વતંત્ર થતા. છેવટ અકબરે ૧૫૯૪ માં સિંધ દિલ્લી સાથે જોડ્યું.

બ્રાહ્મણી. હસનગંગુ. ૧૩૪૭ એ રાજ્ય નબળું થવાથી તેના પાંચભાગ પડી પાંચ સ્વતંત્રરાજ્યથયાં

પ્ર૦ બ્રાહ્મણી વંસના પાંચ ભાગ કોણે ને ક્યારે પાડ્યા ને તે રાજ્યો કોણે ને ક્યારે તોડ્યાં?

ઉ૦ રાજ્ય.	સ્થાપનાર.	સાલ	રાજ્યતોડનારનું નામ.	રાજતૂટ્યાની સાલ.
વરાડનું ઈમામશાહી	ફાથઉલ્લા.	૧૪૮૪	અહમદનગરનાનિજામે.	૧૫૭૪
અહમદનગરનું નિજામશાહી.	મલિકઅહમદ.	૧૪૮૭	શાહજહાન	૧૬૩૭
વિજાપુરનું અદિલશાહી.	આદીલશાહ,	૧૪૮૯	ઔરંગજેબ(શાહઆલમ)	૧૬૮૭
ગોવળકાંડાનું કુતુબશાહી.	કુતુબશાહ.	૧૫૧૨	ઔરંગજેબ	૧૬૮૬

બૈદરનું બરીદશાહી. બરીદશાહે. બ્રાહ્મણી રાજની ગાદી પ્રથમ ગુલબર્ગા ને પછી બેદરમાં હતી. એ બેદરમાં નબળા પાદશાહના વખતમાં બરીદશાહ પ્રધાન સ્વતંત્ર થયો. એ રાજ ગોવળકાંડા ને વિજાપુરના હાકેમોએ જીતીને વહેંચી લીધું.

પ્ર૦ વિજયનગરના રાજ્યની હકીકત કહો ?

ઉ૦ એ રાજ મહમદ તઘલખના વખતમાં થયું ને તેમને તાબે હાલના મદ્રાસ ઇલાકા જેટલો મુલક હતો. એ રાજ ઈ.સ. ૧૫૬૫ માં અહમદનગર, વિજાપુર, ગોવળકોંડા ને બેદરના પાદશાહોએ સંપ કરી જીત્યું. તે વખતે નરસિંધ વંશનો રામ રાજા રાજ્ય કરતો હતો.

પ્ર૦ પોલીગાર કોને કહે છે ?

ઉ૦ વિજયનગરનું રાજ્ય જીતાયા પછી તેના તાબાના નાના ખંડીઆ રાજા ખંડણી આપી બચી ગયા, તેમને જમીનદાર કે પોલીગાર કહે છે.

પ્ર૦ મદ્રાસ શહેરની જમીન અંગ્રેજોને કોણે વેચાતી આપી?

ઉ૦ વિજયનગરના રામરાજાના ભાઈનું રાજ ચંદ્રગીરીમાં હતું તેણે

પ્ર૦ મેવાડના રાજ્યની હકીકત કહો?

ઉ૦ ફીરોજ પછીના નબળા પાદશાહના વખતમાં એ રાજ જોર પર આવ્યું. એ રાજ અયોદ્ધાના રામના વંશનું ગણાયછે. તે વલ્લભી કુળના વંશજ છે. વલ્લભીનો રાજા ગોહા ઈરાનના નસરવાન નામે પારસી રાજાની કુંવરી વેરે પરણ્યો. ગોહા રાજાના વંશમાં ઈ. સ. ૧૪૪૦માં કુંભોરાણો (મીરાંનો વર) થયો. તેણે ગૂજરાત ને માળવાના એકઠા લશ્કરને હરાવી ચીતોડમાં કીર્ત્તિસ્થંભ ચણાવ્યો. કુંભાનો પૌત્ર સંગ પણ બળવાન થયો. તે બાબર સાથે લઢયો પણ હાર્યો, અકબરે ચીતોડ લીધાથી રાજધાની ઉદેપુર થઇ.

પ્ર૦ હિંદુસ્તાનમાં યૂરોપી લોક શા માટે આવવા લાગ્યા?

ઉ૦ વેપાર કરવાને. પ્રથમ હિંદુસ્તાનના આથમણા બંદરોમાં લાલ સમુદ્રથી મુસલમાન વેપારીઓનાં વહાણ માલ લેવા આવતાં. તે માલ ઇરાન, સીરીઆ ને મીસરની વાટે યૂરોપમાં વેચાતો. એ વેપારીઓ ઘણું કમાતા તેથી લલચાઈને યૂરોપી પ્રજા આ દે-

શમાં વેપાર કરવા આવવા લાગી.

પ્ર૦ કયી કયી યૂરોપી પ્રજા અનુક્રમે આવી ને તે કયારે ને પ્રથમ કયાં આવી?

ઉ૦ પ્રજા	કયારે આવી.	કયાં આવી.
પોર્તુગીજ	૧૪૯૮	કાલીકટ ને પછી દીવ, દમણુ ને ગોવામાં મથક કર્યાં.
વલંદા.	સોળમા સૈકામાં.	આંબોયના, ચિન્સુરા.
અંગ્રેજ.	૧૬૦૦	સુરત ને પછી મદ્રાસ. મુંબાઇ ને કલકત્તામાં મથક કર્યું.
ફ્રેંચ કે ફ્રાંસેસ.	સત્તરમા સૈકામાં.	સુરત ને પછી પોંદીચરી, માહી, ચંદ્રનગરમાં મથક કર્યાં.

પ્ર૦ પોર્તુગીજ શી રીતે વેપાર કરવા આવ્યા?

ઉ૦ પોર્તુગાલના રાજા તરફથી પ્રથમ વાસ્કોડીગામા કેપ આવ ગુડ હોપને ફરીને માલ લેવા આવ્યો; તે કાલીકટ આવ્યો. તે વખતે ત્યાં ઝામોરીન રાજા હતો. ગામા પછી જબરો સરદાર આલ્બુકર્ક આવ્યો. તેણે ને પાછલા સરદારોએ દીવ, દમણુ, ગોવા, હોર્મજ, મલાકા, વગેરે જીત્યાં ને પોર્તુગીજ સત્તાધારી થયા. પણ વલંદાએ તેમનું દરિઆઈ બળ તોડયું.

પ્ર૦ વલંદા, અંગ્રેજ ને ફ્રેન્ચ શી રીતે વેપાર કરવા આવ્યા?

ઉ૦ પોર્તુગાલના રાજાનાં વહાણુ આવતાં પણુ આ ત્રણે પ્રજાએ કેટલાક વેપારીઓ એકઠા થઇ કંપનીઓ કરી વેપાર કરવાની પોત પોતાના રાજા પાસેથી સનંદો મેળવી કે તે દેશના બીજા વેપારી વેપાર કરવા આવે નહિ. એ કંપનીઓ ઇસ્ટઇંડિયા કંપની કહેવાતી.

પ્રકરણ ૭ મું.

પ્ર૦ તૂર્ક ને પઠાણુ રાજ્યોના વારામાં હિંદુઓનીકવી સ્થિતિહતી?

ઉ૦ એ રાજ્ય સવાત્રણુસેં વરસ ચાલ્યું. એ મુદ્દતમાં હિંદુરાજ

લેવાનો ને હિંદુ ધર્મનો નાશ કરવાનો પ્રયત્ન મુસલમાનોએ કર્યો. તે માટે લાખો હિંદુઓ માર્યા, દેહેરાં તોડ્યાં, મૂર્તિઓ ભાગી, હિંદુઓનાં બૈરાં છોકરાંને ગુલામ કર્યાં. પણ હિંદુ ધર્મનો નાશ ન કરી શક્યા. માત્ર તેમનાં રાજ લેઈ શક્યા.

પ્ર૦ એ મુદતમાં હિંદુ પ્રજાને શી હાનિ થઈ?

ઉ૦ એ મુદતમાં વેપારી, કારીગર ને ખેડુત માત્ર હિંદુ હતા. મોટા હોદ્દા સઘળા મુસલમાનને હાથ હતા. હિંદુ પ્રજાને છુંદવાનો વિચાર કર્યાથી તેઓ બળહિન ને રાજકાજની સમજ વિનાના થયા તેમનામાં અજ્ઞાન વધ્યું, વિદ્યા ને હુન્નર ઘટચો, ચાર જાતિ મટી સૈંકડો જાતિ થઈને જાતિબંધન મજબૂત થયું. બાળલગ્ન ને જનાનો દાખલ થયો, પુનર્લગ્ન બંધ પડયાં. સતી° થવાનો ચાલ વધ્યો. યૂરોપી પ્રજા આવી ત્યાં સુધી વેપાર મંદ પડયો ને વિજયનગર ને રજપૂતસ્થાન સિવાયનાં હિંદુ રાજ્યો તૂટયાં.

પ્ર૦ બાબરે હિંદુસ્તાન જીત્યું તે પહેલાંની તેની હકીકત કહો?

ઉ૦ એ તૈમુરથી છઠ્ઠો પુરૂષ હતો. એ તાતાર જાતનો હતો. એની મા ઝંઘીસખાંની જાતની મુગલાણી હતી. તૈમુરના રાજના ભાગથઈ ગયા તેમાંના સમરકંદ, બલ્ખ, કાબુલ વગેરે તેના કુળને તાબે હતા. બાબરે એ રાજ્યો તાબે કરવા પ્રયત્ન કર્યો, તેમાં ઘણીવાર હારજીત થઇ. સન ૧૪૯૪ માં કાબુલમાં એ આવી રહ્યો. તે વખતે હિંદુસ્તાન જીતવાનો વિચાર થયો. તેવામાં પંજાબના દોલતખાંએ તેને દિલ્લી જીતવા બોલાવ્યાથી આવીને તેણે ૧૫૨૬ માં દિલ્લી જીત્યું.

પ્ર૦ બાબરે દિલ્લી જીત્યું તે વખતે હિંદમાં બળવાન રાજ્યો કયાં હતાં?

ઉ૦ બહારમાં મહમદશાહ લોહાની, બંગાળામાં સૈયદ નજીબશાહ, મેવાડમાં મહારાણોસંગ, ચંદેરીમાં મેદનીરાય, ગુજરાતમાં બહાદુરશાહ, ને દક્ષિણમાં બ્રાહ્મણી વંશનાં પાંચ સ્વતંત્ર રાજ્યો,

વિજયનગરનું, ને ગોવામાં પોર્તુગીજનું એ હતાં.

પ્ર૦ તેમાંના ક્યાં ક્યાં રાજ્યો સાથે બાબરે લડાઇ કરી ?

ઉ૦ હુમાયુએ જુવાનપુર સુધીનો મુલક જીત્યો. મેવાડ, ચંદેરી, જેપુર ને જોધપુરનાં રાજ્યો મહારાણાસંગની સરદારી નીચે લઢવા આવ્યાં. તેમને મહા મહેનતે બાબરે ફતેપુર સીકરી આગળ ઈ.સ. ૧૫૨૭ માં હરાવ્યાં ને બંગાળા ને બહાર પ્રાંતો પણ જીત્યા.

પ્ર૦ બાબરનું મૃત્યુ ક્યારે થયું ને તે કેવા ગુણનો હતો ?

ઉ૦ ઇ. સ. ૧૫૩૦ માં. એણે જીતાયલા દુશ્મન ઉપર ક્રૂરતા કરી, તોપણ તે શૂરો, ધીરજવાળો ને આગ્રહી હતો. તેના પછી તેનો મોટો કુંવર હુમાયુ પાદશાહ થયો.

પ્ર૦ હુમાયુંએ કેવી રીતે રાજ કર્યું?

ઉ૦ એ ઉદાર દીલનો હોવાથી તેણે પોતાના ભાઇઓને રાજ વહેંચી આપ્યું. એણે ગુજરાતના બહાદુરશાહ સાથે અણબનાવ થવાથી તેને હરાવ્યો. એવામાં બંગાળામાં શેરખાંએ બળવો કર્યાથી હુમાયુંએ તેનો ચૂનારગઢ જીત્યો, એવામાં કાશી આગળ શેરખાંએ ઓચિંતા છાપો માર્યાથી હુમાયું નાઠો, પણ કનોજ આગળ શેરખાંએ ફરીને હરાવ્યાથી હુમાયું નાસી ગયો. ને ઈ. સ. ૧૫૪૦ માં શેરખાં હિંદુસ્તાનનો ધણી થયો.

પ્ર૦ હુમાયું નાસીને ક્યાં ગયો?

ઉ૦ તે આશરો મેળવવા મારવાડ ગયો પણ તે ન મળવાથી અમરકોટ ગયો, ત્યાં અકબર જન્મ્યો. છેવટે તે નાસતો નાસતો ઇરાન ગયો.

પ્ર૦ ફરીને હુમાયુંએ હિંદુસ્તાન શી રીતે જીત્યું?

ઉ૦ ઇરાનના શાહે ૧૪૦૦૦ સ્વાર આપ્યા તે લઇ તેના વજીર બેહેરામ સાથે આવી કાબુલ, કંદહાર જીત્યાં ને ૧૫૫૬ માં હિંદુસ્તાન પણ જીત્યું.

પ્ર૦ હુમાયું કેટલાં વરસ બહાર રખડ્યો ?

ઉ૦ સોળ વરસ.

પ્રકરણ ૮ મું.

સુર કુળના સુલતાન.

પ્ર૦ સુરકુળના કયા કયા સુલતાનો ક્યારે થયા ?

ઉ૦ શેરશાહ ૧૫૪૦, સલીમશાહ ૧૫૪૫, આદિલશાહ ૧૫૫૩.

પ્ર૦ શેરશાહે કેવી રીતે રાજ કર્યું?

ઉ૦ એણે બંગાળાનું બંડ સમાવ્યું ને દગલબાજી કરી કેટલાંક રજપૂત રાજ્યો જીત્યાં.

પ્ર૦ એને શા માટે દગલબાજી કરવી પડી ?

ઉ૦ મોટાં રાજ્ય ગયાથી રજપૂતો કસાઇને ખબડદાર થયા હતા. તેઓ શૂરા, ચતુર, ચપળ, બળવાન, ને સંપીલા થયા હતા તેથી સહેલાઇથી તેમને જીતાય તેમ નહોતું.

પ્ર૦ એણે કયાં રજપૂત રાજ્યો જીત્યાં ?

ઉ૦ મારવાડ, કલીંજર ને માળવાનું રૈસ્તન.

પ્ર૦ શેરશાહ શાથી ને ક્યારે મરણ પામ્યો ?

ઉ૦ કલિંજરના ઘેરા વખતે દારૂખાનું સળગ્યાથી ઈ. સ. ૧૫૪૫ માં દાઝી મૂઓ.

પ્ર૦ શેરશાહ કેવો રાજા હતો ?

ઉ૦ એણે હિંદુપર જુલમ કર્યો નહિ ને મુસાફરખાનાં, રસ્તા વગેરે બંધાવ્યાં.

પ્ર૦ સલીમશાહ કેવો પાદશાહ હતો ?

ઉ૦ એ પણ શૂરો ને હોશિયાર હતો. તેથી તેણે રાજની આબાદી જાળવી.

પ્ર૦ આદિલશાહ કેવો હતો ?

ઉ૦ એ નબળો ને જુલમી હતો. તેથી ઠામ ઠામ બળવા થયા. એ બળવા તેના વજીર હેમુએ સમાવ્યા.

પ્ર૦ હેમુ કોણ હતો ?

ઉ૦ એ નીચવર્ણનો હિંદુ દુકાનદાર હતો.

પ્ર૦ આદિલશાહનું રાજ શી રીતે ને કોણે લીધું ?

ઉ૦ પાદશાહ બંગાળે હતો તેવામાં તેના પીતરાઇ ઈબ્રાહિમે દિલ્લી લીધી. તેને કહાડીને સિકંદર સુલતાન થયો.

પ્ર૦ સિકંદર પાસેથી કોણે રાજ લીધું ?

ઉ૦ સુરકુળમાં કુસંપ પેઠેલો જોઇ હુમાયુંએ આવીને ઇ. સ. ૧૫૫૬ માં લાહોર, દિલ્લી ને આગ્રા લીધાં.

પ્ર૦ હુમાયું ક્યારે ને શી રીતે મૂઓ ને તેના પછી પાદશાહ કયો થયો?

ઉ૦ ઇ. સ. ૧૫૫૬ માં આરસની સીડી ઉપરથી પડીને મરણ પામ્યો તેથી તેનો ૧૩ વરસનો દીકરો અકબર પાદશાહ થયો.

પ્રકરણ ૯ મું.

પ્ર૦ મોગલવંશના પહેલા છ પાદશાહો કોણ ને ક્યારે થયા ?

ઉ૦ બાબર ઈ. સ. ૧૫૨૬, હુમાયું ૧૫૩૦, અકબર ૧૫૫૬, જહાંગીર ૧૬૦૫, શાહજહાં ૧૬૨૭, ઔરંગજેબ ૧૬૫૮.

પ્ર૦ અકબર કેવો પાદશાહ હતો?

ઉ૦ દિલ્લીના બધા પાદશાહોમાં એ ઉત્તમ હતો. એણે મોગલાઈ રાજ્ય વધારીને મજબૂત પાયાપર મૂક્યું.

પ્ર૦ અકબરના નાનપણમાં રાજ્યરક્ષકનું કામ કોણ કરતું હતું?

ઉ૦ હુમાયુંનો વજીર બેહેરામખાં.

પ્ર૦ અકબર સામા પ્રથમ કોણ થયો ને તેનું શું થયું?

ઉ૦ આદિલશાહ બંગાળામાં હતો તેનો વજીર હેમુ. પાણીપતમાં બંનેની લડાઈમાં હેમુ પકડાયો. તેને મારવાને અકબરે ના કહ્યા છતાં બેહેરામે માર્યો.

પ્ર૦ પછી કોણે બળવો કર્યો?

ઉ૦ સિકંદરશાહે પંજાબમાં બળવો કર્યો પણ બેહેરામે તેને તાબે કર્યો.

પ્ર૦ બેહેરામનો નાશ શી રીતે થયો ?

ઉ૦ અકબરને કેળવનાર બેહેરામ હતો પણ તે સખત ને ગર્વીષ્ટ હતો તેથી મોગલ ઉમરાવો ને અકબર કંટાળી ગયા, અને અકબર સ્વતંત્રપણે કામ કરવા લાગ્યાથી બેહેરામે બળવો કર્યો, તે સમાવી બેહેરામનો ગુન્હો માફ કર્યો; તેથી બેહેરામ મક્કે જવા નીકળ્યો. ત્યાં રસ્તામાં એના કોઇ પઠાણ દુસ્મને તેને મારી નાંખ્યો. ઈ.સ. ૧૫૬૦

પ્ર. અકબર નાનો છતાં બેહેરામના ગયા પછી શી રીતે રાજ સાચવ્યું?

ઉ૦ તુર્ક અને પઠાણ સુલતાનોના વારામાં તુર્કસ્તાન ને અફગાનીસ્તાનથી સિપાઈઓની ભરતી થતી. અકબરને તે આશા નહોતી. મોગલો પણ અકબરને નાનો જાણી સ્વતંત્ર થવા ઉઠ્યા. પણ અકબરની મહાન્ બુદ્ધિ એ બધાં સંકટને પૂરી પડે તેવી હતી. તેણે મુગલ, પઠાણ, તુર્ક વગેરે મુસલમાન તથા હિંદુ રાજા પ્રજાને સમાન ગણી તેમનામાંજ રાજભકિત ને સ્વદેશાભિમાન ઉત્પન્ન કરી રાજબળ આ દેશમાંથી ઉત્પન્ન કરવાનો મનસૂબો કર્યો. ભય ને માયાનો ઉપયોગ કરી ન્યાયથી વર્તી સર્વનાં મન વશ કર્યાં, સામા થનારને હરાવી મિત્ર કર્યા; ને તેમની યોગ્યતા પ્રમાણે કામ સોંપ્યાં. એ રીતે હિંદમાં એકસંપીલી પ્રજા બનાવી.

પ્ર૦ અકબરે ગાદીએ બેઠા પછી કયાં ચાર કામ કર્યાં ?

ઉ૦ મોગલ સરદારોને વશ કરવાનું, હિંદુ રાજાને તાબે કરવાનું, પ્રાંતોના સ્વતંત્ર થએલા હાકેમોને જીતવાનું, ને રાજ્યની ઉથલપાથલથી ને લડાઈઓથી થએલો ગેરબંદોબસ્ત મટાડવાનું.

પ્ર૦ એ કામ એણે શી રીતે કર્યાં ?

ઉ૦ પોતે ૨૫ વર્ષનો થયો ત્યાં સુધીમાં ૧ લું કામ કર્યું. પછી પાંચ વરસમાં ૧૫૬૭–૭૨ સુધીમાં બીજું કામ કર્યું, ને જેપુર, જોધપુર ને ચીતોડના રાજાને નમાવી તાબે કર્યા ને કેટલાકની કું-

વરીઓ પરણ્યો. જહાંગીરની મા જોધબા જોધપુરના માલદેવની કુંવરી હતી. જેપુરના ભગવાનદાસને પંજાબનો સૂબો ઠરાવ્યો. એનો કુંવર માનસિંગ અકબરનો મોટો સરદાર હતો.

પ્ર૦ અકબરે કયાં કયાં રાજ જીત્યાં?

ઉ૦ ઇ. સ. ૧૫૭૩ માં ગુજરાત જીત્યું. તે પછી બંગાળા, બહાર, ઓઢીઆ, કાસ્મીર, સિંધ, કંદહાર, ખાનદેશ, વરાડનો ને અહમદનગરનો ઘણો ભાગ જીત્યો.

ઉ૦ અહમદનગરમાં એના સામું કોણ થયું હતું?

ઉ૦ ચાંદબીબી.

પ્ર૦ મલિકઅંબર કોણ હતો?

ઉ૦ અહમદનગરનો હબસી વજીર, એણે એ રાજનો ઘણો ભાગ સાચવી રાખ્યો.

પ્ર૦ અકબર કેવા ગુણનો હતો?

ઉ૦ એ મજબૂત બાંધાનો, રૂપાળો ને મળતાવડો હતો, એનું શરીર કસાયલું હતું. સંસ્કૃત, ફારસી ને હિંદુભાષાઓ શીખ્યો હતો. એ જાગૃત, ઉમંગી, શાણો ને ન્યાયી હતો. તે શૂરો, વિદ્વાન, ચતુર ને મોટા મનનો, મન વશ રાખનાર ને મિતાહારી હતો. તેણે ધર્મ સંબંધી વેરા, જુલમ વગેરે બંધ કર્યા. રૈયત સુખી ને આબાદ થાય, વિદ્યા હુન્નર ને વેપાર રોજગારને ઉત્તેજન મળે એવાં કામ એણે કર્યાં. એણે કેદીઓને ગુલામ કરવાનો, બાળલગ્નનો, યજ્ઞમાં પશુ હોમવાનો ને સતી થવાનો ધારો બંધ કર્યો.

પ્ર૦ અકબરના વખતમાં કયા મોટા સરદારો ને વિદ્વાનો હતા?

ઉ૦ માનસિંગ ને ટોડરમલ એ મોટા સરદારો, અબુલ ફજલ ને ફેજી એ વિદ્વાન ગ્રંથકર્તા, બિરબલ ને ગંગ એ વિદ્વાન કવિ હતા.

પ્ર૦ અકબરને કેટલા દીકરા હતા ને કયો ગાદીએ બેઠો?

ઉ૦ સલીમ, મુરાદ ને દાનીઆલ એ ત્રણ દીકરા હતા. તેમાં સલીમ જીવતો હતો તે જહાંગીર નામથી પાદશાહ થયો.

પ્ર૦ જહાંગીરે કેવી રીતે રાજ ચલાવ્યું?

ઉ૦ અકબરના કારભારીઓ ને સુધારા કાયમ રાખ્યા. નોકરો જુલમ ન કરે ને ઇનસાફ માગવા આવનારને હરકત ન પડે તેવા ઉપાય કર્યા, તથા ધર્મ સંબંધી બળાત્કાર કર્યા નહીં, ને દારૂ પીવાની મના કરી.

પ્ર૦ ખુશરૂ કોણ હતો ને તેણે શું કર્યું?

ઉ૦ જહાંગીરનો મોટો દીકરો, એણે રાજ લેવા બંડ કર્યું, પણ તેને હરાવી કેદ કર્યો ને તેના સાથીને રીબાવીને માર્યા.

પ્ર૦ નૂરજહાં કોણ હતી ?

ઉ૦ એ ઇરાની ઉમરાવની બેટી હતી. અકબર છતાં જહાંગીરની તેને પરણવાની મરજી હતી, પણ અકબરે તેને બીજા સરદાર સાથે પરણાવી દીધી. પાદશાહ થયા પછી જહાંગીરે તે ઉમરાવને મરાવી નાંખ્યો ને પોતે નૂરજહાંને પરણ્યો. તે બહુ રૂપાળી ને બુદ્ધિવાન હતી. તેણે જહાંગીરનું મન વશ કરી તેને રાજ્ય ચલાવવામાં બહુ મદદ કરી. જહાંગીરે નૂરજહાંના બાપને વજીરાત આપી, ને તેના ભાઈ અસોફજાને સરદારી આપી.

પ્ર૦ જહાંગીરને કેટલા દીકરા હતા ?

ઉ૦ ખુશરૂ, પરવીજ, ખુરમ ને શહરીઆર.

પ્ર૦ શાહજહાં કોણ હતો ?

ઉ૦ ખુરમે ઉદેપુરના રાણા અમરસિંહને તાબે કર્યો તેથી પાદશાહે તેને શાહની પદવી આપી. ખુરમ તેજ શાહજહાં.

પ્ર૦ જહાંગીરે દક્ષિણ જીતવા કોને મોકલ્યો ?

ઉ૦ મલિકઅંબરને જીતવા મોકલેલી ફોજનું ફાવ્યું નહીં તેથી

જબરી ફોજ આપી શાહજહાંને મોકલ્યો ?

પ્ર૦ શાહજહાંએ શા માટે બળવો કર્યો?

ઉ૦ નૂરજહાંના પહેલા ધણીની દીકરીને શહરીઆર પરણ્યો તે માટે તેને ગાદી મળવા યુકિત કરવા લાગી તેથી.

પ્ર૦ મોહોબતખાંએ શા માટે બળવો કર્યો ?

ઉ૦ શાહજહાં સામા લઢવાને મોહોબતખાં અને પર્વીજને મોકલ્યા તેથી શાહજહાં નાશી ગયો, પણ મોહોબતખાં ને પર્વીજ મળી ગયા તેથી નૂરજહાંએ મોહોબતખાંને હજુરમાં બોલાવ્યો. તે પાંચ હજાર રજપૂતો લેઇને ગયો ને જહાંગીરને કેદ કર્યો, પણ એક વરસ પછી યુકિતથી નૂરજહાંએ તેને છોડાવ્યાથી મોહોબતખાં ને શાહજહાં મળી ગયા. પણ એટલામાં પર્વીજ મરી ગયો ઈ. સ. ૧૬૨૭.

પ્ર૦ જહાંગીરના વખતમાં કયો ઇંગ્રેજ વકીલ આવ્યો હતો?

ઉ૦ ઇ. સ. ૧૬૧૫ માં સરટામસરો વેપારના કરાર કરવા આવ્યો હતો.

પ્ર૦ જહાંગીર ક્યારે મૂઓ ને તે કેવો હતો ?

ઉ૦ ઇ. સ. ૧૬૨૭ માં, એ સમજણો સારા સ્વભાવનો ને ઇનસાફપર પ્રેમવાળો હતો.

પ્ર૦ જહાંગીર પછી કોને ગાદી મળી?

ઉ૦ મોહોબતખાં ને અસોફખાંની મદદથી શાહજહાંને ગાદી મળી. તે વખતે માત્ર શહરીઆર જીવતો હતો તે સામો થયો તેથી તેને હરાવીને માર્યો. તથા પોતાના કુંવર સિવાય સઘળા બાબરના વંશનાને મારી નાંખ્યા.

પ્ર૦ એના રાજ સામો પ્રથમ કોણે બળવો કર્યો ?

ઉ૦ દક્ષિણના સૂબા ખાનજહાંન લોદીએ. પણ માફ માગ્યાથી તેને માળવામાં સૂબો નીમ્યો. ફરી બળવો કર્યાથી તેને હરાવી

નસાડયો તે અહમદનગરને આશરે ગયો. તેથી શાહજહાંએ પકે જઇને ઈ. સ. ૧૬૩૭ માં અહમદનગરનું રાજ ખાલસા કર્યું. વિજાપુર ને ગોવળકોંડાના રાજાને ખંડીયા કર્યા.

પ્ર૦ અલિમર્દનખાં કોણ હતો ને તે કેવો હતો?

ઉ૦ ઇરાનના શાહનો કંદહારનો સૂબો હતો. તેણે કંદહાર શાહજહાંને આપી દીધું. તેથી શાહજહાંએ તેને મોટી સરદારી આપી. તે શિલ્પ વિદ્યામાં ઘણો કુશળ હતો. શાહજહાંને ઇમારતો બંધાવવાનો ઘણો શોખ હતો તેથી તે તેને બહુ ઉપયોગી થઈ પડયો.

પ્ર૦ શાહજહાંએ બીજા કયા મુલકો જીત્યા હતા?

ઉ૦ એના રજપૂતોએ બહુ પરાક્રમ કરી બલ્ખ ને તેની આસપાસનો મુલક જીત્યો. પણ તે કે કંદહાર તેના તાબામાં રહ્યાં નહિ.

પ્ર૦ એને કેટલા કુંવરો હતા ને તે કેવા હતા?

ઉ૦ દારા, સુજા, ઔરંગજબ ને મુરાદ એ ચાર કુંવર હતા. તેમાં દારા શૂરો, ભોળો, ધર્મમાં સ્વતંત્ર વિચારનો, ઉદાર પણ અવિચારી હતો. સુજા બાયલો ને વિષયી હતો. ઔરંગજેબ બુદ્ધિવાન, રૂપાળો, યુદ્ધમાં ચતુર પણ અતિ લોભી, દગલબાજ ને ધર્માંધ હતો. ને મુરાદ બહાદૂર પણ કમઅક્કલ ને વિષયી હતો?

પ્ર૦ એ ચારે કુંવરો શા કામ ઉપર હતા ?

ઉ૦ દારા શાહજહાંની પાસે હતો, સુજા બંગાળાનો, ઔરંગજેબ દક્ષિણનો ને મુરાદ ગૂજરાતનો સૂબો હતો.

પ્ર૦ એ કુંવરો શા માટે લઢી મૂઆ ને તેમાં શું થયું?

ઉ૦ ઈ.સ. ૧૬૫૭માં શાહજહાં માંદો પડયાથી એ ચારે લઢી મૂઆ. સુજા ને મુરાદ પોતાને પાદશાહ કહેવરાવવા લાગ્યા. ઔરંગજેબે મુરાદને રાજ અપાવવાની લાલચ બતાવી પોતાના પક્ષમાં લીધો ને બંને જણાએ મળી દારાના સરદાર જસવતસિંહને ઉજ્જન

આગળ હરાવ્યો ને ફતેપુર આગળ દારાને હરાવી નસાડયો. સુજાને તો દારાએ હરાવી નસાડયોજ હતો તેથી ઔરંગજેબે શાહજહાંને કેદ કરીને તથા મુરાદ ને દારાને પકડી મારી નાંખી પાદશાહ થયો. ઈ. સ. ૧૬૫૮.

પ્ર૦ શાહજહાંએ શાં શાં કામ કરાવ્યાં હતાં ?

ઉ૦ એણે ૬ાા કરોડ રૂપીઆ ખરચીને મયુરાસન કરાવ્યું હતું. તથા આગ્રામાં તાજમહેલ બંધાવ્યો છે તે એવો છે કે એના જેવું બીજું મકાન હજુ સુધી બંધાયું નથી. એ વગર પણ એણે ઘણાં મકાનો બંધાવ્યાંછે. એનું રાજ એટલું શાંત અને આબાદ હતું કે મકાનો પાછળ ખર્ચ કરતાં છતાં પણ એ મૂઓ ત્યારે ખજાનામાં કરોડો રૂપીઆનું જવાહિર ને ૨૪ કરોડ રૂપીઆ રોકડા હતા.

પ્ર૦ શાહજહાં કેવા ગુણનો પાદશાહ હતો ને તે ક્યારે મૂઓ?

ઉ૦ એ ન્યાયી ને જાગૃતિથી તથા ખબડદારીથી કામ કરનારો હતો. ગુણવંત કારભારી રાખતો, પ્રજા ઉપર પ્રેમ રાખતો. એના રાજમાં શાંતિ ને રૈયતમાં આબાદી હતી. એ કેદખાનામાં ઇ. સ. ૧૬૬૬ માં મરણ પામ્યો.

પ્ર૦ ઔરંગજેબે ગાદીએ બેઠા પછી કેવાં કામ કર્યાં?

ઉ૦ દારાને તથા મુરાદને મારી નાંખ્યા, તેમના છોકરાને ઝેર દેઈ માર્યા. સુજા આરાકાનમાં નાશી ગયો ત્યાં માર્યો ગયો. ધર્મ સંબંધી બળાત્કાર કર્યો, મૂર્તિપૂજકોના ઓચ્છવ ને ધર્મ સંબંધી વરઘોડા અટકાવ્યા. જાત્રામાં વેચાતા માલ ઉપર વેરો નાંખ્યો. કેટલાક કર મુસલમાન કરતાં બમણા લેવા માંડયા. હિંદુને સરકારી નોકરીમાં દાખલ થતાં અટકાવ્યા ને તેથી હિંદુ મુસલમાન વચ્ચે હાડવેર બંધાયાં.

પ્ર૦ એણે જજીઆવેરો શાથી નાંખ્યો ?

ઉ૦ દિલ્લીથી થોડે છેટે નારનોલ કરી ગામ હતું ત્યાં સતરામી નામે પંથના લોકો સાથે કજીઓ થયાથી બળવો થયો. તે સમાવતાં પાદશાહને બહુ મહેનત પડી તેથી ચીડાઈને તેણે હિંદુ ઉપર જજીઆ એટલે માથા વેરો નાંખ્યો.

પ્ર૦ રજપૂતોને અને પાદશાહને અણબનાવ શાથી થયો?

ઉ૦ હિંદુ મુસલમાન વચ્ચે ભેદ પાડયાથી, ધર્મ સંબંધી બળાત્કાર કર્યાથી, ને જજીઆવેરો નાંખ્યાથી રજપૂતોનાં મન ખાટાં થયાં. જોધપુરના રાજા જસવંતસિંગે ને ઉદેપુરના રાજસિંગે જજીઆવેરો નહીં નાંખવાને પાદશાહને લખ્યું પણ ઔરંગજેબે તે ન માન્યું. પણ જસવંતસિંગ મરી ગયો ત્યારે તેના કુંવરને અને રાણીને પકડવા કોશીશ કરી, પણ કુંવર બચ્યો, અને બેદીલી વધી. પાદશાહે રજપૂતોનું જડમૂળ કાઢવા લશ્કર મોકલ્યું. તેમની પ્રજાની કતલ કરીને મુલક ઉજ્જડ કર્યો તેથી રજપૂતો મિત્ર મટી શત્રુ થયા.

પ્ર૦ શીખ લોકો કોણ હતા ?

ઉ૦ પંજાબમાં નાનકે એક પંથ ચલાવ્યો હતો. તે પંથના લોકો શીખ કહેવાતા. આ વખતમાં એ લોકોનો ગુરૂ ગોવીંદ હતો તેણે મુસલમાની જુલમથી કંટાળી નાનકના શાંત શીખ લોકોને લડવૈયા બનાવ્યા. તે આગળ જતાં જબરદસ્ત થયા.

પ્ર૦ શિવાજી કોણ હતો ને તેણે શું કર્યું ?

ઉ૦ વિજાપુરની ફોજનો નાયક શાહજી ભોંસલે હતો તેનો દીકરો શિવાજી. એણે મહારાષ્ટ્રમાં સ્વદેશાભિમાન ને ઉત્સાહ આણ્યાં, ને મહારાષ્ટ્ર જીતી પોતાને તાબે કર્યો. તેને તોડવાને ઔરંગજેબના સરદારો આવ્યા હતા પણ તેમનાથી કાંઈ વળ્યું નહોતું તેથી ઈ. સ. ૧૬૮૩ માં ઔરંગજેબ પંડે આવ્યો. આ વખતે શિવાજી નહોતો પણ તેણે લોકોમાં શૂર ને જુસ્સો આણ્યો હતો તેથી

તેના સરદારો તેને વશ થયા નહીં.

પ્ર૦ ઔરંગજેબે દક્ષિણનાં ક્યાં રાજ્યો જીત્યાં ?

ઉ૦ વિજાપુર ને ગોવળકાંડાનાં મુસલમાની રાજ્યો ઇ. સ. ૧૬૮૬-૮૭ માં જીત્યાં.

પ્ર૦ એ રાજ્યો તૂટવાથી મરેઠાને શો લાભ થયો ?

ઉ૦ એ બંને રાજના સિપાઇઓ નોકરી વગરના થયા તેથી મરેઠી લશ્કરમાં નોકર રહ્યા.

પ્ર૦ મરેઠાની લઢવાની રીત કેવી હતી ?

ઉ૦ ઔરંગજેબ સાથે મેદાનમાં લઢવું નહીં. પણ લશ્કર ઉપર છાપો મારવો, મુલક લૂંટવો ને હેરાન કરવો. પાદશાહ એક ગઢ જીતે ત્યારે મરેઠા બીજા મુલક લૂંટવા જાય ને પાદશાહ ત્યાં જાય ત્યારે મરેઠા આવીને ગઢ જીતી લે.

પ્ર૦ પાદશાહ શાથી ને ક્યારે મરણ પામ્યો ?

ઉ૦ પૈસાની તંગી, કુંવર ને સરદારોપરના અણવિસ્વાસથી ચિંતાતુર ને મરેઠા હેરાન કરતા તેનો ખેદ, લશ્કરમાં રેલ ને મરકીથી થતો ખરાબી, હિંદુ સામા હોવાથી કુંવરો લઢી મરશે તેથી રાજ ખરાબ થશે એવી ફીકરમાં ઇ. સ. ૧૭૦૭ માં પોતાના બાપને અને ભાઈ ભત્રીજાને માર્યાનો પશ્ચાત્તાપ કરતો અહમદનગરમાં ૮૯ વર્ષની ઉમરે મરણ પામ્યો.

પ્ર૦ અકબર ને ઔરંગજેબના ગુણનો મુકાબલો કરો ?

ઉ૦ એ બંને બુદ્ધિ, દ્રઢતા ને ઉદ્યોગમાં સરખા હતા. પણ અકબર મોટા મનનો, ઉદાર ને સાચો હતો, ત્યારે ઔરંગજેબ સાંકડા મેલા મનનો કપટી હતો. અકબર ન્યાયી તો આલમગીર પક્ષપાતી હતો. અકબર જીતાયલા શત્રુપર દયા કરી મિત્ર કરતો ત્યારે ઔરંગજેબ ક્રૂરતા કરી દુસ્મન કરતો. અકબર સત્ય ને સારી યુક્તિથી

કામ કરતો ત્યારે ઔરંગઝેબ કપટ ને કાવતરાંથી કામ કરતો.

પ્ર૦ અત્યાર સુધીના પાદશાહોએ વિદ્યાને માટે શું શું કર્યું?

ઉ૦ વરસવાર ઇતિહાસ લખવાનો આરંભનો ચાલ ભરતખંડમાં દાખલ થયો. ઔરંગઝેબે તવારીખ લખવાની મના કરી હતી. ઈતિહાસ, કહાણીઓ ને કવિતાના ગ્રંથો નવા થયા. સુલતાન મહમદના દરબારમાં ફરદુશી કવિએ શાહનામું કર્યું. અહમદનગરમાં ફિરિશતાહ નામે મોટા ઈતિહાસ કર્ત્તાએ ઈ.સ. ૯૭૫ થી ૧૬૦૫ સુધીનો ઇતિહાસ કર્યો. બાબરે પોતાનું જીવન ચરિત્ર લખ્યું છે. અકબરના વજીર અબુલફજલે ઐન-ઈ. અકબરી ને અકબરનામું લખ્યું. ફૈજીએ મહાભારતાદિનો ફારસીમાં તરજુમો કર્યો. જહાંગીરે પંડે પોતાનું રોજનામું લખ્યું છે. ઔરંગઝેબનો ઇતિહાસ કાફીખાંએ છાનોમાનો લખ્યો. મિરાતે આહમદી નામે ગૂજરાતનો ઇતિહાસ ફારસીમાં રચાયો વગેરે ગ્રંથો થયા.

પ્રકરણ ૧૦ મું.

પ્ર૦ ઔરંગઝેબ પછી દિલ્લીની ગાદીએ કોણ આવ્યું?

ઉ૦ તે વખતે એના ત્રણ દીકરા હતા. મોઆજીમ, આજીમ ને કામબક્ષ, તેમાંથી મોઆજીમ બંને ભાઇને મારી ગાદીએ બેઠો.. એને શાહઆલમ પણ કહે છે.

પ્ર૦ ઔરંગઝેબ પછીના રાજાઓનાં નામ ને તેમના ગાદીએ બેઠાની સાલ લખો?

ઉ૦ બહાદુરશાહ ૧૭૦૭, જહાંદારશાહ ૧૭૧૨, ફરોખશીર ૧૭૧૩, તે પછી પાંચ છ માસમાં બે પાદશાહ નામના થયા મહમદશા ૧૭૧૯, અહમદશાહ ૧૭૪૮.

પ્ર૦ શાહુરાજા કોણ હતો?

ઉ૦ શિવાજીના દીકરા સંભાજીનો દીકરો. તેને ઔરંગજેબે કેદ કર્યો હતો પણ આઝીમે તેને છોડી મૂક્યો હતો. તેની સાથે મોઆઝીમે દોસ્તી કરી હતી.

પ્ર૦ શાહુરાજા જોડે બહાદુરશાહે શી સરતે સંધી કરી હતી?

ઉ૦ મરેઠા મોગલાઈ રાજમાંથી ચોથ ઉઘરાવે એ સરતે.

પ્ર૦ એ વખતે રજપૂતોમાં કયો રાજા આગેવાન હતો ?

ઉ૦ જસવંતસિંહનો કુંવર અજીતસિંહ.

પ્ર૦ બહાદુરશાહે રજપૂતો સાથે શા માટે સંધી કરી?

ઉ૦ પંજાબમાં શીખ લોક જોરપર આવ્યા હતા તેમની સામે લઢવા માટે. પણ ઈ. સ. ૧૭૧૨ માં એ મરી ગયો ત્યાં સુધી શીખ લોક નરમ પડયા નહોતા.

પ્ર૦ બહાદુરશાહ પછી કોને ગાદી મળી ?

ઉ૦ એને ચાર દીકરા હતા તે લઢયા તેમાં જહાંદારશાહ જુલ્ફીકારખાંની મદદથી પાદશાહ થયો. તેણે ભાઇભિત્રીજાને મારી નાંખ્યા.

પ્ર૦ જહાંદારશાહ પછી કોણ પાદશાહ થયું ?

ઉ૦ એની કતલમાંથી એનો ભત્રીજો ફરૂખશીર બચ્યો હતો તે બહારના સૂબા હુસેનઅલ્લી ને અલાહબાદના સૂબા અબદુલ્લાની મદદથી કાકાને મારીને પાદશાહ થયો.

પ્ર૦ ફરૂખશીરનો કારભાર કોણ કરતું હતું ?

ઉ૦ એને રાજ અપાવનાર હુસેન ને અબદુલ્લા એ બે સૈયદ ભાઈઓ.

પ્ર૦ એ બે ભાઇની સામા કયા ચાર સરદારો થયા ?

ઉ૦ દાઉદખાં, મીરજમલા, નિજામ—ઉલ—મુલ્ક અસોફજા ને સાદતખાં. તેમાં પહેલો માર્યો ગયો, બીજાએ નોકરી છોડી, ત્રીજાએ હૈદ્રાબાદમાં ને છેલ્લાએ અયોધ્યામાં રાજ સ્થાપ્યાં.

પ્ર૦ હેમિલ્ટન કોણ હતો ?

ઉ૦ કલકત્તેથી અંગ્રેજ વકીલો પાદશાહને અરજ કરવા આવ્યા હતા, તેમાં એ ડાકટર હતો. તેઓ ગયા ત્યારે શાહ માંદો હતો. તે હેમિલ્ટનની દવાથી સાજો થયો, તેથી તેની માગણીથી પાદશાહે અંગ્રેજ કંપનીને બંગાળાના ૩૭ તાલુકાની જમીનદારીની ને તેના ચાલતા હાંસલની માફીની સનદ આપી.

પ્ર૦ બંધુ કોણ હતો ને તેનું શું થયું?

ઉ૦ શીખનો સરદાર હતો. તે પાદશાહી પ્રાંતો લૂંટી વેરાન કરતો હતો તેને પકડી માર્યો ને તેણે ધર્મ તજવાની ના કહેવાથી હજારો શીખને કાપી નાંખ્યા.

પ્ર૦ મરેઠાનો બંદોબસ્ત કરવા ફરૂખશીરે કોને મોકલ્યો?

ઉ૦ નિઝામઉલ-મુલ્કને ખસેડી સૈયદ હુસેનને મોકલ્યો પણ તેનું કાંઈ ન વળ્યાથી સંધી કરી. ને તેમાં કેટલોક મૂલક, આખા મૂલકની ચોથ ને સરદેશમુખી (દશમો ભાગ) દેવાનો કરાર કર્યો. ને તે મંજુર કરાવવાને બાળાજી વિશ્વનાથ સાથે દશહજાર મરેઠા લેઇ હુસેન પાદશાહ પાસે ગયો. પણ પાદશાહે નાકબૂલ કર્યાથી તેને મરાવી નાંખ્યો.

પ્ર૦ ફરૂખશીર પછી કોને ગાદી મળી?

ઉ૦ તે પછી પાંચ છ માસમાં બે પાદશાહ થયા. તે મરણ પામ્યાથી મહમદશાહ થયો, મયૂરાસન પર બેસનાર ને કોહીનૂર પહેરનાર એ છેલ્લો પાદશાહ હતો.

પ્ર૦ પાદશાહ સૈયદોથી શી રીતે છૂટો થયો?

ઉ૦ મહમદશાહની મા હોશિયાર ને દૃઢ હતી તેની મદદથી છૂટયો. નિઝામે દક્ષિણમાં બળવો કર્યો તેની સામા હુસેન મહમદશાહને લેઈ ગયો. ત્યાં માર્ગમાં હુસેનને મરાવી નાંખ્યો. પછી અબદુલ્લા લડવા આવ્યો તેને આગ્રા ને દિલ્હી વચ્ચે હરાવી માર્યો, ને નિઝામને

વજીર નીમ્યો, પણ તે દિલ્લીમાં નહીં રહેતાં સ્વતંત્રપણે દક્ષિણમાં અમલ કરવા લાગ્યો, ને સાદતખાં અયોધ્યામાં કરવા લાગ્યો, ને અજમેર જોધપુરના અજીતસિંગે જીત્યું.

પ્ર૦ નાદીરશાહ કોણ હતો ને તેણે શું કર્યું?

ઉ૦ ઇરાનનો પાદશાહ. એણે ઇ. સ. ૧૭૩૮ માં દિલ્લી ઉપર સ્વારી કરી જીતી લોકોને મારી લૂંટયા. પાદશાહી ખજાનામાંથી મયૂરાસન, કોહીનૂરાદિહીરા, મોતી આદિ ઝવેરાત લેઇને પાછો ગયો ને ગાદી મહમદને હાથ રહેવા દીધી.

પ્ર૦ અહમદશાહ દુરાની કોણ હતો?

ઉ૦ નાદીરના હાથ નીચે કેળવાયલો સરદાર કંદહારનો સુલતાન થયો તેણે હિંદુસ્તાન ઉપર સ્વારી કરી પણ શાહજાદા અહમદ ને વજીર કમરૂદ્દીને તેને હરાવ્યો. મોગલોની આ છેલ્લી જીત થઈ ઇ.સ. ૧૭૪૮.

પ્ર૦ મહમદશાહ કયારે મૂઓ ને પછી કોણ પાદશાહ થયો?

ઉ૦ ઈ. સ. ૧૭૪૮ માં. તે પછી અહમદશાહ પાદશાહ થયો.

પ્ર૦ અબ્દલ્લીએ બીજીવાર કયારે સ્વારી કરી?

ઉ૦ અહમદશાહ ગાદીએ બેઠો ને તરત, પણ તેને લાહોર ને મૂલતાન આપી પાછો વાળ્યો.

પ્ર૦ સિંધિઆ ને હોલકર કોણ હતા?

ઉ૦ મરેઠાને પૂર જોરપર લાવનાર બાલાજી વિશ્વનાથના દીકરા બાજીરાવના હાથ નીચે કેળવાયલા સરદારો.

પ્ર૦ અહમદશાહનો અંત શી રીતે આવ્યો ને કયારે?

ઉ૦ અયોધ્યાનો સૂબો સફદરજંગ (સાદતખાંનો ભત્રીજો) ને ભરતપુરનો જાટ રાજા સૂરજમલ એ બંને મળી પાદશાહને હાથ કરવા ચાહતા હતા, અને સામા પક્ષમાં નિઝામ ઉલ્લમુલ્કનો પૌત્ર ગાજીઉદ્દીન ને મરેઠા હતા. તેમાં મલ્લારરાવ હોલકરે એકાએક આવી દિલ્લી

લઈ પાદશાહને કબજે કર્યો, ગાજીઉદ્દીનની શીખવણીથી અમીરોએ એને પદભ્રષ્ટ કર્યો ને આંધળો કરી કેદ કર્યો. ત્યાં ઈ.સ. ૧૭૫૪ માં મરી ગયો.

પ્ર૦ એના પછી ગાદી કોને મળી?

ઉ૦ ગાજીઉદ્દીને એના કાકા બીજા આલમગીરને ગાદી આપી. આ વખતે માત્ર નામના પાદશાહ થયા. બંગાળા, બહાર, રોહિલખંડ, ગુજરાત, માળવા, દક્ષિણ વગેરે ઠેકાણે સ્વતંત્ર હાકેમ અમલ કરતા હતા.

પ્ર૦ એ નામના પાદશાહ કોણ ને ક્યારે થયા?

ઉ૦ આલમગીર બીજો ૧૭૫૪, શાહઆલમ બીજો ૧૭૫૯, અકબર બીજો ૧૮૦૬, મહમદ બહાદુરશાહ ૧૮૩૭.

પ્ર૦ અહમદશાહ અબદલીએ ત્રીજીવાર શા માટે સ્વારી કરી?

ઉ૦ તે વખતે ગાજીઉદ્દીન વજીર હતો. તેણે લાહોર પ્રાંત લીધો માટે અબદલીએ આવી દિલ્લી, મથુરા વગેરે લૂંટી કેર કર્યો.

પ્ર૦ અબદલ્લીએ ચોથી સ્વારી શા માટે કરી?

ઉ૦ ગાજીઉદ્દીનની સલાહથી મરેઠાએ પંજાબ ઉપર સ્વારી કરી માટે. તેવામાં ગાજીઉદ્દીને આલમગીરને ૧૭૫૯માં મરાવી બીજાને ગાદી આપી હતી પણ તેને કોઈએ પાદશાહ ન માન્યાથી તે નાઠો. એવામાં અહમદશાહ દિલ્લી આવ્યો ને લૂંટ્યું પણ ફોજમાં મરકી ચાલ્યાથી તે નીકળ્યો. પાણીપતના મેદાનમાં સદાશિવરાવની સરદારી નીચે મરેઠી સેના આવી તેમની અબદલ્લા સાથે લઢાઈ થઈ પણ મરેઠા નાશ પામ્યા. ૧૭૬૧.

પ્ર૦ આલમગીર પછી દિલ્લીની ગાદી કોને મળી?

ઉ૦ અબદલ્લીએ શાહઆલમને આપી. પણ દશ વર્ષ પછી મરેઠા ફરી દિલ્લી આવ્યા ને શાહને કબજે લીધો.

પ્ર૦ શાહઆલમને કોણે આંધળો કર્યો?

ઉ૦ સન ૧૭૮૬ માં ગુલામ કાદર નામે સરદારે, પણ મરેઠાએ તેના હાથમાંથી છોડાવ્યો ને મરેઠાના તાબામાંથી જનરલ લેકે ઈ. સ. ૧૮૦૩ માં છોડાવ્યો. તે ઈ. સ. ૧૮૦૬ માં મૂઓ.

પ્ર૦ શાહઆલમ પછી કોણ ને કેવા પાદશાહ થયા?

ઉ૦ રાજ વગરના તખ્તે અકબર, ને ૧૮૩૭ માં તે મૂઆ પછી મહમદ બહાદુરશાહ થયો. એમને અંગ્રેજે પાળ્યા. એ મોગલવંશનો છેલ્લો ને ૧૭ મો પાદશાહ હતો. સન ૧૮૫૭ ના બળવામાં એ સામેલ થયાથી ઈંગ્રેજોએ દેશનિકાલ કર્યો, ત્યાં તે મરણ પામ્યો. ને તેનાં છૈયાં છોકરાંને ગોળીથી માર્યા કેમકે બળવામાં તેઓ ઇંગ્રેજોનાં ખૂન કરવામાં સામેલ હતાં.

પ્ર૦ મોગલ રાજ કર્ત્તાઓએ શાં શાં સારાં કામ કર્યાં?

ઉ૦ પહેલા ૭ પાદશાહ સારા થયા. એવા લાગટ ૭ પાદશાહ સારા બીજે કેથે થયા નથી. એ બધા પાદશાહમાં અકબર જેવો બીજો કોઇ સારો થયો નથી. મહેલ, મસ્જિદ, રોજા, મિનારા વગેરે બંધાવ્યાં તે માત્ર નામના સારૂ. નેહેરો ખોદાવી તે માત્ર મહેલમાં મીઠું પાણી લાવવાને. પણ સ્વાર્થ, વૈભવ ને મોજશોખ વગરનું લોકને સુખકારી કામ થોડુંજ કર્યું છે. આપણા સિદ્ધરાજ, વિક્રમ કે ભોજ જેવો અકબર સિવાય કોઈ થયો નહીં, તોપણ બીજા મુસલમાન વંશો કરતાં મોગલવંશ સારો હતો. ઔરંગજેબે ધર્મની બાબતમાં અન્યાય અને જુલમ કર્યા.

પ્ર૦ મોગલરાજની પડતીનાં કયાં બે મુખ્ય કારણો છે?

ઉ૦ ઔરંગજેબનું ધર્માંધપણું ને તેના પછીના રાજાનું બુદ્ધિહિણપણું

પ્ર૦ મોગલાઇ તૂટી ત્યારે હિંદુસ્તાનમાં કયાં રાજ્યો બળપર આવ્યાં હતાં?

ઉ૦ અયોધ્યા, બંગાળા ને હૈદ્રાબાદના સૂબા સ્વતંત્ર થયા હતા.

પંજાબમાં સીખ બળપર આવ્યા હતા. મ્હૈસુરમાં હૈદરઅલી બળવાન થયો હતો. બંગાળા ને દક્ષિણના કાંઠા ઉપર ફ્રેંચ ને ઇંગ્રેજ પ્રજાનાં રાજ્ય થયાં હતાં. એ બધામાં મરેઠા વધારે બળવાન હતા. પણ તેમને રાજ સાચવતાં ન આવડ્યાથી તે રાજ ઝાઝીવાર ટક્યું નહીં.

પ્રકરણ ૧૨ મું

મરેઠી રાજ્ય.

પ્ર૦ મરેઠી રાજ્ય સ્થાપનાર કોણ હતો?

ઉ૦ દોલતાબાદની પાસે વેરોળ કે ઇલોરામાં માલોજી ભોંસલે હતો. અહમદનગરમાં મલીકઅંબરના લશ્કરમાં દશ હજાર મરેઠી સ્વારોનો સરદાર દેવગીરીના જાદવકુળનો જાદવરાય કરીને હતો. તેના આશરાથી પાંચ હજાર સ્વારોનો તે નાયક થયો. એ માલોજીનો દીકરો શાહાજી, જાદવરાયની દીકરી જીજીબાઈ વેરે પરણ્યો. તેને પેટ શિવાજી ઈ. સ. ૧૬૨૭ માં જન્મ્યો. તેણે મરેઠી રાજ્ય સ્થાપ્યું.

પ્ર૦ શિવાજી ક્યાં ને કોના હાથ નીચે કેળવાઇને મોટો થયો?

ઉ૦ શાહજીને બે જાગીર હતી, એક સતારાની દક્ષિણે તેમાં ૨૨ ગામ હતાં ને બીજી તંજાવરમાં. તેમાં સતારાની જાગીરમાં શિવાજી દાદાજી કોંડે નામે બ્રાહ્મણની સંભાળ નીચે ઉછર્યો.

પ્ર૦ કોંડેએ શિવાજીને કેવી કેળવણી આપી?

ઉ૦ શિવાજી વાંચતાં લખતાં ન શીખ્યો પણ ઘોડા દોડાવતાં ને શસ્ત્રોનો ઉપયોગ કરતાં શીખ્યો તથા ભારતાદિ સાંભળ્યાથી ને કોંડેના બોધથી તેને હિંદુ ધર્મ ને હિંદુજાતિનું અભિમાન ઉત્પન્ન થયું.

પ્ર૦ શિવાજીના મનમાં પ્રથમ કેવો વિચાર આવ્યો?

ઉ૦ મુસલમાની રાજ્ય તોડી હિંદુરાજ્ય સ્થાપવાનો ને એ વિચાર પાર પાડવાની યોજના કરી.

પ્ર૦ હિંદુરાજ્ય સ્થાપવાની શીવાજીએ કેવી યોજના કરી?

ઉ૦ તે વિજાપુર તાબાના કિલ્લા જીતવા લાગ્યો ને તેના ધનવડે નવા કિલ્લા બાંધવા માંડ્યા, તેથી વિજાપુરવાળાએ શાહાજીને કેદ કર્યો. તેને શિવાજીએ શાહાજહાંની મદદથી બચાવ્યો. ને જેના લાગ ફાવે તેના કિલ્લા ખુંચાવી લેતો ને મૂલક લૂંટતો. મોગલ ને વિજાપૂર ગોવળકોંડાની લડાઈમાં તે એકવાર એકના તો બીજીવાર બીજાના પક્ષમાં જઈ કિલ્લા લે ને મૂલક લૂંટે. એ રીતે એનું જોર વધ્યું.

પ્ર૦ શિવાજીનું જોર તોડવાને વિજાપુરવાળે શો પ્રયત્ન કર્યો?

ઉ૦ શિવાજીનું જોર વધેલું જોઈ અફ્ઝલખાન નામે મોટા સરદારને જબરૂં લશ્કર આપી મોકલ્યો પણ શિવાજીએ ઇ. સ. ૧૬૫૯ માં પ્રતાપગઢના કિલ્લા આગળ તેને દગાથી માર્યો ને તેના લશ્કરનો નાશ કર્યો તેથી ઈ. સ. ૧૬૬૨ સુધીમાં શિવાજીના તાબામાં ગોવાથી કલ્યાણ સુધીનો કોકણ ને ભીમાથી વર્ધા સુધીનો મહારાષ્ટ્ર આવ્યો.

પ્ર૦ શિવાજીને તાબે કરવા ઔરંગજેબે શો ઉપાય કર્યો?

ઉ૦ હવે શિવાજીએ મોગલાઈ મૂલક ઉપર હુમલો કર્યાથી ઔરંગજેબે તેના મામા સાહીસ્તખાંને મોકલ્યો. પણ શિવાજીએ ચૂપકીથી પુને તેના મુકામપર જઇ ઘા કર્યો તેથી સાહીસ્તની બે આંગળી કપાઇ ને નાઠો. મરેઠાને આથી હીંમત વધી.

પ્ર૦ શિવાજીએ પહેલીવાર ક્યારે સુરત લૂંટ્યું?

ઉ૦ ઈ. સ. ૧૬૬૩ માં. તેથી તેને ઘણું ધન મળ્યું.

પ્ર૦ શાહાજી ક્યારે મરણ પામ્યો?

ઉ૦ ઈ. સ. ૧૬૬૪ માં.

પ્ર૦ શીવાજીએ રાજપદ ક્યારે ધારણ કર્યું?

ઉ૦ ઇ. સ. ૧૬૬૪ માં. એ સાલમાં સમુદ્રસેના બનાવી વહાણો લૂંટવા લાગ્યો.

પ્ર૦ ઔરંગજેબે શિવાજીને તાબે કરવા બીજા કયા સરદારોને મોકલ્યા ને તેમણે શું કર્યું?

ઉ૦ જેપુરના રાજા જેસિંગને અને દિલીરખાનને. શિવાજી તેમને તાબે થયો.

પ્ર૦ શિવાજી શી રીતે પકડાયો ને ક્યારે?

ઉ૦ શિવાજીએ વીજાપુર સામા મોગલ સેનાને સારી મદદ કર્યાથી ઔરંગજેબે તેને દિલ્લી જવા નોતરૂં મોકલ્યું. શિવાજી તેના મોટા કુંવર સંભાજીને લઇ દીલ્લી ગયો. ત્યાં દગાથી બંનેને ઇ. સ. ૧૬૬૬ માં કેદ કર્યા.

પ્ર૦ શિવાજી શી રીતે છૂટી આવ્યો?

ઉ૦ કપટીને કપટી મળ્યાથી બંને બાપ દીકરો મીઠાઇના ટોપલામાં બેસી દગાથી જોગીને વેશે નાશી ને રાયગઢ આવ્યા.

પ્ર૦ શિવાજીએ મુલકનો બંદોબસ્ત કેવી રીતે કર્યો?

ઉ૦ મુગલસરદારોને લાંચ આપી ફોડીને પોતાનું કામ કહાડી લીધું. ને તેણે અષ્ટ પ્રધાન નીમી રાજનો બંદોબસ્ત કરી રૈયતને પાળી તથા પોશી.

પ્ર૦ એણે બીજીવાર ક્યારે સુરત લૂંટ્યું?

ઉ૦ ઈ. સ. ૧૬૭૦ માં. તેમાં પણ બહુ ધન મળ્યું.

પ્ર૦ એણે બીજીવાર રાજ્યાભિષેક ક્યારે કરાવ્યો?

ઉ૦ ઈ. સ. ૧૬૭૪ માં.

પ્ર૦ એણે તંજાવરના રાજ્યનો બંદોબસ્ત શી રીતે કર્યો?

ઉ૦ ત્યાં એનો મોટો ભાઈ હતો તેની પાસેથી અર્ધી ઉપજ લઈ એ રાજ એની પાસે રહેવા દીધું.

પ્ર૦ શિવાજીનો મોટો કુંવર કેવો હતો?

ઉ૦ માઠી ચાલનો હતો. તેને સુધારવા યત્ન કર્યો પણ સુધર્યોનહીં

પ્ર૦ શિવાજી ક્યારે મરણ પામ્યો ને તેના પછી કોણ થયું ?

ઉ૦ ઇ. સ. ૧૬૮૦ માં, ને તેના પછી સંભાજી રાજા થયો.

પ્ર૦ શિવાજી કેવા ગુણનો હતો?

ઉ૦ એ શૂરો, સેનાપતિ તરીકે ચતુર, ને રાજકારભારમાં કુશળ હતો. લૂટથી લોકોને પીડા ન થાય તેવા ઉપાય કર્યા. તેણે પાપથી પોતાનું કામ પાર પાડ્યું. પણ તેની પાપ કરવાની ઇચ્છા હશે એમ સંભવતું નથી.

પ્ર૦ મરેઠા રાજા કોણ ને ક્યારે થયા તે લખો?

ઉ૦ શિવાજી ઇ. સ. ૧૬૬૪, સંભાજી ૧૬૮૦, રાજારામ ૧૬૮૯, શિવાજી બીજો ૧૭૦૦, શાહુ ૧૭૦૮, રામરાજા ૧૭૪૮, શાહુ રજો ૧૭૭૭, પ્રતાપસિંગ (બાળા સાહેબ) ૧૮૧૮, શાહાજી (આપા સાહેબ) ૧૮૪૦.

પ્ર૦ સંભાજી કેવા ગુણનો હતો?

ઉ૦ એની સાવકી માને તથા બીજાને મારી હત્યા કરી. તે બહાદુર હતો પણ અકલવાન ને ડાહ્યો ન હતો, તેમ દારૂડીઓ ને વિષયી હોવાથી કલુશા નામે બ્રાહ્મણની માઠી સોબતમાં પડયો.

પ્ર૦ સંભાજીએ શી રીતે જીવ ખોયો?

ઉ૦ તે દારૂમાં ચક્ચુર થયેલો હતો તે વખતે મોગલાઇ ફોજે એને અને કલુશાને પકડયા. ઔરંગજેબે એને મુસલમાન થવાનું કહાવ્યું ત્યારે તેણે કહ્યું કે તારી દીકરી પરણાવે તો થાઉં. એથી ઔરંગજેબે બંનેને મરાવી નાંખ્યા.

પ્ર૦ સંભાજીને માર્યા પછી ઔરંગજેબે કોને પકડયો ?

ઉ૦ સંભાજીની રાણીને અને તેના ૭ વર્ષના કૂંવરને કેદ કર્યા.

પ્ર૦ એથી મરેઠી પ્રજા મોગલને તાબે થઈ કે નહીં?

ઉ૦ શિવાજીએ આણેલા સ્વદેશાભિમાનથી તેઓ સંભાજી મૂ-

આથી નહીં ગભરાતાં તેના ભાઇ રાજારામને ગાદીએ બેસાડયો ને પ્રધાનો વગેરેની ગોઠવણ શિવાજી જેવી કરી.

પ્ર૦ મરેઠાઓએ રાજના બચાવનો કેવો ઉપાય કર્યો?

ઉ૦ રામરાજાને જંજીના કિલ્લામાં રાખી મરેઠા સરદારો મુગલાઇ મુલક ને ખજાનો લૂંટવા લાગ્યા. ને મોગલોને શિવાજીની લઢવાની રીતે હેરાન કરવા લાગ્યા.

પ્ર૦ મોગલોએ જંજીનો કિલ્લો કયારે લીધો ને રાજારામનું શું થયું?

ઉ૦ મોગલ સરદાર જુલ્ફીકરે ઈ. સ. ૧૬૯૮ માં જીંજી લીધો ત્યારે રાજારામને લાંચ લઈ નાશી જવા દીધો.

પ્ર૦ રાજારામ કયારે મરણ પામ્યો ને તેથી મરેઠી રાજનું શું થયું?

ઉ૦ ઈ.સ. ૧૭૦૦ માં. તેના મુવાથી તેના મોટા દીકરા શિવાજીને ગાદી આપી રાજારામની સ્ત્રી તારાબાઇ રાજકારભાર ચલાવવા લાગી

પ્ર૦ મોગલ ફોજનું મરેઠી ફોજ આગળ શાથી ચાલતું નહીં ?

ઉ૦ મોગલ સિપાઇ સુસ્ત અને સરદાર મોજીલા ને લાંચીઆ હતા તેથી તેમનું બળ ઘણું છતાં શૂરા, સાદા ને ચપળ મરેઠા આગળ મોગલોનું ચાલતું નહીં.

પ્ર૦ તારાબાઈએ કેવી રીતે કારભાર કર્યો ?

ઉ૦ એણે હોશિયારીથી ને બહાદુરીથી મોગલોને હંફાવ્યા ને ઔરંગજેબ મરતા સુધી મરાઠા તાબે થયા નહીં.

પ્ર૦ તે વખતમાં કયા બે મરેઠા સરદારો જાણમાં આવ્યા?

ઉ૦ નાનાજી ને ધનાજી. એ સરદારોએ બહુ પરાક્રમ કરી મોગલોને હંફાવી નામના કરી.

પ્ર૦ સંભાજીના દીકરાનું નામ શાહુ કેમ પડયું?

ઉ૦ એનું નામ શિવાજી હતું પણ તે કેદમાં હતો તે વખતે મહાનૂ શિવાજી ચોરીથી નાશી ગયો હતો ને આ નાશી ન ગ-

યો માટે ઔરંગઝેબ એને શાહુ કહેતો.

પ્ર૦ શાહુને ગાદી શી રીતે મળી ને ક્યારે મળી?

ઉ૦ ઔરંગઝેબ મૂઆ પછી તાબે રહી મદદ કરવાની સરતે શાહુને આઝીમે છોડયો, તારાબાઈ સામી થઈ, પણ મરેઠી સરદારોને શાહુ મળવાથી તારાબાઈ કોલ્હાપુર ગઈ ને ત્યાં રાજ સ્થાપ્યું. ને શાહુ સતારામાં રાજા થયો ઇ. સ. ૧૭૦૮ એ રીતે મોટી શાખા સતારામાં ને નાની કોલ્હાપુરમાં એમ શીવાજીના રાજના બભાગ થયા.

પ્ર૦ શાહુનો મુખ્ય પ્રધાન કોણ થયો?

ઉ૦ તારાબાઈ સાથે લઢવામાં બાળાજી વિશ્વનાથ નામે બ્રાહ્મણે એની સારી સેવા બજાવી તેથી તેને ઈ. સ. ૧૭૧૪ માં મુખ્ય દીવાન (પેશ્વા) નીમ્યો.

પ્ર૦ બાળાજી પેશ્વાએ કેવી રીતે કારભાર ચલાવ્યો ?

ઉ૦ શાહુરાજા મોગલોનું જોઇ મોજમજા ને આરામમાં પડયો ને બાળાજી જે કરે તે થાય. એણે મરેઠી રાજ્ય વધારી જોરપર આણ્યું તેથી પેશ્વા કરતા હરતા થયા ને સતારાના રાજા માત્ર નામના રહ્યા.

પ્ર૦ પેશ્વાની ગાદીએ કોણ કોણ ને ક્યારે થયા ?

ઉ૦ બાળાજી વિશ્વનાથ ઇ. સ. ૧૭૧૪, બાજીરાવ બલ્લાલ ૧૭૨૦, બાળાજી ૨ જો ૧૭૪૦, માધવરાવ ૧ લો ૧૭૬૧, નારાયણરાવ ૧૭૭૨, સવાઈ માધવરાવ ૧૭૭૪, બાજીરાવ ૨ જો ૧૭૯૪.

પ્ર૦ મરેઠી રાજનો વધારો બાલાજીના વખતમાં શી રીતે થયો?

ઉ૦ સૈયદ હુસેને સન ૧૭૧૮ માં બાલાજી સાથે સંધી કરી તેમાં દક્ષિણની ચોથનો, સરદેશમુખીનો અને પૂના સતારાના મૂલકની સ્વરાજીનો કરાર થયો. મોગલોની નબળાઇને લીધે મરેઠા બીજા પ્રાંતોમાં જઇ ચોથ ઉઘરાવવા લાગ્યા.

પ્ર૦ મરેઠી સત્તામાં બ્રાહ્મણો શી રીતે સામેલ થયા ?

ઉ૦ મરેઠા ભણેલા નહોતા તેથી હિસાબ વગેરેના કામમાં બ્રાહ્મણોની ગરજ પડતી તેથી બાળાજીએ પોતાની જાતના બ્રાહ્મણોને સરકારી કામકાજમાં ઘણા દાખલ કર્યા.

પ્ર૦ બાળાજી ક્યારે મરણ પામ્યો ને તેના પછી કોણ પેશ્વા થયું?

ઉ૦ ઈ. સ. ૧૭૨૦ માં બાળાજીના મૂઆથી તેનો મોટો દીકરો બાજીરાવ પેશ્વા થયો.

પ્ર૦ ગાયકવાડનો ઉદય શી રીતે થયો?

ઉ૦ શાહુની ફોજનો સેનાપતિ ખંડેરાવ ડાભાડે હતો. તેની ફોજમાં દામાજી ગાયકવાડ નામે શૂરો અમલદાર હતો. તેને શાહુએ સમશેર બહાદુરનો ખિતાબ ને ઉપસેનાપતિ નીમ્યો. સન ૧૭૨૦માં ખુંડેરાવ ને દામાજી મુવાથી ખંડેરાવનો છોકરો ત્રિબંકરાવ સેનાપતિ અને દામાજીના ભાઈ જંકોજીનો છોકરો પિલાજી ઉપસેનાપતિ થયો.

પ્ર૦ બાજીરાવ પેશ્વા કેવા ગુણનો હતો?

ઉ૦ મહાન શિવાજીના જેવો બાજીરાવ હતો. તે સ્વદેશાભિમાની, શૂરો, બુદ્ધિમાન, ભણેલો ગણેલો, ગુણની બુજ નિષ્પક્ષપાતે કરનારો હતો. એણે મરેઠી રાજ મોટી પદવીએ ચઢાવી આબાદ કર્યુ.

પ્ર૦ બાજીરાવે કેવી રીતે રાજકારભાર ચલાવ્યો ?

ઉ૦ મુગલાઇ પ્રાંતોમાંથી ચોથ, સરદેશ મુખી ને ઘાસ દાણાને નામે ખંડણી ઉઘરાવી ઘણી લૂંટ મેળવી, યોગ્ય માણસોને ઉત્તેજન આપી મોટી પદવીએ ચઢાવ્યા તેથી ઘણા માણસો, રાજ્યો કે જાગીરો પામ્યા. એ મૂલકો લૂંટવામાં ને જીતવામાં હોંશીઆર હતો પણ રાજ વહીવટમાં તેવો ન હોવાથી રૈયતની ખરાબી થઈ.

પ્ર૦ બાજીરાવના વખતમાં કયા સરદારો રાજસ્થાપનાર થયા?

ઉ૦ મલારજી હોલકર શુદ્ર હતો તેના વંશજો ઇંદોરમાં, બાજીરાવનાં પગરખાં સાચવનાર રાણોજી સિંધીઆનો વંશ ગ્વાલીઅરમાં,

પિલાજી ગાયકવાડ વડોદરામાં, ને એ વગર બીજા પણ હતા.

પ્ર૦ બાજીરાવની મૂખ્ય ધારણા કેવી હતી ને તે શી રીતે પાર પાડવાની હતી?

ઉ૦ મુગલ રાજ તોડી ભરતખંડના ધણી થવાની ઇચ્છા હતી. તેની ધારણા એ હતી કે દિલ્લીની પાદશાહત તોડી કે બીજા સુબાનાં રાજ નાશ પામતાં વાર નહીં લાગે.

પ્ર૦ એ ધારણા પાર પાડવાને બાજીરાવે શું કર્યું?

ઉ૦ ૧૭૩૪ સુધીમાં ગૂજરાત ને માળવા વશ કર્યાં.

પ્ર૦ બાજીરાવનીધારણા અફળ કરવાને કોણે યુકિતઓ રચીનેતેશી?

ઉ૦ નિઝામ-ઉલમુલ્કે સતારા ને કોલાપુરના રાજ્યો વચ્ચે લડાઇ કરવાની અને સરદારોમાં કુસંપ કરાવાની યુકિત કરી?

પ્ર૦ બાજીરાવે તે યુકિતઓ શી રીતે અફળ કરી.

ઉ૦ કોલાપુરની સેનાનો પરાજય કર્યો ને સેનાપતી ત્રિંબકરાવ દાભાડે નીજામની મદદવડે શાહુને કબજે લેઈ બ્રાહ્મણોની સત્તા તોડવાનો યત્ન કરતો હતો તેથી ગુજરાતમાં ડભોઈ આગળ તેને હરાવીને માર્યો. પણ હારેલાને શાંત કરવા ત્રિંબકરાવના બાળક દીકરાને સેનાપતી નીમી પીલાજીને રક્ષક ઠરાવ્યો ને ગૂજરાતની અરધી ઉપાજ પિલાજીની મારફત પેશ્વાને આપવાનો ઠરાવ કર્યો.

પ્ર૦ મરેઠા સરદારોમાં બાજીરાવના હુકમનું વજન શાથી પડતું?

ઉ૦ બાજીરાવ સઘળાં કામ શાહુની મંજુરીથી કરતો ને સંધી મહારાજને નામે કરતો તેથી પણ સઘળું કામ પેશ્વાની મારફત થતું. સરકારમાં આપવું લેવું અને નોકરો રાખવા એ સઘળું પેશ્વાની મારફત થવાથી ખરો અધિકાર પેશ્વાના હાથમાં હતો.

પ્ર૦ નિઝામ-ઉલ-મુલ્ક સાથે બાજીરાવને લડાઇ શાથી થઇ?

ઉ૦ બાજીરાવે પાદશાહ પાસે ખંડણીને કેટલોક મુલક માગ્યો નેતે કબુલાવા તે દીલ્લી ગયો. ત્યારે પાદશાહે નિઝામની મદદ માગી તેથી.

પ્ર૦ એ લડાઇ ક્યાં ને ક્યારે થઈ ને તેમાં શું થયું ?

ઉ૦ ભોપાલ આગળ ઇ. સ. ૧૬૩૬ માં થઈ. તેમાં નિજામ હાર્યો. તેથી આખો માળવા, નર્મદા ને ચંબલ વચ્ચેનો મુલક ને ૫૦ લાખ રૂપિઆ રોકડા આપવાનો ઠરાવ નિજામે કર્યો.

પ્ર૦ એ વખતે બાજીરાવના બીજા સરદારોએ કયો મુલક જીત્યો?

ઉ૦ એના ભાઈ ચીમનાજીએ પોર્ટુગીજ સાથે લડીને વસાઈ-નો કિલ્લો લીધો. ઈ. સ. ૧૭૩૯. ને રઘુજી ભોંસલાએ કટક સુધી મુલક લૂંટયો.

પ્ર૦ બાજીરાવ ક્યારે મરણ પામ્યો ને પછી કયો પેશ્વા થયો?

ઉ૦ ઈ. સ. ૧૪૪૦ માં એના પછી એનો મોટો પુત્ર બાળાજી પેશ્વા થયો.

પ્ર૦ બાળાજીને પેશ્વાઈ મળવામાં કોણ સામું થયું?

ઉ૦ રઘુજી ભોંસલે. પણ તેમાં તેનું કાંઈ વળ્યું નહીં.

પ્ર૦ શાહુરાજા ક્યારે મરણ પામ્યો ને તેના પછી કોણ રાજા થયું?

ઉ૦ સન ૧૭૪૮ માં બીજા શિવાજીના કુંવર રામરાજાને સતારાની ગાદીએ બેસાડયો.

પ્ર૦ પેશ્વાની ગાદી પુનામાં ક્યારે કરી ને કોણે?

ઉ૦ બાળાજી પેશ્વાએ ૧૭૪૮ માં ને રાજા સતારામાં રહેતા.

પ્ર૦ શાહુએ મરતી વખત કેવું વશિયતનામું કર્યું હતું?

ઉ૦ તેમાં લખ્યું હતું કે શિવાજીના વંશજો રાજા રહે ને તેની વતી કુલ કારભાર પેશ્વા કરે.

પ્ર૦ મરેઠી રાજ્યનાં અંગ ક્યાં હતાં?

ઉ૦ વરાડમાં રાઘોજી ભોંસલેનું, ધારમાં આનંદરાવ પુવારનું, વડોદરામાં પીલાજીના પુત્ર દામાજીનું. માળવામાં મલ્હારરાવ હોલકર-

નું. માળવાના ઈશાન ખુણામાં રાણોજીના દીકરા જયાપા સિંધીયાનું અક્કલકોટમાં ફતેસિંગ ભોંસલેનું, કોલાપુરમાં શાહુના પિત્રાઈ ભાઈ શંભાજીનું, ને તંજાવરમાં શિવાજીના ઓરમાન ભાઈ વ્યંકાજીના વંશનું રાજ હતું, પણ છેલ્લાં બે સતારાના રાજાથી સ્વતંત્ર હતાં.

પ્ર૦ પેશ્વાનું લશ્કર શી રીતે થતું હતું?

ઉ૦ એ રાજ્યો અને બીજા નાના મોટા ઘણા જમીનદારો હતા, તેમને જમીન મળતી તેપેટે ફોજો રાખતા ને તે પેશ્વાનાહુકમમાં રહેતી.

પ્ર૦ પેશ્વાએ નિજામ પાસેથી કયો મુલક જીતી લીધો હતો?

ઉ૦ વેનગંગા ને ગોદાવરી વચ્ચેનો દેશ ને કટક પ્રાંત.

પ્ર૦ પેશ્વાનાચલણથી સતારાના રાજાના હાથમાં શીસત્તા રહી?

ઉ૦ રામરાજાએ સ્વતંત્ર રાજ ચલાવવા ઇચ્છા બતાવી પણ તેમાં ન વળ્યાથી સતારાની આસપાસનાં કેટલાંક પ્રગણાનો વહિવટ ને નવા પેશ્વા થાય તેને પાઘડી બંધાવવાનું કામ માત્ર રાજાનીપાસે રહ્યું.

પ્ર૦ રામરાજા ક્યારે મરણ પામ્યો ને તેના પછી કોણ થયું?

ઉ૦ તે ઈ.સ. ૧૭૭૮માં અપુત્ર મૂઆથી બીજા શાહુને દત્તકલીધો.

પ્ર૦ શાહુએ પેશ્વાથી સ્વતંત્ર થવા ક્યારે યત્ન કર્યો ને તેમાં શું થયું?

ઉ૦ સન ૧૮૦૧ માં. પણ તેમાં તેનું કાંઈ વળ્યું નહીં. તેને ને તેના બે દીકરા બાળાસાહેબ અને આપાસાહેબને પેશ્વાએ કેદ કર્યા ને રાજ્ય છીનવી લીધું, ને શાહુ કેદમાંજ મૂવો.

પ્ર૦ બાળાસાહેબને ક્યારે ને શી રીતે ગાદી મળી?

ઉ૦ સન ૧૮૧૮માં અંગ્રેજે પેશ્વાનું રાજ લીધું ત્યારે બાળાસાહેબ (પ્રતાપસિંગ)ને કેટલોક મુલક આપી સતારાનીગાદીએબેસાડયો.

પ્ર૦ આપાસાહેબને ક્યારે ને શી રીતે ગાદી મળી ?

ઉ૦ પ્રતાપસિંહ ઉપર સન ૧૮૩૭ માં અંગ્રેજ સરકારને ફીતુર-

નો વહેમ આવ્યાથી તેને ઉઠાડી આપાસાહેબને ગાદી આપી.

પ્ર૦ સતારાનું રાજ ક્યારે ખાલસા થયું ને શિવાજીના વંશજોનું શું કર્યું?

ઉ૦ આપાસાહેબ સન ૧૮૪૮ માં મૂવાથી સતારાનું રાજ ખાલસા કર્યું ને આપાસાહેબના દત્ત પુત્ર રાજારામને ૫૦૦૦૦ નું વર્ષાસન આપે છે પણ તે રાજા કહેવાતો નથી.

પ્ર૦ સીધીઆ અને આંગ્રીઆલોકોનો બંદોબસ્ત શી રીતે કર્યો?

ઉ૦ એ લોકોનાં વહાણ મલબાર કાંઠે ચોરી ને લૂંટ કરતાં. તેમનો બંદોબસ્ત મુંબાઇના અંગ્રેજો જોડે મળી પેશ્વાએ કર્યો.

પ્ર૦ બાળાજી પેશ્વાએ સન ૧૭૫૭ માં ક્યાં સ્વારી કરી ને તેમાં શું થયું?

ઉ૦ અર્કાટના નવાબ ને મૈસુરના રાજા ઉપર સ્વારી કરી ખંડણી લીધી.

પ્ર૦ ઉદગીર આગળ લઢાઈ કોની વચ્ચે થઇ ને તેમાં શું થયું?

ઉ૦ સન ૧૭૬૦ માં હૈદ્રાબાદના નિજામ સલાબતજંગને તેના ભાઈ નિજામઅલીએ મરેઠી રાજ ઉપર ચઢાઈ કરી. તેમાં મરેઠા સરદાર બાળાજીના કાકા ચીમનાજી આપાનો છોકરો સદાશિવરાવ હતો. તેણે મોગલોને હરાવ્યા ને પુષ્કળ મુલક લઈ સંધી કરી.

પ્ર૦ રઘુનાથરાવ કોણ હતો ને તેણે શું કર્યું

ઉ૦ પેશ્વા બાળાજીનો ભાઇ હતો. તેણે સન ૧૭૫૮ માં પંજાબ ઉપર સ્વારી કરી અટક સુધીનો મુલક મેળવ્યો. એ વખતે મરેઠો રાજ્યનો સૂર્ય પુર્ણ કળાએ તપ્યો, બંગાળાથી અટક સુધી ને હિમાલયથી કન્યાકુમારી સુધી તેમની હાક વાગી રહી.

પ્ર૦ મરેઠા ઉપર હિંદુ પ્રજા શાથી નાખુશ હતી?

ઉ૦ મરેઠા માત્ર લૂંટતા ને રૈયતને પીડતા, ન્યાયથી વર્તી રૈયતનું રક્ષણ કરતા નહીં તેથી.

પ્ર૦ અફગાન સુલતાન અહમદશાહ અબદલી શાથી હિંદુસ્તાન ઉપર ચઢી આવ્યો?

ઉ૦ મરેઠાની ચાલથી નાખુશ થઈ મુસલમાન સામા થયા. તેમાં રોહિલા સરદાર નજીબુલ્દૌલા ને અયોદ્ધાનો સુજાઉદ્દૌલા હતા તેમની વહારે અબદલ્લી આવ્યો.

પ્ર૦ તેમની સામા કયા મરેઠી સરદારો ગયા ને તેમાં શું થયું?

ઉ૦ સીંધીયા ને હોલ્કર સામા થયા પણ તે ભારે નુકશાન ખમી પાછા હઠયા.

પ્ર૦ અફગાનોને મારી કાઢવા પેશ્વાએ શા ઉપાય કર્યા?

ઉ૦ બધા મરેઠી સરદારોનાં લશ્કર એકઠાં કરી એક જબરૂં લશ્કર સદાશિવરાવની સરદારી નીચે પેશ્વાએ અફગાનોને કાઢી હિંદુસ્તાનના ધણી થવાને મોકલ્યું, તેની સાથે પેશ્વાનો પાટવી કુંવર બિશ્વાસરાવ પણ હતો.

પ્ર૦ એ લઢાઇમાં ભાઉની મદદે કોણ કોણ આવ્યું?

ઉ૦ ભરતપુરના જાટ રાજા સુરજમલ ને બીજા રજપુત રાજાઓ.

પ્ર૦ એ લઢાઇ કરવા વિષે સુરજમલ વગેરેની શી યોજના હતી?

ઉ૦ શિવાજી ને બાજીરાવની રીતે નાસતા ભાગતા લઢી મુસલમાનોને ઘાસદાણાનો તોટો પાડી પીડવા એટલે હેરાન થઈ અફગાન પાછા જશે. ને તે સારૂ બૈરાં છોકરાંને ભરતપૂર વગેરે મજબૂત કિલ્લામાં રાખવાં.

પ્ર૦ સદાશીવરાવની એ બાબત કેવી યોજના હતી?

ઉ૦ નિજામ ઉપર મેળવેલી ફતેહને લીધે તેને ગર્વ થયો તેથી તે-

ણે પોતાની પાસેની ૨૦૦ તોપો વડે ને ઇબ્રાહિમખાંની સરદારી નીચે કેળવાયલા ૧૫૦૦૦ કવાયતી પાગદળને લીધે મુસલમાનોને મેદાનમાં લઢીને હરાવવા, ને તેથીજ સુરજમલને બીજા મરેઠા સરદારોના વિચાર એને પસંદ ના પડયા.

પ્ર૦ ભાઉએ પ્રથમ દિલ્લી જઈ શું કર્યું ?

ઉ૦ રાજમહેલ લૂંટયો તથા વિશ્વાસરાવને ગાદીએ બેસાડવા વિચાર કર્યો પણ તે બીજાને ન ગમ્યાથી પાર ન પડયો.

પ્ર૦ મુસલમાન ને મરેઠાની લઢાઈ કયાં કયારે થઇ?

ઉ૦ સન ૧૭૬૧ માં પાણીપતના મેદાનમાં.

પ્ર૦ એ લઢાઇમાં મરેઠી લશ્કર કેટલું હતું ?

ઉ૦ ૨૦૦ તોપ, ૧૫૦૦૦ કવાયતી પાયદળ, ૫૫૦૦૦ સ્વાર ને નોકરો વગેરે બીજાં બે લાખ માણસ હતાં ?

પ્ર૦ મુસલમાની લશ્કર કેટલું હતું ?

ઉ૦ ૪૬૮૦૦ સ્વાર, ૩૮૦૦૦ પાયદળ, ને ૭૦ તોપો હતી.

પ્ર૦ ભાઉના અવિચારથી એની મદદમાંથી કોણ પાછું ગયું ?

ઉ૦ સુરજમલ અને બીજા રજપૂત રાજાઓ.

પ્ર૦ એ લઢાઇમાં શું પરિણામ આવ્યું ?

ઉ૦ મરેઠી છાવણીમાં અન્નનો તોટો પડયો ને તેઓ મુસલમાનથી ઘેરાઇ ગયા ને છેવટે લઢાઈમાં વિશ્વાસરાવ ને ભાઉસાહેબ મરાયા, મલ્હારરાવ હોલ્કર ને દામાજી ગાયકવાડ નાશી ગયા, બીજા હજારો મરેઠા મરાયા ને કપાયા, હજારો પકડાયા તેમને કાપી નાંખ્યા ને ગુલામ કર્યા. એ રીતે સુમારે બે લાખ મરેઠા મરણ પામ્યા.

પ્ર૦ પેશ્વા બાળાજી શાથી મરણ પામ્યો ને તે કેવો હતો ?

ઉ૦ પાણીપતની હારના સમાચાર સાંભળી પેશ્વા બહુ ખીન્ન

થયો ને શોકમાં મરણ પામ્યો. એ રંડીબાજ, આળસુ, ખંદો પ-ણ માયાળુ હતો.

પ્રકરણ ૧૨ મું.

મરેઠી રાજ્ય.

પ્ર૦ બાળાજી પછી કયો પેશ્વા થયો?

ઉ૦ બાળાજીનો મોટો દીકરો વિશ્વાસરાવ પાણીપતમાં મરાયાથી તેનો બીજો દીકરો માધવરાવ પેશ્વા થયો.

પ્ર૦ માધવરાવને કોણે પેશ્વાની ગાદીએ બેસાડ્યો?

ઉ૦ સતારામાં પૂરાયલા રાંમરાજાએ.

પ્ર૦ માધવરાવનો કારભાર કોણ કરવા લાગ્યું?

ઉ૦ તે ૧૭ વર્ષનો હોવાથી તેનો કાકો રઘુનાથરાવ.

પ્ર૦ નિજામઅલીએ પુના ક્યારે લૂંટ્યું?

ઉ૦ માધવરાવને તેના કાકાથી સ્વતંત્ર થવાની ઇચ્છા થવાથી મરેઠામાં કુસંપ થયો. તેવામાં નિજામે પુના લૂંટ્યું.

પ્ર૦ મરેઠાએ એ હારનું વેર લીધું કે નહીં?

ઉ૦ પછી મરેઠાએ સંપ કરી નિજામને હરાવ્યો. તેમાં પેશ્વાએ બહુ બહાદૂરી બતાવી.

પ્ર૦ માધવરાવના વખતમાં ક્યા પ્રખ્યાત પુરૂષો હતા?

ઉ૦ રામશાસ્ત્રી નામે ન્યાયાધિશ, સખારામ બાપુ ને નાના ફ-ડનવીશ નામે ચતુર કારભારી ને ત્રંબકરાવ મામા ને હરીપંત નામે શૂરા સરદારો હતા.

પ્ર૦ મૈસુરના હૈદરઅલીએ મરેઠી રાજ્ય ઉપર ક્યારે સ્વારી કરી ને તેમાં શું થયું?

ઉ૦ સન ૧૭૬૪ માં સ્વારી કરી. તેમાં પેશ્વાએ હૈદરને હરાવી ૩૨ લાખ રૂપીઆ દંડ લીધો.

પ્ર૦ મલ્હારરાવ હોલ્કર ક્યારે મુઓ ને તેની ગાદીનું શું થયું?

ઉ૦ સન ૧૭૬૬ માં મુવાથી તેનો પૌત્ર ગાદીએ બેઠો, કેમકે તેનો દીકરો તો અગાઉથી મરી ગયો હતો. એ પૌત્ર જલદી મરી જવાથી એની મા અહલ્યાબાઇએ તુકાજી નામે શૂરા જોદ્ધાને ખોળે લેઇ પોતે રાજકારભાર કરવા માંડયો ને લઢાઈનું કામ તુકાજીને સોંપ્યું.

પ્ર૦ અહલ્યાબાઈએ કેવી રીતે રાજ ચલાવ્યું ?

ઉ૦ એ બાઈ બુદ્ધિવાન, ભણેલી, ઉદ્યોગી, સદ્‌ગુણી, દયાળુને ભક્ત હતી, એના વખતમાં રાજ આબાદ થયું ને મૂઆ પછી દેવી ગણાઇ પુજાઇ. પ્રભાસપાટણમાં સોમનાથનું હાલનું દેવળ એણે બંધાવ્યું છે. અને એ વગર પણ બીજાં ઘણાં દેવસ્થાનો બંધાવ્યાંછે

પ્ર૦ તે વખતે ભોંસલેની ને સિંધીઆની ગાદીએ કોણ હતું?

ઉ૦ રાઘુજી ભોંસલે પછી જાનોજી હતો તે પેશ્વાની વિરૂદ્ધ હોવાથી માધવરાવે તેને જેર કરી વશ કર્યો. જંકાજી સિંધિઆ પાણીપતના યુદ્ધમાં મરાયાથી રાણોજીના અનૌરસ પુત્ર મહાદજીને માધવરાવે સિંધીઆની ગાદીએ બેસાડયો.

પ્ર૦ રઘુનાથરાવે શાથી બળવો કર્યો ને તેમાં શું થયું?

ઉ૦ તેની સ્ત્રી આનંદીબાઇની શીખવણીથી બળવો કર્યો પણ પેશ્વાએ તેને હરાવી પોતાના ઘરમાં કેદ રાખ્યો.

પ્ર૦ મરેઠાઓએ ફરીને દિલ્લી ક્યારે લીધી?

ઉ૦ સન ૧૭૬૯માં મરેઠાઓએ રજપૂત રાજાઓને રોહીલા પાસેથી ખંડણી લેઈ દિલ્લી લીધી ને શાહઆલમ તેમના રક્ષણમાં આવ્યો.

પ્ર૦ હૈદર સાથે બીજીવાર ક્યારે લઢાઈ થઈ?

ઉ૦ સન ૧૭૭૨માં હૈદરે મરેઠા સાથે વિરોધ કર્યાથી તેને હરાવી મરેઠાએ પોતાને લાભકારી સરતો કરી સંધી કરી.

પ્ર૦ માધવરાવ ક્યારે મરણ પામ્યો ને તે કેવો હતો?

ઉ૦ સન ૧૭૭૨માં. એ ચતુર, શૂરો, શાણો ને પ્રજાને સુખી કરવાને આતુર હતો. એણે વેઠ બંધ કરી ગરીબોનું રક્ષણ કર્યું. સરદારોને તાબામાં રાખતો. ને નહીં રહેનારને સજા કરતો. કામદાર ગુણ જોઇ રાખતો. એના વખતમાં મરેઠી રાજ્યની ઉપજ સાત કરોડ રૂપીઆ હતી. એ ૨૮ વરસની જુવાન વયમાં મૂઓ. પાણીપતની હાર પછી એણે પાછા મરેઠા જોરભેર કર્યા. પણ એના અકાળ મૃત્યુથી રાજને ભારે હાની થઇ.

પ્ર૦ માધવરાવ પછી પેશ્વા કોણ થયો?

ઉ૦ એને છોકરો નહોતો તેથી તેનો ૧૮ વરસનો ભાઇ નારાયણરાવ પેશ્વા થયો.

પ્ર૦ એને કોણે મરાવી નાંખ્યો ?

ઉ૦ સન ૧૭૭૪ માં એની કાકી આનંદીબાઇ તથા કાકા રઘુનાથરાવે મરાવ્યો.

પ્ર૦ નારાયણરાવને મરાવાથી રઘુનાથરાવની મતલબ પાર પડી?

ઉ૦ એને પેશ્વા થવું હતું પણ નારાયણરાવની સ્ત્રીએ છોકરો જણવાથી તેના પક્ષમાં સખારામબાપુ, નાના ફડનવીસ વગેરે થયા. તેમણે એ નાના બાળકને સવાઈ માધવરાવ નામથી ગાદીએ બેસાડી કારભાર કર્યો.

પ્ર૦ રઘુનાથરાવ ક્યાં ગયો ને ત્યાં શું કર્યું?

ઉ૦ એ બ્રહ્મહત્યારા સામી આખી મરેઠી પ્રજા થયાથી તે સુરત ગયો ને મુંબાઇના અંગ્રેજને ચીમનાજી આપાએ મહા મહેનતે જીતે-

આ સાષ્ટીને વસાઇ આપવાના કબુલી તેમની મદદવડે પુનાની ગાદી લેવા સંધી કરી. સન ૧૭૭૪.

પ્ર૦ સન ૧૭૭૪ માં કોણ જન્મ્યું?

ઉ૦ મરેઠીરાજનો કાળ બાજીરાવ,પાપી આનંદીબાઇને પેટ અવતર્યો

પ્ર૦ તે વખતે હિંદુસ્તાનના કંપનીના કારભારમાં શો ફેરફાર થયો હતો ?

ઉ૦ કલકત્તાનો ગવરનર જનરલ ઠર્યો, ને તે મુંબાઈ ને મદ્રાસના ગવરનરનો ઉપરી ઠર્યો.

પ્ર૦ તે વખતે ગવરનર જનરલ કોણ હતો?

ઉ૦ વારનહેસ્તિંગ્સ.

પ્ર૦ હેસ્તિંગ્સે મરેઠાની લઢાઇમાં મુંબાઇસરકારને શો હુકમ કર્યો ?

ઉ૦ રાઘોબાનો પક્ષ છોડી પેશ્વા સાથે સંધી કરવાનો.

પ્ર૦ એ હુકમ ગવરનર જનરલે શાથી ફેરવ્યો ?

ઉ૦ મરેઠા ફ્રેંચ રાજ્યની કુમક મેળવવાનો વિચાર કરેછે એવી ખબર મળી તેથી તેણે મરેઠા સાથે લડવાનો વિચાર કરી કલકત્તેથી મુંબાઇના લસ્કરની મદદે લસ્કર મોકલ્યું.

પ્ર૦ વારગામ આગળ શાથી સંધી થઈ ?

ઉ૦ કલકત્તાનું લસ્કર આવતા પહેલાં મુંબાઇનુ લસ્કર હાર્યાથી તે લસ્કરે સંધી કરી.

પ્ર૦ સંધી કર્યા છતાં ફરીને શાથી લડાઇ સળગી ?

ઉ૦ એ સંધી મુંબાઇમાં ને વિલાયતમાં મંજુર થઈ નહીં તેથી

પ્ર૦ એ લઢાઇમાં શુ થયું ?

ઉ૦ જનરલ ગાડર્ડે ડભોઇ ને અમદાવાદ જીત્યાં. પણ વસાઇથી પાછો હઠયો ને તેવામાં સન ૧૭૮૦ માં નિજામને હૈદરે મરેઠાની

વાહારે ચઢવાના કરાર કરી હૈદરે કર્નાટક ઉપર સ્વારી કર્યાથી અંગ્રેજે મરેઠા જોડે સંધી કરી.

પ્ર૦ એ સંધી ક્યાં થઈ ને તેમાં શા ઠરાવ થયા ?

ઉ૦ સન ૧૭૮૨ માં સાલબાઈ મુકામે સંધી થઈ તેમાં ઠર્યું કે મરેઠાનો લીધેલો મુલક પાછો આપવો. અંગ્રેજ ને પોર્ટુગીજ વગર બીજા યુરોપિયનને નોકર રાખવા નહીં. ભરૂચ સિંધીઆને આપવું. હૈદર સામી અંગ્રેજ ને મરેઠાએ મદદ કરવી ને રાઘોબાને મહીને પચીસ હજાર રૂપીઆ આપવા.

પ્ર૦ મરેઠી રાજ્ય પડી ભાગવાનું મંડાણ શાથી થયું ?

ઉ૦ પેશ્વાનો અધિકાર રઘુનાથરાવની ચાલથી નરમ પડ્યો તેથી મહાદજી સિંધીએ પેશ્વાથી નોખા પડી સ્વતંત્ર થવા ઇચ્છયું ને એ પ્રમાણે બીજા સરદારો પણ સ્વતંત્ર થવા લાગ્યા તેથી.

પ્ર૦ મહાદજી સિંધીએ શાં પરાક્રમનાં કામો કર્યાં ?

ઉ૦ એણે ગોહદના રાણા પાસેથી ગ્વાલિયર જીત્યું. ત્યાંથી દિલ્લી જઈ પાદશાહને કબજે કરી સનંદ લખાવી લીધી કે પાદશાહનો મુખ્ય કારભારી પેશ્વા ને પેશ્વાની વતી સિંધીઓ કામ કરે. જેપૂર ને જોધપૂરના રાજાને તથા ઘણા મુસલમાન નવાબોને ખંડીયા કર્યા. તથા ફ્રેંચ નોકર રાખી કવાયદી પાયદળ તથા તોપખાનું ઉભું કર્યું.

પ્ર૦ એ વખતમાં મરેઠા ને નિજામે કોની સાથે લઢાઈ કરી ?

ઉ૦ સન ૧૭૮૪ થી ૮૭ સુધી એ બંનેએ ટીપુ સુલતાન જોડે વઢીને ૪૫ લાખ રૂપિઆ ખંડણી લીધી.

પ્ર૦ શાહઆલમ પાદશાહને આંધળો કોણે કર્યો ને તેનું શું થયું ?

ઉ૦ સિંધીઆની ગેરહાજરીમાં ગુલામ કાદરે પાદશાહને આંધળો કર્યો ને સિંધીઆએ જઈને તેને છોડાવ્યો.

પ્ર૦ સિંધીઆને હોલ્કરને શાથી લઢાઈ થઈ ને તેમાં શું થયું?

ઉ૦ બંને વચ્ચે કુસંપ ને અદેખાઇ થવાથી તથા પેશ્વાની સત્તા તૂટવાથી તેમને કોઈ વારનાર ન રહેવાથી અજમેર આગળ બંને લડયા તેમાં હોલ્કર હાર્યો.

પ્ર૦ મહાદજી સિંધીઆ ક્યારે મૂઓ ને પછી કોણ થયો?

ઉ૦ સન ૧૭૯૪ માં એ મૂવાથી તેના ભાઈનો પૌત્ર દોલતરાવ સિંધીઆ થયો.

પ્ર૦ તે વખતે રાજનીતિ જાણનાર કયો મરેઠો હતો?

ઉ૦ નાનાફડનવીસ એ મરેઠી રાજ્યના મહા પુરૂષોમાં છેલ્લો હતો.

પ્ર૦ તે વખતે મરેઠાની કેવી સ્થિતિ હતી?

ઉ૦ મરેઠા સરદારોપરથી પેશ્વાની સત્તાની દોરી નરમ પડી હતી તેથી મોટા સરદારો સ્વતંત્ર થઈ જવા લાગ્યા હતા. દેશમાંથી સાહસને પરાક્રમ કરવાને ઉત્સાહ ઘટી ગયો હતો, અને પ્રતાપી પુરૂષો મરતા ગયા તેમ નવા થતા નહોતા.

પ્ર૦ પેશ્વાને નિજામ સાથે શાથી લઢાઈ થઈ, ક્યારે થઈ ને તેમાં શું થયું?

ઉ૦ નિજામે ચઢેલી ખંડણી ન ભરી તેથી સન ૧૭૯૫ માં કુર્દુલા આગળ લઢાઈ થઇ, બધા મરેઠી નાયકો પેશ્વાની સરદારી નીચે આ છેલ્લીવારજ લઢયા, નિજામ હાર્યો ને ત્રણ કરોડ રૂપિઆ ને કેટલાક પ્રાંતો આપવાની સરતે નિજામે સંધી કરી.

પ્ર૦ સવાઇ માધવરાવે શાથી આપઘાત કર્યો?

ઉ૦ એ વખતે નાનાફડનવીસ પ્રધાન હતો ને તેનું પૂરચલણ હતું. પેશ્વા ૨૧ વરસનો થયો પણ તેને અધિકાર ન સોંપ્યો તેથી તથા રઘુનાથરાવના છોકરા બાજીરાવને અને બીજા ભાઈઓને કેદ કર્યા હ-

ના તેમને છોડાવી પેશ્વા પોતાની પાસે રાખવા ઇચ્છતો હતો. પણ પ્રધાને ના કહ્યાથી તે બહુ ખીન્ન થઇને અગાશીએ પડતું મૂકી મરણ પામ્યો સન ૧૭૯૫.

પ્ર૦ સવાઇ માધવરાવ પછી કોણ પેશ્વા થયો ?

ઉ૦ બાજીરાવનો હક હતો પણ નાનાએ તેને બેસવા દીધો નહીં. છેવટે કેટલીક ખટપટ ચાલ્યા પછી નાનાએ અને સિંધીઆએ મળી બાજીરાવને ગાદી આપી.

પ્ર૦ બાજીરાવ કેવા ગુણનો હતો ?

ઉ૦ રાજ્ય ચલાવવાને તે અયોગ્ય હતો. રાજ્ય ખોવાનાં બધાં અપલક્ષણ એનામાં હતાં.

પ્ર૦ સિંધીઆની ને નાનાની વચ્ચે અણબનાવ શાથી થયો ?

ઉ૦ બાજીરાવે એ બંનેથી છૂટવા માટે બંને વચ્ચે અણબનાવ કરાવ્યો. પેશ્વાની ગુપ્ત રજાથી સિંધીએ પુના લૂંટયું ને નાનાને અહમદનગરમાં કેદ કરી સિંધીઆના સસરા ઘાટગેને કારભારી ઠરાવ્યો.

પ્ર૦ પેશ્વાએ નાનાને ફરીને કારભારી શાથી ઠરાવ્યો ?

ઉ૦ સિંધીઆના લશ્કરે બંડ કર્યું ને માંહોમાંહે કતલ કરવા માંડી. બીજા સરદારો પણ માંહોમાંહે લઢવા લાગ્યાથી રાજ્યમાં અવ્યવસ્થા થઇ ત્યારે નાનાને કેદમાંથી કાઢી ફરી કારભારી નીમ્યો તેથી સિંધીઓ ઉત્તર હિંદુસ્તાનમાં ગયો.

પ્ર૦ ત્યાં તેને કોની સાથે લઢાઇ થઇ ?

ઉ૦ જસવંતરાવ હોલકર સાથે, તેમાં બંનેનાં ઘણાં માણસો મરાયાં. ઇ. સ. ૧૮૦૦.

પ્ર૦ નાના ફડનવીસ ક્યારે મૂવો ને તે કેવો હતો ?

ઉ૦ સન ૧૮૦૦ માં મૂવો. એ બીકણ પણ સ્વદેશાભિમાની હ-

તો. રાજકાજમાં એની સમજણ ઊંડી હતી. તે અંગ્રેજને વખાણુ-તો ને માન આપતો. પણ રાજકાજમાં તેમનાથી ડરી અપ્રીતિ રાખતો. રાજરક્ષણ માટે અંગ્રેજ સેના પુને ન રાખવી કેમકે તેથી સ્વતંત્રતા જતી રહે એવો તેનો અભિપ્રાય હતો.

પ્ર૦ સિંધીઆ ને હોલ્કરમાં પેશ્વા કોની તરફ હતો?

ઉ૦ સિંધીઆ તરફ. તેથી હોલ્કરે નજર ચુકાવી ઓચિંતા પુને આવી બાજીરાવના લસ્કરને હરાવ્યું. બાયલો બાજીરાવ વસાઈનાશી ગયો. તેથી હોલ્કરે બાજીરાવના ભત્રીજાને ગાદી આપી. ઈ.સ. ૧૮૦૨.

પ્ર૦ બાજીરાવે ગાદી મેળવવાને શું કર્યું?

ઉ૦ અંગ્રેજ જોડે કરાર કર્યો કે અંગ્રેજ ગાદી અપાવે. ને તેના રાજનું રક્ષણ કરવું ને તે માટે પુનામાં લસ્કર રહે તે પેટે છવીસ લાખ રૂપિઆ આપવા. સુરતપર દાવો ન રાખવો. નિજામ ને ગાયકવાડ સાથેના વાંધા અંગ્રેજ મારફત પતાવવા. અંગ્રેજના દુસ્મન કોઇ યુરોપી લોકને નોકર ન રાખવા. એ શરતે અંગ્રેજે બાજીરાવને ગાદી અપાવી તે પરાધિનપણે બાજીરાવે ભોગવી.

પ્ર૦ બાજીરાવે પેશ્વાઇ શાથી ખોઇ?

ઉ૦ સોળ વર્ષ પરાધિનપણે પેશ્વાઈ ભોગવી તે દરમિયાન ચંડાળ કામો કર્યાં ને અંગ્રેજ જોડે દગલબાજી કરી સન ૧૮૧૮માં લડયો ત્યારે અંગ્રેજે તેનું રાજ્ય લઇ લીધું.

પ્ર૦ રાજ્ય ગયા પછી બાજીરાવ કયાં રહ્યો?

ઉ૦ અંગ્રેજે આઠ લાખ રૂપિઆનું વર્ષાસન આપ્યું તે લેઇ કનોજ પાસે બીથુરમાં રહ્યો.

પ્રકરણ ૧૩ મું.

પ્ર૦ મુંબાઇ અંગ્રેજ કંપનીને શી રીતે મળી?

ઉ૦ એ બેટ પોર્ટુગીજને તાબે હતો તે જ્યારે પોર્ટુગાલના રાજાએ તેની કુંવરી ઈંગ્લાંડના રાજા વેરે પરણાવી ત્યારે તેને પેહેરામણીમાં આપ્યો. ઈંગ્લાંડના રાજાએ તે અંગ્રેજ કંપનીને સોંપ્યો.

પ્ર૦ ભરતખંડમાં રાજ કરવાને કયી યુરોપી પ્રજાએ યત્ન કર્યો ?

ઉ૦ અંગ્રેજ અને ફ્રેન્ચ તેમાં અંગ્રેજે જય મેળવી દેશી રાજ્યો વશ કર્યાં.

પ્ર૦ અંગ્રેજે મદ્રાસ અને કલકત્તા શી રીતે સાચવ્યાં?

ઉ૦ અંગ્રેજે વિજયનગરના રામરાજાના ભાઈ કનેથી જમીન વેચાતી લઈ મદ્રાસ વસાવ્યું ને ઔરંગજેબના વખતમાં સન ૧૬૫૬ માં કલકત્તા નામે ગામ વેચાતું લેઇ ત્યાં કિલ્લો બાંધી શહેર વસાવ્યું. એ શહેર હાલ ભરતખંડની રાજધાની છે.

પ્ર૦ પાંદીચેરી ફ્રેંચોએ શી રીતે વસાવ્યું ?

ઉ૦ સન ૧૭૫૪ માં ફ્રેંચોએ વિજાપુરના રાજા કનેથી જમીન વેચાતી લઇ પાંદિચેરી વસાવ્યું ને ત્યાં રાજધાની કરી.

પ્ર૦ પાંદિચેરીમાં પહેલો ગવરનર કયો થયો ?

ઉ૦ માર્ટિન. તેણે પાંદિચેરી આબાદ કર્યું.

પ્ર૦ કયો ફ્રેંચ ગવરનર દેશી રાજ્યોના કજીઆમાં પડવા લાગ્યો ?

ઉ૦ માર્ટિન પછી ડુમાસ થયો તે. એ બહુ સાહસિક હતો?

પ્ર૦ કર્ણાટકમાં કયો મુગલ સરદાર સ્વતંત્ર થયો ?

ઉ૦ પ્રથમ સાદતખાં ને પછી તેનો ભત્રીજો દોસ્તઅલ્લી.

પ્ર૦ ચંદાસાહેબ કોણ હતો ને તેણે શું કર્યું ?

ઉ૦ દોસ્તઅલ્લીનો જમાઇ. તેણે ત્રિચીનાંપલીનો હિંદુ રાજા મુઆ પછી દગાથી એ શહેર લઇ લીધું, તથા તંજાવરના મરેઠી રાજા કનેથી કારિકલ બંદર લેઇ ફ્રેંચને આપ્યું ને બીજે કેટલોક મુ-

લક જીત્યો.

પ્ર० તંજાવરના રાજાની મદદે કયા મરેઠા સરદાર ચઢયા?

ઉ० મોરારીરાવ અને રઘુજી ભોંસલે કર્નાટક ઉપર ચઢી આવ્યા ને અંબુર આગળ નવાબ દોસ્તઅલીને હરાવીને માર્યો.

પ્ર० તે પછી કર્નાટકનો નવાબ કોણ થયો?

ઉ० રઘુજીએ મસ ધન લેઈ દોસ્તઅલીના દીકરા સફદરઅલીને નવાબ ઠરાવ્યો ને ચંદાસાહેબને પકડીને સતારે લઇ ગયો.

પ્ર० ફ્રેન્ચોને ચંદ્રનગર શી રીતે મળ્યું?

ઉ० એ શહેર તેમણે ઔરંગઝેબ પાસેથી વેચાતું લીધું હતું.

પ્ર० સન ૧૭૪૧ માં પાંદિચેરીમાં કયો ગવરનર થયો ?

ઉ० ચંદ્રનગરમાં ચતુર ને ધનવાન ગવરનર ડુપ્લે હતો તેની બદલી પાંદિચેરી થઇ.

પ્ર० એ ડુપ્લેની ધારણા કેવી હતી ?

ઉ० અંગ્રેજને કહાડી ભરતખંડમાં ફ્રેન્ચ રાજ્ય સ્થાપવાની.

પ્ર० કર્નાટકના નવાબ સફદરઅલીને કોણે માર્યો?

ઉ० તેના એક સરદારે તેથી તેનો છોકરો ને બેગમ મદ્રાસ અંગ્રેજને આશરે ગયાં.

પ્ર० કર્નાટકની અવ્યવસ્થા મટાડવાને કયો મુગલસુબો આવ્યો?

ઉ० દક્ષિણનો સુબેદાર નિઝામ-ઉલ-મુલ્ક. તેણે સફદરઅલીના બાળકને નવાબ ઠરાવી પોતાના એક અનુભવી સરદાર અનવરૂદીનને તે બાળકોનો રક્ષક ઠરાવ્યો.

પ્ર० કર્નાટકનો નવાબ અનવરૂદીન શી રીતે ગયો?

ઉ० સફદરઅલિનો દીકરો મરણ પામ્યાથી એ નવાબ થયો ને તે ફ્રેંચના પક્ષમાં હતો.

પ્ર૦ દુપ્લેએ અંગ્રેજ પાસેથી મદ્રાસ શી રીતે જીત્યું ?

ઉ૦ યુરોપમાં ફ્રેંચ અને અંગ્રેજને લઢાઈ ચાલતી હતી તેથી દુપ્લેએ મદ્રાસને ઘેરો ઘાલ્યો.

પ્ર૦ દુપ્લેની મદદે કયો ફ્રેંચ સરદાર આવ્યો?

ઉ૦ ફ્રેંચ તાબાના હીંદી, મહાસાગરમાંના બેટોનો ગવરનર લાબાર્દોનેસ આવ્યો. ૧૭૪૬.

પ્ર૦ દુપ્લે ને લાબોર્દોનેસ વચ્ચે કેવો બનાવ હતો?

ઉ૦ બંનેને સંપ નહોતો. લાબોર્દોનેસે મદ્રાસ લીધું પણ દુપ્લેના અભિપ્રાયથી ઉલટી રીતે અમુક રકમ આપ્યાથી મદ્રાસ પાછું આપવાનો કરાર લાંચ લેઇ કર્યો ને ચાલ્યો ગયો.

પ્ર૦ દુપ્લેએ તે કરાર પાળ્યો કે નહીં?

ઉ૦ દુપ્લેએ તે કરાર તોડી અંગ્રેજોને પાંદીચેરીમાં કેદ કર્યા.

પ્ર૦ નવાબને અને દુપ્લેને લઢાઈ થવાનું કારણ શું ?

ઉ૦ નવાબે મદ્રાસ માગ્યું તે ન આપ્યાથી નવાબ ૧૦૦૦૦ માણસ લઈ ફ્રેંચ સાથે લઢયો. તેમાં ફ્રેંચો જીત્યા તેથી અનવરદીન અંગ્રેજના પક્ષમાં ગયો.

પ્ર૦ અંગ્રેજને મદ્રાસ શી રીતે પાછું મળ્યું ?

ઉ૦ અંગ્રેજને ઇંગ્લાંડથી મદદ આવ્યાથી પાંદીચેરી ઘેર્યું પણ કાંઈ વળ્યું નહીં. પરંતુ યુરોપમાં બંને વચ્ચે સંધી થયાથી મદ્રાસ પાછું મળ્યું. ઇ. સ. ૧૭૪૮.

પ્ર૦ સન ૧૭૪૮માં હિંદુસ્તાનમાંને દક્ષિણમાં રાજ્યોની શી વલે હતી?

ઉ૦ ૧૨મો મુગલ પાદશાહ મહમદશાહ મુવો, સાદતખાંનો ભત્રિજો સફદરજંગ અયોધ્યાનો સ્વતંત્ર નવાબ હતો, રોહિલા જાતના અફગાન રોહિલખંડના ધણી થઇ પડયા હતા. એ વરસમાં શાહુરા-

એ મરણ પામ્યો; તેથી મરેઠી રાજ્યના ધણી પેશ્વા થયા. નિઝામ ઉલ-મુલ્ક પણ ૧૦૪ વર્ષની ઉમરે એજ વર્ષમાં મૂઓ, તેની રાજધાની ઔરંગાબાદમાં હતી. મ્હૈસુરમાં હૈદરનો ઉદય થયો હતો. કર્નાટકની નવાબી માટે અનવરૂદીન ને ચંદાસાહેબે લઢાઇ કરી ફ્રેંન્ચને ઇંગ્રેજ માંહોમાંહે લઢતા ને દેશીરાજાઓના ટંટામાં માથું મારી કામ કહાડી લેતા.

પ્ર૦ દેવીકોટા ઈંગ્રેજને શી રીતે મળ્યું?

ઉ૦ તંજાવરની ગાદી માટે બે ભાઇ વઢયા તેમની વચમાં પડ્યાથી ઈંગ્રેજને દેવીકોટા ને કેટલોક મુલક મળ્યો.

પ્ર૦ નિઝામ ઉલ-મુલ્ક પછી કોણ નિઝામ થયું?

ઉ૦ તેનો વડો દીકરો દિલ્લી હતો. તેણે નવાબી લેવાની ના પાડી તેથી તેનો દીકરો મુજફ્ફર વારસ થયો પણ જામદારખાનું ને લશ્કર નાસીરજંગ નામે બીજા કુંવરના હાથમાં હોવાથી તે નિઝામ થયો તેથી મુજફ્ફર મરેઠાની કુમક લેવા સતારે ગયો. ત્યાં ચંદાસાહેબ સાથે પિછાન થઇ. તે બંનેએ દુપ્લેની મદદ માગી તેથી દુપ્લેએ સાત લાખ રૂપિયા મરેઠાને આપી ચંદાસાહેબને છોડાવ્યો.

પ્ર૦ દુપ્લેએ ચંદાસાહેબને અને મુજફ્ફરને શી રીતે ગાદી અપાવી?

ઉ૦ એ ત્રણેનાં લશ્કરે અનવરૂદીનને હરાવી માર્યો. ફ્રેંચના બુસી સરદારે બહાદૂરીથી જીંજીગઢ લીધો ને મુજફ્ફર દક્ષિણનો સુબેદાર ને ચંદાસાહેબ કર્ણાટકનો નવાબ થયો તેથી ફ્રેંચને પાંદિચેરીની આસપાસનાં ૮૧ ગામ મળ્યાં સ. ૧૭૪૯.

પ્ર૦ અનવરૂદીન મરાયા પછી તેના દીકરાનું શું થયું?

ઉ૦ તેનો દીકરો અહમદઅલી• ત્રીચીનાપલ્લીમાં જઇ ભરાયો.

પ્ર૦ મુજફ્ફરને દક્ષિણની સુબેદારી શી રીતે મળી?

ઉ૦ નાસીરજંગે મુજફ્ફરને હરાવી કેદ કર્યો તેને છોડાવવા બુસી આવ્યો તેવામાં નાસિરજંગને સરદારોએ મારી નાંખ્યાથી તેનું લશ્કર નાઠું. ત્યાં આગળ દુપ્લેએ દુપ્લે ફતેહાબાદ શહેર વસાવી કિર્તીસ્થંભ ચણાવ્યો સન ૧૭૫૦.

પ્ર૦ મુજફ્ફર શી રીતે મરાયો ને તેની ગાદીનું શું થયું ?

ઉ૦ ઔરંગાબાદ જતાં રસ્તામાં મુજફ્ફરને તેના સરદારે મારી નાંખ્યાથી બુસીએ નિજામ ઉલ-મુલ્કના દીકરા સલાબતજંગને ગાદી આપી. સન ૧૭૫૧. સલાબતજંગનું રક્ષણ કરવા ફ્રેંચ ફોજ સાથે બુસી ત્યાં રહ્યો, તેના બદલામાં નિજામે ઉત્તર સરકારને મછલીપટણ જાગીરમાં આપ્યાં, આ વખતે ફ્રેંચો પુર ચઢતીમાં હતા.

પ્ર૦ ફ્રેંચને તોડી ઇંગ્રેજનો ઉદય કરનાર કોણ હતો ?

ઉ૦ તે વખતે ઇંગ્રેજનો મળતીઓ મહમદઅલી હતો, તેને ત્રિચીનાપલ્લીમાં ચંદાસાહેબ જીતવાની તૈયારીમાં હતો, એટલામાં મદ્રાસના ઈંગ્રેજોમાં એક પચીશેક વર્ષનો રાબર્ટ ક્લૈવ કરીને જુવાન વેપાર ખાતામાં નોકર હતો તેણે ઇંગ્રેજની ચઢતી કરી.

પ્ર૦ ક્લૈવ કેવા ગુણનો હતો ?

ઉ૦ મરેઠી પ્રજાને જેમ શિવાજી મળ્યો તેમ ઇંગ્રેજને ક્લૈવ મળ્યો. તે સ્વભાવે ક્ષત્રી હતો. તેણે દુપ્લેની માફક ઇંગ્રેજનું રાજ્ય ભરતખંડમાં સ્થાપવાનો વિચાર કર્યો ને તે પાર પાડયો. તે ચતુર, કપટી, ને યુકિતવાન હતો ને યુદ્ધમાં કુશળ હતો.

પ્ર૦ ક્લૈવે ફ્રેંચની પડતી અને ઇંગ્રેજની ચઢતી શી રીતે કરી?

ઉ૦ મહમદઅલીને ચંદાસાહેબ જીતવાની તૈયારીમાં હતો તે વખતે ક્લૈવે મદ્રાસના ગવરનરને કહ્યું કે મહમદઅલીને બચાવવાનો રસ્તો એજછે કે આપણે ચંદાસાહેબની રાજધાની અર્કાટ ઉપર ધસવું.

પ્ર૦ કલૈવની યુક્તિ સફળ થઇ કે નહીં ?

ઉ૦ મદ્રાસના ગવરનરે ૨૦૦ ગોરા ને ૩૦૦ કાળાની ફોજ આપી કલૈવને મોકલ્યો તેણે અર્કાટ જીત્યું.

પ્ર૦ ચંદાસાહેબે અર્કાટ પાછું લેવા શો ઉપાય કર્યો ?

ઉ૦ તેના દીકરા રાજાસાહેબને દશ હજાર માણસ આપી અર્કાટ લેવા મોકલ્યો. તેણે અર્કાટને ઘેરો ઘાલ્યો, પણ ઘણું મથતાં અર્કાટ ન જીતાયું ને છેલ્લા હુમલામાં તેનાં ઘણાં માણસો મરાયાથી તેણે ઘેરો ઉઠાવ્યો તેથી કલૈવે તેની પાછળ પડી તેના લશ્કરનો નાશ કર્યો.

પ્ર૦ ત્રિચિનાપલ્લીના ઘેરાનું શું થયું?

ઉ૦ ઈંગ્લાંડથી લારેન્સ (કલૈવને લશ્કરી કેળવણી આપનાર) લશ્કર લઈ આવ્યો. તેને અને કલૈવને ત્રિચિનાપલ્લી મોકલ્યા. તેમની કુમકે તંજાવરનું લશ્કર આવ્યું. અહીં ભારે જુદ્ધો થયાં, તેમાં ઇંગ્રેજ જીત્યો અને ચંદાસાહેબને તંજાવરના સેનાપતિએ માર્યો ને ફ્રેંચ ફોજને કેદ કરી.

પ્ર૦ ઔરંગાબાદમાં ફ્રેંચની કેવી સત્તા હતી?

ઉ૦ ત્યાં સલાબતજંગ પાસે બુસી પુર જોરમાં હતો. સુબેદારે તેને ૫૦ લાખનો મુલક આપ્યો હતો.

પ્ર૦ ફ્રેંચોએ ફરી ત્રિચિનાપલ્લીને ક્યારે ઘેરો ઘાલ્યો?

ઉ૦ તેવામાં કલૈવ વિલાયત ગયો ત્યારે સન ૧૭૫૪માં દુપ્લેએ ત્રિચિનાપલ્લીને ઘેરો ઘાલ્યો. પણ લારેન્સે તેનો બચાવ કર્યો.

પ્ર૦ દુપ્લેને ફ્રાન્સે ક્યારે બોલાવ્યો? ને તેના ગયા પછી ફ્રેંચ સત્તા કેવી રહી ?

ઉ૦ સન ૧૭૫૪માં ફ્રેંચ સરકારે દુપ્લેને બોલાવી લેઇ લઢે નહીં

એવા સરદારને મોકલ્યો. તેણે ૧૭૫૫ માં બંનેની સત્તા કર્ણાટકમાં સરખી રહે એવી રીતે ઇંગ્રેજ જોડે સલાહ કરીને મહમદઅલ્લી કર્ણાટકનો નવાબ થયો.

પ્ર૦ એ સલાહમાં મુખ્ય સરત શી હતી?

ઉ૦ ઇંગ્રેજ ને ફ્રેંચે દેશી રાજ્યના વધરામાં પડવું નહીં પણ તે સરત એકેએ પાળી નહીં ને થોડી મુદતમાં લઢાઈ સળગી.

પ્ર૦ ક્લૈવ ફરીને ઇંગ્લાંડથી ક્યારે પાછો આવ્યો?

ઉ૦ સન ૧૭૫૬ માં મદ્રાસનો ગવરનર થઇને પાછો આવ્યો તેની સાથે નૌકાસેનાપતિ વાટસન પણ જબરૂ સૈન્ય લેઇ આવ્યો. પશ્ચિમ્ કાંઠે ચાંચીયા લૂટ કરતા હતા તેમને સજા કરી તેઓ મદ્રાસ આવ્યા.

પ્ર૦ ક્લૈવ ને વાટસન કલકત્તે શા માટે ગયા?

ઉ૦ બંગાળાના નવાબે ઇંગ્રેજોને ભોંયરામાં રૂંધી માર્યાના માઠા સમાચાર મળ્યાથી તેઓ કલકત્તે ગયા તેવામાં યૂરોપમાં ઇંગ્રેજ ને ફ્રેંચ વચ્ચે લઢાઈ થયાના સમાચાર આવ્યા.

પ્ર૦ તેવામાં ફ્રેંચોની મદદે કયો સરદાર આવ્યો?

ઉ૦ લાલી નામે સરદાર ઇંગ્રેજને જીતવા આવ્યો તેણે ઔરંગાબાદથી બુસીને પાછો બોલાવી લીધો તેથી નિજામદરબારમાંથી ફ્રેંચ સત્તા તૂટી.

પ્ર૦ લાલી કેવા ગુણનો હતો?

ઉ૦ તે હોંસીલો, ચંચળ, બહાદૂર પણ જુલમી ને અવિચારી હતો.

પ્ર૦ લાલીએ આવી શું પરાક્રમ કર્યું?

ઉ૦ તેણે ઇંગ્રેજનો ફોર્ટ સેંટડેવિદ જીત્યો ને મદ્રાસને ઘેરો ઘાલ્યો. એ વખતે ફ્રેંચ સરદારો લાલીના હુકમમાં રહ્યા નહીં. એવામાં ઇંગ્રેજને ઇંગ્લાંડથી મદદ આવ્યાથી લાલીને ઘેરો ઉઠાવવો પડ્યો. સન ૧૭૫૯.

પ્ર૦ પછી લાલી ને બુસી ક્યાં ગયા ?

ઉ૦ તેમણે વાંદીવાસને ઘેરો ઘાલ્યો પણ આયરકુટે તેમને હરાવી બુસીને કેદ પકડ્યો, પછી ફ્રેંચોની હાર થતી ગઈ ને છેવટે ૧૭૬૧ માં પાંદિચેરી પણ લીધું. લાલીને કેદ કરી મદ્રાસ આણ્યો. ને ફ્રેંચ રાજ્યની સમાપ્તિ કરી.

પ્ર૦ લાલીનું સ્વદેશ ગયા પછી શું થયું ?

ઉ૦ તેને ફ્રેંચ સરકારે ગરદન માર્યો.

પ્ર૦ ફ્રેંચ ઇસ્ટઇંડિયા કંપનીનું શું થયું ?

ઉ૦ ફ્રેંચ સરકારે તે કંપનીનો પણ અંત આણ્યો ?

પ્ર૦ ફ્રેંચોને પાંદિચેરી વગેરે પાછું મળ્યું કે નહીં ?

ઉ૦ સલાહ થઈ ત્યારે મળ્યું પણ તે ફ્રેંચ સરકારે ખાલસા કર્યું ને ભરતખંડના રાજકાજમાં તેમણે હાથ ન ઘાલ્યો,ને ઇંગ્રેજ પ્રબળથયા.

પ્રકરણ ૧૪ મું.

ઈંગ્રેજી રાજ્યની સ્થાપના.

પ્ર૦ દક્ષિણમાં ફ્રેંચ ને ઈંગ્રેજ વઢતા હતા તે વખતે બંગાળામાં કયો નવાબ હતો ?

ઉ૦ અલિવર્દિખાન હતો. એણે મરેઠાને ભયથી કે કળથી પાછા કહાડ્યા. અને ઈંગ્રેજોનો બચાવ કરી તેમની પાસેથી નાણાં લીધાં.

પ્ર૦ મરેઠી ખાડી કોને કહેછે ?

ઉ૦ મરેઠાના ડરથી ઈંગ્રેજે કલકત્તાની આસપાસ ખાડી ખોદી તેને.

પ્ર૦ અલિવર્દિખાન ક્યારે મૂવો ને તેનાપછી કોણ થયું ?

ઉ૦ સન ૧૭૫૬ માં. તેના પછી તેનો ૨૦ વરસનો પૌત્ર સુ-

રાજઉદ્દૌલા નવાબ થયો.

પ્ર૦ એ જુવાન નવાબ કેવો હતો ને એણે શું કર્યું?

ઉ૦ એ બુદ્ધિહીન, કાયર, ક્રૂર ને રંડીબાજ હતો. એણે ધન મેળવવા પ્રજાને પીડી ને સારા ઘરની લાજ લૂટી, એનો માણસ ઇંગ્રેજને આશરે ગયો. તેને આપી દેવા નવાબે ફરમાવ્યું, ઈંગ્રેજે તે ન માન્યાથી કાસીમ બજારની વખારો લૂટીને કલકત્તા જીતવા આવ્યો.

પ્ર૦ નવાબ કલકત્તે આવ્યો ત્યારે ઇંગ્રેજોએ શું કર્યું?

ઉ૦ સન ૧૭૫૬માં નવાબ આવ્યો ત્યારે બૈરાં છોકરાંને ઇંગ્રેજોએ વહાણે ચઢાવી દીધાં ને ગવર્નર પણ નાઠો. બાકી રહેલા નવાબને શરણે આવ્યા.

પ્ર૦ તાબે થએલા ઈંગ્રેજોનું શું થયું?

ઉ૦ નવાબે તાબે થયેલાને અભય વચન આપી કોટડીમાં પૂર્યા. ત્યાં હવા પાણી વગર તેઓમાંથી ૧૨૩ સવાર સુધીમાં મરી ગયા ને માત્ર ૨૩ મરવાની હાલતમાં જીવતા રહ્યા.

પ્ર૦ આ સમાચાર મદ્રાસમાં ગયા ત્યારે ત્યાંના ગવરનરે શું કર્યું?

ઉ૦ ત્યાં ક્લૈવ ગવરનર હતો તે અને વાટસન ૯૦૦ ગોરા, ૧૫૦૦ દેશીનું લશ્કર લેઈ નીકળ્યા, ને કલકત્તા જીત્યું.

પ્ર૦ આ સમાચાર સાંભળી નવાબે શું કર્યું?

ઉ૦ ક્લૈવે કલકત્તા જીત્યાના સમાચાર સાંભળી નવાબ લઢવા આવ્યો, પણ બંગાળી લશ્કર હાર્યું પણ ચતુર ક્લૈવે આ વખત સંધી કરીને નવાબે લીધેલું પાછું લીધું. ૧૭૫૭.

પ્ર૦ ફરી નવાબને ઈંગ્રેજ સાથે અણબનાવ શાથી થયો?

ઉ૦ ઇંગ્રેજ ને ફ્રેંચને એ વેળા લઢાઈ ચાલતી હતી તેથી ક્લૈવે આ નવાબની મના છતાં ચંદ્રનગર લીધું તેથી.

પ્ર૦ ઇંગ્રેજને કહાડવાને નવાબ શો ઉપાય કરતો હતો?

ઉ૦ ફ્રેંચ સરદાર બુસીની મદદ મેળવી તેમને કહાડવાનું કરતોહતો.

પ્ર૦ ઇંગ્રેજે નવાબને કહાડવાનો શો ઉપાય કર્યો?

ઉ૦ નવાબનો ખજાનચી રાય દુર્લભ, સેનાપતિ મિરજાફર ને મુર્શીદાબાદનો જગત શેઠ ફુટયા. તેઓ ઇંગ્રેજ અધિકારીઓ સાથે મળી નવાબને કહાડી મીરજાફરને ગાદી અપાવવા ઠરાવ કરવા લાગ્યા.

પ્ર૦ તેમણે શા શા ઠરાવ કર્યા?

ઉ૦ નવાબના ખજાનામાં કરોડો રૂપિઆ હતા, તેમાંથી ઇંગ્રેજ કંપનીને નુકશાન ભરી આપવું, કંપનીને લાભકારી હક આપવા ને ઇંગ્રેજ અધિકારીઓને મોટી રકમો આપવી તથા કાવતરામાંના દરેકને અમુક રકમ આપવી ઠરાવી. એ કાવતરામાં અમીચંદ દલાલ હતો તેણે નવાબના ખજાનામાંથી જે રકમ ઉપડે તે ઉપર સેંકડે પાંચ ટકા દલાલી માગી ને તેમ ન કરે તો બધી વાત નવાબને કહીદેવા તૈયાર થયો.

પ્ર૦ અમીચંદને આપવાની રકમ કેટલી થતી હતી?

ઉ૦ ત્રીશ લાખ રૂપીઆ. પણ તેટલું આપવાની બધાની મરજી નહતી પણ જો તેનું મન ન મનાવે તો મીરજાફર, જગતશેઠ ને રાય દુર્લભ માર્યા જાય માટે અમીચંદને છેતર્યો.

પ્ર૦ અમીચંદને છેતરવાનો શો ઉપાય કર્યો?

ઉ૦ કલૈવે બે લેખ તૈયાર કર્યા. એક અમીચંદને છેતરવાનો ને બીજો જેમ ચાલવું હતું તેવો. છેતરવાના લેખમાં અમીચંદનું નામ દાખલ કર્યું ને વર્ત્તવાનામાં દાખલ ન કર્યું.

પ્ર૦ ખોટા લેખપર કોણે સહી ન કરી?

ઉ૦ વાટસને પણ તેની સહી બીજો કરે તો ભલે એમ જણાવ્યાથી તેમ થયું.

પ્ર૦ બધી તૈયારી થયા પછી કલૈવે શું કર્યું?

ઉ૦ એણે કહાવ્યું કે નુકશાન ભરી લેવા ઈંગ્રેજ સેના આવે છે તે સાંભળી નવાબે લઢવાની તૈયારી કરી.

પ્ર૦ બંને તરફનાં લશ્કર કેટલાં હતાં?

ઉ૦ ઈંગ્રેજ સેનામાં ૬૫૦ ઈંગ્રેજ, ૨૧૦૦ દેશી, ૧૦તોપ ને ૧૬૦ ગોલંદાજ હતા ને સુરાજઉદ્દૌલા પાસે ૫૦૦૦૦ પાયદલ ૧૮૦૦૦ સ્વાર ને મોટું તોપખાનું હતું.

પ્ર૦ એ લઢાઈ ક્યાં ને ક્યારે થઈ ને તેમાં શું થયું?

ઉ૦ પ્લાસી આગળ ૧૭૫૭ માં થઈ ને તેમાં કલૈવ જીત્યો.

પ્ર૦ જીત્યા પછી કલૈવે શું કર્યું?

ઉ૦ તેણે મીરજાફરને ગાદીએ બેસાડ્યો. ને ઠરાવ પ્રમાણે કરોડો રૂપીઆ વેંહેચાયા, એકલા કલૈવને ભાગ ૨૫ લાખ આવ્યા એ વગર કંપની, કલકત્તાના વેપારીઓ, જમીનને વહાણની ફોજના સિપાઇને સરદારો વગેરેને પુષ્કળ નાણું મળ્યું. પણ અમીચંદને કાંઇ ન મળ્યાથી તે ગાંડો થઈ ગયો. મીરજાફર નામનો નવાબ થયો ને કર્ત્તા હર્ત્તા ઇંગ્રેજ થયા.

પ્ર૦ સુરાજઉદ્દૌલાનું શું થયું?

ઉ૦ તે પકડાયાથી મીરજાફરના છોકરાએ તેને મારી નાંખ્યો.

પ્ર૦ એ રીતે બંગાળા, બહાર ને ઓઢીઆ ઈંગ્રેજને મળ્યા ત્યારે હિંદુસ્તાનમાં શી અવસ્થા હતી.

ઉ૦ દિલ્લીમાં આલમગીર નામનો પાદશાહ હતો ને સઘળો અધિકાર તેના વજીર ગાજીઉદ્દીનના હાથમાં હતો. અહમદશાહ અબ્દલીએ ચોથીવાર હિંદુસ્તાનમાં આવી. દિલ્લી લૂંટી, મરેઠી રાજની સત્તા બાળાજી બાજીરાવને હાથ હતી. દક્ષિણમાં તેનો સામોવાળો નિ-

આમ બુસીની મદદથી ટકી રહ્યો હતો. ફ્રાંસથી આવેલો લાલી ઇંગ્રેજ સાથે લઢતો હતો.

પ્ર૦ બંગાળામાં ક્લૈવે બીજું શું પરાક્રમ કર્યું?

ઉ૦ કંપનીએ તેને કલકત્તાનો ગવરનર નીમ્યો, આલમગીર પાદશાહ પછી શાહઆલમ થયો તેણે બંગાળા ઉપર સ્વારી કરી. ક્લૈવે તેને નાણું આપી પાછો વાળ્યો. ઉત્તર સરકારમાં બુસી ગયા પછી વિજાગાપટ્ટણનો રાજા આનંદરાજ ઇંગ્રેજને મળી ગયો, તેની મદદે લશ્કર મોકલી તે પ્રાંત જીતી આનંદરાજને આપ્યો ને મછલીપટ્ટણ રાખ્યું. વલંદાની મદદ મેળવી મીરજાફર ઈંગ્રેજના તાબામાંથી નીકળી જવા ચહાતો હતો તેથી ક્લૈવે ચિન્સુરા જીતી વલંદાને હરાવ્યા. પછી ૧૭૬૦ માં તે વિલાયત ગયો. ને ત્યાં ઉમરાવ પદવી પામ્યો.

પ્ર૦ ક્લૈવ પછી ગવરનર કોણ થયું ને તે કેવો હતો?

ઉ૦ વાંસિટાર્ટ તે દમ વગરનો હતો, પણ ઈંગ્રેજને સુભાગ્યે તે વખતે ફ્રેન્ચ સત્તા પડી ભાગી હતી ને પાણીપતની હારથી મરેઠા મુર્છાવશ હતા ને ઇંગ્રેજ સત્તાનો બચાવ કરવાને ક્લૈવના હાથ નીચે કેળવાયલા સરદારો હતા.

પ્ર૦ તે વખતે મીરજાફરની કેવી હાલત હતી?

ઉ૦ તેનો ખજાનો ખાલી હતો ને દેવાદાર થયો હતો.

પ્ર૦ તે વખતના ઇંગ્રેજોએ ન્યાલ થવાનો શો માર્ગ લીધો?

ઉ૦ એક નવાબને ઉઠાડી બીજાને બેસાડવાનો.

પ્ર૦ મીરજાફર પછી કોને ગાદી આપી?

ઉ૦ તેના ધનવાન જમાઈ મીરકાસમને.

પ્ર૦ મીરકાસમે શું શું આપ્યું?

ઉ૦ દેવાને પેટે કંપનીને કેટલાંક પ્રગણાં ને પાંચ લાખ રોકડા આપ્યા ને કૌન્સીલને ૨૦ લાખ લાંચ આપી તેમાંથી વાંસિટાર્ટને ૭ લાખ મળ્યા. ઈ. સ. ૧૭૬૦

પ્ર૦ મીરકાસમે કેવી રીતે રાજ્ય ચલાવ્યું?

ઉ૦ એ હોશિયાર, સ્વમાન સમજનાર ને રૈયતની દાઝ જાણનારો હતો. એણે ખર્ચ ઓછો કરી ખજાનો તર કર્યો. રાજધાની માંગીરમાં કરી, કવાયદી ફોજ ઉભી કરી. ન્યાય, ડહાપણ ને તેજીથી વર્તી રાજ્યને આબાદ કર્યું.

પ્ર૦ ઇંગ્રેજે મીરકાસમને ગાદી આપી એ કામ કાયદાસર શી રીતે કર્યું?

ઉ૦ દિલ્લીના પાદશાહ શાહઆલમને હરાવી પટણે તેડી લાવ્યા. ત્યાં મીરકાસમને બોલાવી પાદશાહને નજરાણું મુકાવી પાદશાહનો સેવક કબુલાવ્યો તેથી તેણે તેને શિરપાવ આપી બંગાળા, બહાર ને ઓઢિયાનો નવાબ કબુલ રાખ્યો.

પ્ર૦ મીરકાસમને ઇંગ્રેજ સાથે વાંધો પડવાનું કારણ શું?

ઉ૦ કંપનીના માલના રાહદારી દાણની માફી હતી પણ તે માફી કંપનીના દરેક નોકર જે ખાનગી વેપાર કરતા તે ભોગવવા લાગ્યા. તેથી તેની રૈયતના વેપારીઓનો વેપાર ચાલતો નહીં ને દાણની ઉપજમાં ખોટ ગઇ. નવાબે એ અન્યાય દૂર કરવાને રાહદારી દાણ બધાનું માફ કરી નાકાં ઉઠાડી મૂકયાં, પણ તે કલકત્તાની કૌંસીલને પસંદ ન પડવાથી લડાઈ ઉઠી. ઇ. સ. ૧૭૬૩.

પ્ર૦ એ કંપનીએ કોને નવાબ ઠરાવ્યો?

ઉ૦ ઘરડા ડોસા મીરજાફરને ગાદી આપી પટણા કબજે કર્યું પણ મીરકાસમના થાણદારે તે ફરી જીતીને ઇંગ્રેજોને કેદ કર્યા.

પ્ર૦ એ બંને વચ્ચે મોટી લડાઈ કયાં આગળ થઇ?

ઉ૦ ઘેરીઆ આગળ ત્યાં ઇંગ્રેજો બહુ મુસ્કેલીથી જીત્યા.

પ્ર૦ ઘેરીઆ આગળ હારી કાસમ કયાં ગયો ને ત્યાં શું થયું ?

ઉ૦ પટણે ગયો ને તેણે ઇંગ્રેજોને કહાવ્યું કે તમે પટણે આવશો તો મારી કેદમાં ૧૫૦ ઇંગ્રેજો છે તેમને કતલ કરીશ. તેની દરકાર ન કરતાં ઇંગ્રેજો પટણે આવ્યા ત્યારે મીરકાસમે કેદીઓને કતલ કર્યા પટણાના આગલા ફોજદાર ઇંગ્રેજના મિત્ર રામનારાયણને નદીમાં ડુબાવી દીધો.

પ્ર૦ પછી ઇંગ્રેજ ફોજે શું કર્યું?

ઉ૦ પટણાને ઘેરો ઘાલી લીધું તેથી મીરકાસમ અયોધ્યાના નવાબ સુજાઉદવલા અને શાહઆલમને જઈ મળ્યો.

પ્ર૦ એ ત્રણે જણાએ એકઠા મળી શું કર્યું?

ઉ૦ પટણાને ઘેરો ઘાલ્યો પણ ઇંગ્રેજોએ તેમને પાછો હરાવ્યાથી તેઓ બકસર આગળ મુકામ કરી રહ્યા.

પ્ર૦ એવામાં ઇંગ્રેજી ફોજમાં બળવો થયો તેનું શું થયું?

ઉ૦ ઇંગ્રેજી લશ્કરમાં મનરોસાહેબ હતો તેણે બંડખોરના આગેવાન ૨૦ જણાને તોપને મોઢે ઉડાવી દીધાથી બળવો સમ્યો.

પ્ર૦ પછી મનરો કયાં ગયો ને શું કર્યું?

ઉ૦ બકસર જઈ ત્રણે જણાને હરાવ્યા ને તેમની ૧૫૦ તોપ પડાવી લીધી તેથી પાદશાહ તાબે થયો.

પ્ર૦ સુજાઉદવલાએ શું કયુ ?

ઉ૦ ગરેઠાની મદદ મેળવી ફરી લડવા આવ્યો પણ હાર્યો ને તાબે થયો.

પ્ર૦ મીરજાફર કયારે મરણ પામ્યો તેની જગાએ કોણ થયું ?

ઉ૦ સન ૧૭૬૬ માં મરી ગયાથી તેના દિકરા નાજીમઉદવલાને પુષ્કળ પૈસા લેઇ કૌંસીલે ગાદી આપી.

પ્ર૦ કલૈવ વિલાયતથી ફરીને પાછો કયારે આવ્યો ને શું કર્યું?

ઉ૦ કંપનીના નોકરો ખાનગી વેપાર કરી કંપનીને નુકશાન કરતા હતા. તે વાત વિલાયતમાં માલમ પડવાથી કલૈવને કૌંસીલથી સ્વતંત્ર અધિકાર આપી કલકત્તાનો ગવરનર ઠરાવ્યો. તેથી તે હિંદુસ્તાન આવ્યો. સન ૧૭૬૫.

પ્ર૦ કલૈવે હિંદુસ્તાનમાં આવી શું કર્યું?

ઉ૦ કંપનીના નોકરોએ નજરાણાં લેવાં નહીં એ હુકમ અમલમાં લાવી અલ્હાબાદ ગયો. ત્યાં જનરલ કર્નાટકની છાવણીમાં શાહઆલમ ને સુજાઉદવલા શરણે આવેલા હતા ત્યાં કલૈવે દોસ્તીના કરાર કરી અયોદ્ધા સુજાને અને કોરા ને અલ્હાબાદ પાદશાહને સ્વાધિન કર્યાં.

પ્ર૦ એના બદલામાં કંપનીને શો લાભ થયો?

ઉ૦ બંગાળા બહાર ને ઓઢીયાની ઉપજ વસુલ કરી વહિવટ કરવાનો અધિકાર પાદશાહે કંપનીને આપ્યો ને તેના બદલામાં કંપની દર વર્ષે ૨૬ લાખ રૂપિયા પાદશાહને આપે એમ ઠરાવ્યું. એ રીતે ૨॥ કરોડની વસ્તી ને ચાર કરોડની ઉપજના ત્રણ રસાળ પ્રાંતો ઇંગ્રેજને મળ્યા.

પ્ર૦ એ ત્રણે પ્રાંતો ખાલસા શી રીતે થયાં?

ઉ૦ નવાબને દર સાલ ૫૦ લાખ પેનશન આપી ખાલસા કર્યાં.

પ્ર૦ શાહઆલમે બીજા કયા પ્રાંતનો પટો આપ્યો હતો?

ઉ૦ ઉત્તર સરકારનો. પણ તે પ્રાંત નિજામ પાસે હતો માટે લાગ આવે તે હુકમનો અમલ કરવાનો હતો.

પ્ર૦ કંપનીના હુકમથી કલૈવે શા શા સુધારા દાખલ કર્યા?

ઉ૦ કંપનીના નોકરો પોતાનો ખાનગી વેપાર કરતા તે અટકાવ્યો તેના બદલામાં તેમનો પગાર વધાર્યો. લઢાઇ વધવાને લીધે લસ્કર વધતું ગયું હતું તેથી ખરચ પણ થતું, લસ્કરી માણસોને બેવડું ભાથુ મળતું તે બંધ કર્યું તેથી ઈંગ્રેજ સરદારો રીસાયા ને તેમાંથી એ વખતે બસેં જણે રાજીનામાં મોકલ્યાં ને તેવામાં મરેઠા આવે છે એવી બુમ ચાલી પણ તેથી ન ડરતાં કલૈવે તે કબુલ રાખ્યાં ને બંડખોરોને પરેજ કરી નવા સરદારો મોકલવામાં મદ્રાસ લખ્યું. સરદારોની મદદે ગોરૂં લશ્કર ઉઠયું તેમના સામુ દેશી લશ્કર ઉભુ કરી તેમને નરમ પાડયા ને સઘળો બંદોબસ્ત કરી કલૈવ ૧૭૬૭ માં વિલાયત ગયો ત્યાં તેને બહુ માન મળ્યું.

પ્ર૦ સન ૧૭૬૭થી ૭૨ સુધી કંપનીનો કારભાર કેવો ચાલ્યો?

ઉ૦ નવાબના વખતના દેશી ઇજારદાર ને નોકરથી વહીવટ ચાલતો. તેમની જોડે ઈંગ્રેજો પણ ગજવાં તર કરતા, સઘળે અન્યાય, લાંચ ને ચોટ્ટાઈ ચાલી રહી હતી. ઇગ્લાંડમાં કંપનીના ડીરેકટરો માત્ર સગા વહાલાને નોકરી અપાવવા પરજ લક્ષ આપતા.

પ્ર૦ એવામાં બંગાળામાં ક્યારે દુકાળ પડયો?

ઉ૦ સન ૧૭૬૮માં ને તેમાં લાખો આદમી ભૂખે મરી ગયાં.

પ્ર૦ ડીરેકટરોએ બંગાળાના વહીવટની નવી ગોઠવણ શી ને કયારે કરી?

ઉ૦ સન ૧૭૭૨માં, એ ગોઠવણમાં દેશી વહીવટદારોને બદલે ઈંગ્રેજ નીમ્યા.

પ્ર૦ વહીવટદારો બદલાયાથી દેશને ફાયદા ગેરફાયદા શા થયા?

ઉ૦ લોકોના જાનમાલનો બચાવ થયો, કારભારીઓની અનીતિ

ઓછી થઈ. કાયદા મુજબ રાજકારભાર ચાલ્યો. પણ રાજકાજમાંથી દેશીઓ નીકળ્યા તેથી એ સમજ ઓછી થઈ. પરદેશીઓને મોટા હોદ્દા મળવાથી દેશમાંથી ધન જવા લાગ્યું.

પ્ર૦ નવી ગોઠવણનો વહિવટ કરવા કયો ગવરનર આવ્યો ને તે કેવો હતો ?

ઉ૦ વારનહેસ્તિંગ્સ. એણે ક્લૈવનાહાથ નીચે કામ કર્યું હતું તેથી તેણે ક્લૈવના ચણેલા મજબુત પાયા ઉપર ઈંગ્રેજી રાજની ઇમારત ચણી, ફોજદારી ને દિવાની અદાલતો કરી ને તેમને માટે કાયદાકર્યાં.

પ્ર૦ હેસ્તિંગ્સે કેવાં કામ કર્યાં?

ઉ૦ કંપનીને એક કરોડ સાઠ લાખનું દેવું હતું તે આપવા પાદશાહને આપેલા અલહાબાદને કોરા પ્રાંત ૫૦ લાખ માટે અયોધ્યાના નવાબને આપ્યા, પાદશાહને ખંડણી આપવાની બંધ કરી કેમકે તે મરેઠાના હાથમાં હતો. ૪૦ લાખ રૂપિયા અયોદ્ધાના નવાબ પાસેથી લઈ ૨૦૦૦ રોહિલા મારી તેમનો મુલક નવાબને જીતી આપ્યો.

પ્ર૦કલકત્તાનો ગવરનર,ગવરનર જનરલ કયારે થયો,ને શીરીતે થયો?

ઉ૦ મુંબાઈ, મદ્રાસ, ને કલકત્તાના ત્રણે ગવરનરો સ્વતંત્ર હતા. પણ કંપનીના અધિકારીયોની અનીતિ અને જુલમની વાત વિલાયતમાં ફેલાયાથી આ દેશના રાજ વહિવટ માટે પાર્લામેંટે કાયદો કર્યો. તેમાં કંપની દર વર્ષે સનંદને બદલે ઇંગ્લાંડના રાજાને ૪૦ લાખ રૂપિયા આપે તથા બંગાળાનો ઉપરી ઠરાવ્યો તથા કલકત્તામાં એ ગવરનર જનરલ નીમ્યો તેને ને તેની કૌંસિલને હાથ હિંદુસ્તાનનો કુલ અધિકાર આપ્યો, સુપ્રીમ કોર્ટ સ્થાપી. ઇ. સ. ૧૭૭૩.

પ્ર૦ ૧ લો ગવરનર જનરલ કોણ થયો?

ઉ૦ વારન હેસ્તિંગ્સ.

પ્ર૦ હેસ્તિંગ્સને એની કૌંસિલ સાથે કેમ ચાલતું?

ઉ૦ કૌંસિલમાં ફ્રાંસીસ કરીને એનો સામાવાળીઓ હતો તે વગર બારવલ, કલેવરિંગ ને માનસન એ ત્રણ હતા તેમાંના બે ફ્રાંશીસને મળી ગયા ને તેઓ દરેક વાતમાં હેસ્તિંગ્સની આડે આવ્યા.

પ્ર૦ તે વખતે અયોદ્ધાનો નવાબ કયો હતો?

ઉ૦ સુજા મરી ગયાથી અસોફ નવાબ હતો. તેની પાસેથી કાશી પ્રાંત લેઇ કાશીના રાજાને આપી ૨૨॥ લાખ ખંડણી ઠરાવી.

પ્ર૦ અયોદ્ધાના નવાબ પાસે કંપનીનું શાનું લેણું ચઢયું હતું?

ઉ૦ નવાબના રક્ષણ માટે ઈંગ્રેજી લશ્કર રાખ્યું હતું તેના ખર્ચ પેટે ૨૬૦૦૦૦ દર માસે લેવાના ઠર્યા હતા તેનું લેણું ચઢયું હતું.

પ્ર૦ એ લેહેણું લેવાને હેસ્તિંગ્સે શો ઈલાજ કર્યો?

ઉ૦ નવાબની મા પાસે બે કરોડ રૂપિઆ હતા તેમની પાસેથી લેઈ આપવાને નવાબે કહ્યું પણ કૌંસિલની મદદથી બેગમોએ આપ્યા નહીં, તેથી હેસ્તિંગ્સનું વજન ઘટયું.

પ્ર૦ હેસ્તિંગ્સ ઉપર કોણે ફરિયાદ કરી?

ઉ૦ નંદકુમાર નામે બ્રાહ્મણે.

પ્ર૦ નંદકુમારનું શું થયું?

ઉ૦ એના કામની તપાસ પણ કૌંસિલરો કરતા હતા તેવામાં તેના ઉપર જુઠું ખત બનાવ્યાની તપાસ સુપ્રીમ કોર્ટમાં ચાલી તેમાં એ કોર્ટે નંદકુમારને ફાંસી દીધી.

પ્ર૦ કૌંસિલમાં હેસ્તિંગ્સનું વજન ક્યારે વધ્યું?

ઉ૦ સન ૧૭૮૦ માં ફ્રાંસીસ વિલાયત ગયો ત્યારે.

પ્ર૦ સન ૧૭૮૦ માં હેસ્તિંગ્સને બીજા કયા રાજ્યો જોડે લડવું પડયુ અને પૈસા મેળવવાને એણે શી યુકિત કરી?

ઉ૦ કાસીના રાજા પાસેથી ૨૨ાા લાખ ખંડણી લેવી ઠ-હુવીર તી તેમાં પાંચ લાખનો વધારો કર્યો. તે ન આપ્યાથી ૫૦ લાખ દંડ કરી તે વસુલ કરવા પંડે કાશી ગયો ને રાજા ચૈતસિંગને કેદ કર્યો. તેને તેની રૈયતે બળવો કરી છોડાવ્યાથી ચૈતસિંગના ભત્રીજાને ગાદી આપી ને ૪૦ લાખ ખંડણીના ઠરાવ્યા ૧૭૮૧ અયોધ્યાના નવાબ પાસે પણ કંપનીનું એક કરોડ રૂપિઆ લેણું હતું તે વસુલ કરવા નવાબ ને બેગમોની જાગીરો જપ્ત કરવા રજા આપી. નવાબે તેમ કરી ૭૬ લાખ કંપનીને આપ્યા.

પ્રકરણ ૧૫ મું.

મૈસૂરનું રાજ્ય.

પ્ર૦ મૈસુરમાં મુસલમાની રાજ્ય કોણે સ્થાપ્યું ને તે પેહેલાં ત્યાં કોનું રાજ હતું.

ઉ૦ હૈદરઅલીએ. તે પહેલાં ત્યાં હિંદુરાજ હતું.

પ્ર૦ હૈદરઅલી કોણ હતો ને કેવો હતો?

ઉ૦ એનો દાદો પંજાબી ફકીર હતો. તે ફકીરનો દીકરો ફતેહમહંમદ મૈસૂરના લશ્કરમાં નોકર રહ્યો. તે લઢાઈમાં મુવો ત્યારે તેને બે નાના ૭ ને ૯ વરસના દીકરા હતા તેમાં સાત વરસનો હૈદર હતો. તેઓ મામા વડે ઉછર્યા. હૈદર વાંચતાં લખતાં શીખ્યો નહોતો. એનો ભાઈ મૈસુરના લશ્કરમાં નોકર રહ્યો તેણે હૈદરને પણ નોકર રાખ્યો. હૈદરની બુદ્ધિ શીવાજી ને કલૈવ જેવી હતી. સ્વભાવે સાહસિક શૂરો, સાવધ, દીર્ઘદૃષ્ટિવાળો પણ ક્રૂર ને કપટી હતો.

પ્ર૦ હૈદરે શી રીતે રાજ સ્થાપ્યું?

ઉ૦ રાજાનો દિવાન નંદરાજ હતો તેણે હૈદરને ઊંચે દરજ્જે ચડાવ્યો. કર્ણાટકની લડાઇઓમાં નંદરાજ ભળતો તેથી હૈદરને પોતાની ટુકડીમાં માણસો વધારવાની રજા આપી. હૈદરે લૂંટારાનો જમાવ કર્યો. તેમને પગાર ન આપતાં ઉલટો લૂંટમાં અર્ધો ભાગ લેતો તેથી તેની પાસે બહુ ધન થયું. નંદરાજને અને રાજાને ટંટો ચાલતો હતો તેમાં વચ્ચે પડી હૈદરે પ્રથમ નંદરાજને દિવાનગીરી ઉપરથી કહાડયો ને પછી રાજાને વર્ષાસન આપી પદભ્રષ્ટ કરી પોતે રાજા થયો. ઇ. સ. ૧૭૬૧.

પ્ર૦ હૈદરે શી રીતે રાજ વધાર્યું?

ઉ૦ મૈસુર લીધા પછી હૈદરે બેદનૂર લૂંટયું તેમાં બહુ ધન મળ્યું. એ અને બીજા આસપાસનાં હિંદુરાજ્યો રંજાડી બહુ મુલક મેળવ્યો ને સન ૧૭૬૬ માં કાલીકટના ઝામોરીન રાજા ઉપર સ્વારી કરી કાલીકોટ લૂટયું ને ઝામોરીન બળી મૂઓ.

પ્ર૦ હૈદર ઉપર પ્રથમ કોણે સ્વારી કરી ?

ઉ૦ પેશ્વા માધવરાવે કરી, ને હૈદરને હરાવી નમાવ્યો.

પ્ર૦ હૈદરનું બળ વધ્યું જોઇને કોણે કોણે એકકો કર્યો?

ઉ૦ મરેઠા ને નિજામે પણ નિજામના પેટામાં ઈંગ્રેજ ભળ્યા. પેશ્વાને તે વાત ન ગમ્યાથી પેશ્વા એકલો હૈદર ઉપર ચડયો ને હરાવી ભારે રકમ લીધી.

પ્ર૦ હૈદરના વકીલે સંધી કરતી વખતે પેશ્વાને શી બાબતમાં હાજર જવાબ દીધો હતો ?

ઉ૦ પેશ્વાએ વકીલને કહ્યું કે હૈદર રાજાને કેદી તરીકે રાખેછે માટે અમે સંધી નહીં કરીએ. ત્યારે વકીલે કહ્યું કે "શ્રીમંત મહારાજ જે રસ્તો દેખાડે છે તે રસ્તે હૈદરઅલી ચાલે છે" પેશ્વા ચુપ થઈ ગ-

યો. કેમકે તે પણ સતારાના રાજાને કેદ તરીકે રાખતા હતા.

પ્ર૦ નિઝામ ને ઇંગ્રેજની હૈદર સાથેની લડાઇમાં શું થયું?

ઉ૦ હૈદરે નિઝામને ફોડીને પોતાના પક્ષમાં લેઈ ઇંગ્રેજ સાથે લડાઇ કરી પણ ઇંગ્રેજ સેનાપતિ સ્મીથે ત્રીનોમાલી આગળ હૈદર ને નિઝામ બંનેના લશ્કરને હરાવ્યું ને તેવામાં નિઝામના રાજ્ય ઉપર બંગાળાના લશ્કરે હુમલો કર્યાથી નિઝામે સંધી કરી હૈદર એકલે હાથે લડયો. મુંબઈના લશ્કરે માંગલુર જીત્યું પણ હૈદર સ્મીથની નજર ચુકાવી મદ્રાસ એકદમ જઇ ચઢયો તેથી મદ્રાસ સરકારે ડરીને ઈ. સ. ૧૭૬૯ માં સંધી કરીને લડાઇ અગાઉ જેમ હતું તેમ રાખ્યું.

પ્ર૦ હૈદરનો મોટો દિકરો કયો હતો?

ઉ૦ ટીપુ. એણે આ લડાઈમાં બહુ પરાક્રમ કર્યું હતું.

પ્ર૦ હૈદરને મરેઠા સાથે શાથી ફરીને ટંટો થયો?

ઉ૦ હૈદરે પેશ્વાને આપવાની ખંડણી ન આપ્યાથી માધવરાવ ને ત્રીંબક મામાએ હૈદરને ચીરકુલી આગળ હરાવી તેના ગઢ જીતી તેને રાજધાની શ્રીરંગપટ્ટણમાં ઘેર્યો ત્યારે તેણે નાણાંની મોટી રકમ ને પોતાના રાજ્યની ઉત્તર તરફનો ઘણો મુલક આપી સંધી કરી. સન ૧૭૭૨.

પ્ર૦ આ લડાઇમાં મદ્રાસ સરકારે કયી શરત તોડી?

ઉ૦ ઇંગ્રેજ સાથે સન ૧૭૬૯ માં હૈદરે સંધી કરી તેમાં ઠરાવ હતો કે જરૂરને વખતે એકબીજાને મદદ કરવી. એ ઠરાવની રૂએ હૈદર ઉપર મરેઠા ચઢયા ત્યારે હૈદરે ઇંગ્રેજની મદદ માગી પણ તે મદ્રાસ સરકારે આપી નહીં.

પ્ર૦ હૈદરને ફરીને રાજ્ય વધારવાનો લાગ શાથી મળ્યો ?

ઉ૦ પેશ્વા માધવરાવ મરણ પામ્યો, નારણરાવનું ખુન થયું. અને રાઘોબાએ પેશ્વાઈ લેવા કજીઓ કર્યો તેમાં મરેઠાનું બળ નબળું થવાથી પેશ્વાને આપેલો મૂલક હૈદરે લીધો, તથા કુર્ગ જીતી ત્યાંના રહેવાશીઓનાં માથાં કપાવી નાંખ્યાં.

પ્ર૦ હૈદરને ઇંગ્રેજ સાથે ફરીને શાથી કજીયો થયો ?

ઉ૦ ઈંગ્રેજ ને ફ્રેંચ વચ્ચે ૧૭૭૮ માં લઢાઈ ચાલ્યાથી ફ્રેંચોનું માહી ઇંગ્રેજે લીધું, તેની નજીક હૈદરનો મુલક આવ્યાથી હૈદરે વાંધો લીધો. મરેઠા ચઢી આવ્યા ત્યારે ઇંગ્રેજે હૈદરને મદદ ન કર્યાથી હૈદર ગુસ્સે તો હતોજ. તેથી હૈદર, મરેઠા ને નિજામ ત્રણે મળી ઈંગ્રેજનો નાશ કરવાનો વિચાર કર્યો ને હૈદર ૭૦૦૦૦ માણસનું લશ્કર લેઈ કર્ણાટક ઉપર ચઢયો ઈ. સ. ૧૭૮૦

પ્ર૦ એ લઢાઇમાં શું પરિણામ આવ્યું?

ઉ૦ કર્નલ બેલીના લશ્કરનો પોલીલોર આગળના સંગ્રામમાં નાશ કર્યો. પકડાયલાની કતલ ચલાવી તે હૈદરના લશ્કરમાં ફ્રેંચો હતા તેમણે અટકાવી.

પ્ર૦ તે વખતે ઈંગ્રેજ સેનાપતી કોણ હતો ને તેણે શું કર્યું?

ઉ૦ સર હેક્ટર મનરો. તે બે મૈલ દુર હતો પણ બીહીને મદ્રાસ ભણી નાસી ગયો.

પ્ર૦ આ હારના સમાચાર સાંભળી બંગાળેથી કયો સરદાર આવ્યો?

ઉ૦ કલૈવના હાથ તળે કેળવાયલો સરઇ. કુટને હેસ્તિંગ્સે લશ્કર આપી મોકલ્યો. તેણે સન ૧૭૮૧ માં પાર્ટોનોવો, પોલીલોર ને સોલિંગર આગળ હૈદરને હરાવ્યો.

પ્ર૦ એ વખતે ઇંગ્રેજને બીજી કયી યુરોપી પ્રજા સાથે ટંટો થયો?

ઉ૦ ડચ સાથે તેથી તેમનાં નાગપટણ ને લંકામાંનું ત્રીકોમાલી જીતી લીધું

પ્ર૦ હૈદરની મદદે એ વખતમાં કયા લોકો ચઢયા?

ઉ૦ ફ્રાંસથી ફ્રેન્ચ લશ્કર આવ્યું. ઇંગ્રેજને પણ વિલાયતથી મદદ આવી ને કેટલાંક રાજ્ય હૈદરને અને કેટલાંક ઇંગ્રેજને મળ્યાં. પણ એટલામાં ૮૦ વર્ષની ઉમરે હૈદર સન ૧૭૮૨ માં મુએો.

પ્ર૦ હૈદરની ઉપજ ખરચનો વહિવટ કરનાર કોણ હતું?

ઉ૦ પુર્ણીઆ અને કૃષ્ણરાવ નામે બ્રાહ્મણો.

પ્ર૦ હૈદર તેના છોકરા ટીપુ માટે કેટલી દોલત મૂકી મૂએો?

ઉ૦ ત્રણ કરોડ રૂપિયા, લાખોનું ઝવેર ને એક લાખ ફોજ.

પ્ર૦ હૈદર મૂએો ત્યારે ટીપું ક્યાં હતો?

ઉ૦ ૪૦૦ મૈલ દુર મલબાર કાંઠે. તે આવ્યો ત્યાં સુધી હૈદરના મરણની વાત છુપી રાખી.

પ્ર૦ તે વખતે ટીપુની મદદે કોણ આવ્યું?

ઉ૦ ફ્રાંસથી ફ્રેંચ ફોજ લઈ બુઢો સરદાર બુસી આવ્યો, ઇંગ્રેજ સરદાર સ્ટુઅર્ટ હતો.

પ્ર૦ ટીપુ સાથે કયારે અને શાથી સંધી કરી?

ઉ૦ મદ્રાસના ગવરનર મકાર્ટનીએ હીમત ખોઇ હેસ્તિંગ્સની મરજી વિરૂદ્ધ સંધી કરી. ૧૭૮૪. ટીપુએ કેટલાક કેદીઓને મારી નાંખ્યા હતા ને કેટલાક કેદી દુખમાં સડતા હતા તે એ સંધીની રૂએ છુટયા.

પ્ર૦ ટીપુ સાથે ફરી લઢાઈ કયારે થઈ ને તેમાં શું થયું?

ઉ૦ ટીપુએ પાદશાહ પદ ધારણ કર્યું હતું તેની સાથે સન ૧૭૯૧ માં લઢાઈ ઉઠી. ગવરનર જનરલ લોર્ડ કાર્નવાલીસ પંડે ચઢયો ને અરધું રાજ્ય ને ભારે દંડ લઈ સંધી કરી. ૧૭૯૨.

પ્ર૦ ટીપુ સાથે છેલી એટલે ચોથી વાર લઢાઈ કયારે સળગી?

ઉ૦ સન ૧૭૯૮માં. તેમાં ઇંગ્રેજ સેનાએ ૧૭૯૯ માં શ્રીરંગપ-

ટણ જીત્યું ને ટીપુ મરાગો.

પ્ર૦ ટીપુ મૂઆ પછી મૈસૂરના રાજનું શું થયું?

ઉ૦ હૈદરના મુસલમાની રાજ્યનો અંત લાવી ઇંગ્રેજે જુના હિંદુ રાજાના કુંવરને થોડું રાજ્ય આપી હાલનું મૈસુરનું રાજ્ય બનાવ્યું ને બાકીનું ઇંગ્રેજ ને નિઝામે વહેંચી લીધું.

પ્રકરણ ૧૬ મું.

પ્ર૦ હેસ્તિંગ્સ સાહેબ કયારે વિલાયત ગયો ને શાથી?

ઉ૦ કાશીના રાજા સંબંધી અયોધ્યાની બેગમો સંબંધી ને હેસ્તિંગ્સનાં બીજાં કામ ડિરેક્ટરોને ન ગમ્યાથી રાજીનામું આપી સન ૧૭૮૫ માં વિલાયત ગયો.

પ્ર૦ વિલાયત ગયા પછી તેનું શું થયું?

ઉ૦ તેના ઉપર કેટલાંક તહોમતો મૂકાઈ કામ ચાલ્યું. તે સન ૧૭૮૮ થી ૯૫ સુધી ચાલ્યું તેમાં હેસ્તિંગ્સ છુટી ગયો.

પ્ર૦ હેસ્તિંગ્સ ગયો ત્યારે કંપનીના વહીવટમાં શો ફેર થયો?

ઉ૦ ઇંગ્લાંડના વજીર ફોકસે એવો કાયદો કર્યો કે ડિરેક્ટરો માત્ર વેપાર કરે ને હિંદીરાજ વહિવટ પાર્લામેન્ટના નીમેલા અમલદાર કરે. પણ તે કાયદો નામંજુર થયો. ફોકસ પછી પીટ પ્રધાન થયો તેણે ઠરાવ્યું કે ત્રણ ડિરેક્ટરોની ગુપ્ત મંડળી ઠરાવવી ને તેમના નામે કામ ચાલે ને તેઓ ઇંગ્લાંડના રાજાના પ્રધાનોમાંથી છ જણાની મંડળી ઠરાવી તેમના હુકમ પ્રમાણે ચાલે. એ છમાંનો પ્રમુખ હીંદનો પ્રધાન ગણાય. કલકત્તાની કૌંસિલમાં ચારમાંથી એક ઘટાડી ત્રણ મેમ્બરો ઠરાવ્યા ને તેમાં એક હિંદનો સેનાપતિ હોય,

મુંબાઇ ને મદ્રાસમાં પણ કૌંસિલ સ્થાપી.

પ્ર૦ અર્કાટના નવાબને દેવું થયું હતું તેનું શું થયું?

ઉ૦ નવાબને ધીરનાર ઇંગ્રેજો હતા તેમાં કપટ ચાલ્યાથી સરકારે વચમાં પડી ઘણા ખર્ચે ને ઘણી મહેનતે પતાવ્યું.

પ્ર૦ હેસ્તિંગ્સ પછી ગવરનર જનરલનું કામ કોણે કર્યું?

ઉ૦ વીશ માસ સુધી હેસ્તિંગ્સથી ઉતરતા દરજ્જાના કૌંસીલરે કામ ચલાવ્યું.

પ્ર૦ તેના પછી ગવરનર જનરલ કોણ થયો?

ઉ૦ ૧૭૮૬ માં લાર્ડ કાર્નવાલીસ આવ્યો.

પ્ર૦ કાર્નવાલીસે આવીને શાશા બંદોબસ્ત કર્યા?

ઉ૦ ઇંગ્રેજી અમલદારોને કંકાસ કરતા ને ખોટી રીતે ધન લેતાં અટકાવ્યા ને કામદારોને ટુંકા પગાર હતા તે વધાર્યા.

પ્ર૦ એ વખતમાં નિજામે ઇંગ્રેજને કયો પ્રાંત આપ્યો?

ઉ૦ પાછલી સંધી પ્રમાણે ગંતુર આપ્યો.

પ્ર૦ ટીપુનું બળ વધતું અટકાવવાને કોણે એકકો કર્યો?

ઉ૦ નિજામ ને પેશ્વાએ. તેમના સામો ટીપુ ગયો પણ તેમનાં લીધેલાં ગામ ને ચડેલી ખંડણી આપવાની શરતે નિજામ ને પેશ્વાએ સલાહ કરી.

પ્ર૦ ટીપુએ શાં શાં ને કેવાં કામ કર્યાં?

ઉ૦ કાનડા ને કુર્ગ ઉપર સ્વારી કરી ત્યાંનાં એક લાખ માણુસ મુસલમાન કર્યાં. નિજામ ને મરેઠા સાથે સંધી કરી મલબાર જીતી ત્યાં હજારો નાયરને મુસલમાન કર્યા ને ઘણાને માર્યા. તેણે ૮૦૦૦ હીંદુ દેવાલય તોડયાં ને પેગંબર થવાની ધારણા કરી. સન ૧૭૮૯માં તેણે ત્રાવણકોરપર હુમલો કર્યો પણ હાર્યાથી ફરીને લડયો ને જીત્યો.

પ્ર० એ વખતે અંગરેજને અને ટીપુને શાથી લડાઈ ચાલી?

ઉ० ત્રાવણકોરનો રાજા અંગરેજનો દોસ્ત હતો માટે. જ્યારે નિજામે અંગરેજની મદદ માગી ત્યારે અંગરેજના મિત્ર સાથે લઢવું નહીં એ સરતે મદદ આપી. એ મિત્રના નામની યાદીમાં ટીપુનું નામ નહોતું તેથી ટીપુ નાખુશ તો હતોજ તેથી લઢાઇ ચાલી.

પ્ર० એ લઢાઇમાં શું પરિણામ થયું?

ઉ० મરેઠા ને નિજામ ઈંગ્રેજને મળ્યા, ઈંગ્રેજ સેનાનો સેનાપતિ ગવરનર જનરલ પંડે થયો ને સન ૧૭૯૧માં બંગલુર લીધું ને અરિકેરાના રણમાં ટીપુ હાર્યો. બીજે વરસે ૧૭૯૨માં કાર્નવાલીસે શ્રીરંગપટ્ટણ ઘેર્યું. તેમાં અર્ધું રાજ ને ત્રણ કરોડ રૂપિઆ ઈંગ્રેજને અને ૩૦ લાખ રૂપિઆ મરેઠાને આપ્યા ને સંધી કરી.

પ્ર० કાર્નવાલીસે જીતેલા મૂલકની વહેંચણ શી રીતે કરી?

ઉ० કુર્ગ તેના અસલના રાજાને આપ્યો, ને બાકીનું ઈંગ્રેજ, નિજામ ને મરેઠા વચ્ચે વહેંચી લીધું.

પ્ર० શત્રુ પાસેથી મળેલા ધન સબંધી શો રિવાજ હતો ?

ઉ० કેટલોક ભાગ લશ્કરમાં વેહેંચવાનો રિવાજ હતો તે પ્રમાણે કાર્નવાલીસને ભાગ પાંચ લાખ આવ્યા ને જનરલ મેડોસનો ભાગ તેમણે લશ્કરમાં વહેંચી આપ્યો.

પ્ર० બંગાળામાં કાર્નવાલીસે જમીનદારીની શી વ્યવસ્થા કરી?

ઉ० મુસલમાની વારામાં કાયમ જમીનદારો હતા તે મહેસુલ વસુલ કરી સરકારમાં ભરતા. કંપનીએ તે મંજુર ન રાખ્યા. પણ પાછળથી દશ વરસના પટા કરી આપ્યા કાર્નવાલીસે તે પટા સન ૧૭૯૩માં વંશ પરંપરાના કરી આપ્યા ને દર વરસે તેમની કનેથી અમુક રકમ લેવાની ઠરાવી.

પ્ર૦ કાર્નવાલીસે બીજું શું કામ કર્યું?

ઉ૦ દિવાની ફોજદારી કાયદા કર્યા. પણ કાયદાની ખામીને-લીધે પોલીસ જુલમ કરવા લાગી.

પ્ર૦ કાર્નવાલીસ ક્યારે ગયો ને તેની જગાએ કોણ થયો?

ઉ૦ સન ૧૭૯૩ માં. તેની જગાએ સર જાનસોર થયો. તેનો ઠરાવ હતો કે દેશીરાજ્યના કામકાજમાં હાથ ન ઘાલવો.

પ્ર૦ આ ઠરાવથી છેવટ શું ફળ થયું ?

ઉ૦ મરેઠા ને ટીપુ મરજી માફક વર્તવા લાગ્યા ઇંગ્રેજ જોડે લડવા ટીપુ સજવા લાગ્યો ને પેશ્વાએ કર્દલાના યુદ્ધમાં નિજામને હરાવી નરમ કર્યો.

પ્ર.કર્નાટકનોનવાબ મહમદઅલી ક્યારે મુવોનેતેનારાજ્યનું શું થયું?

ઉ૦ સન ૧૭૯૫ માં મૂવો ને તેના દીકરાને ગાદીએ બેસાડયો. મરનાર નવાબનું કરજ ઘણું હતું તે કરોડો રૂપીયા ખર્ચી પતાવ્યું છેવટે સન ૧૮૦૧માં નવાબને વર્ષાસન આપી તેનો મૂલક મદ્રાસ ઇલાકામાં જોડી દીધો.

પ્ર૦ અયોધ્યાનો નવાબ ક્યારે મૂવો ને તેના રાજનું શું થયું?

ઉ૦ સન ૧૭૯૭માં મૂવો. તે કમઅક્કલ ને વિષયી હતો. તેનો અનૌરસ પુત્ર વજીરઅલી નવાબ થયો પણ શોર સાહેબે અસોફના ભાઈ સાદતઅલીને બેસાડયો. તેથી વજીરઅલીએ બળવો કર્યો. તે સમાવી તેને પકડી કાસીમાં કેદ રાખ્યો.

પ્ર૦ શોરસાહેબ ક્યારે વિલાયત ગયો ને તેની જગાએ કોણથયો?

ઉ૦ સન ૧૭૯૮ માં તેની જગાએ લાર્ડ માર્નિંગ્ટન થયો. એને આગળ જતાં લાર્ડ વેલસ્લીનો ઇલ્કાબ મળ્યો.

પ્ર૦ લાર્ડવેલસ્લી કેવો હતો ને તેના વિચાર કેવા હતા?

ઉ૦ તે બુદ્ધિમાન, હિમતવાન, વિદ્વાન ને રાજકાજમાં કુશળ હતો. એણે દેશી રાજ્યના રક્ષણ માટે ફોજ્જે આપી. તથા લડાઈઓમાં ફતેહો મેળવી ઇંગ્રેજી રાજ્યને સર્વોપરી બનાવ્યું.

પ્ર૦ દેશી રાજ્યના રક્ષણ માટે ફોજ્જે રાખવાનો રિવાજ કોણે કહાડયો હતો?

ઉ૦ હેસ્તિંગ્સે. તેણે પ્રથમ અયોદ્ધાના નવાબને ત્યાં એવી ફોજ રાખી હતી. તે રીત કાર્નવાલીસ ને શોરને ન ગમી પણ વેલસ્લીને ગમી ને તે પ્રમાણે મદદ માગનારને ફોજ્જે આપી તેમની પાસેથી તેનો ખર્ચ લીધો. તથા ઈંગ્રેજની રજા વગર કોઈ જોડે લડાઈ કે સલાહ ન કરે ને ઇંગ્રેજને જરૂર પડે ત્યારે કવાયદી લશ્કર રાખી મદદ કરે. મતલબ કે ઇંગ્રેજને તાબે રહી રાજ્ય કરે એમ ચલાવ્યું.

પ્ર૦ કાર્નવાલીસ ને શોરના વખતમાં ઇંગ્રેજ તરફથી કયા રાજા નીકળી ગયા?

ઉ૦ નિજામ ઉપર મરેઠા ચઢયા ત્યારે સરત મુજબ ઇંગ્રેજે નિજામને મદદ ન કરી. તેથી નિજામે ફ્રેંચ ફોજ રાખી, સીંધીયાને ટીપુના લશ્કરમાં તો ફ્રેંચો હતાજ. તેથી ઇંગ્રેજી રાજ્યને ભય થયું. વેલસ્લીએ નિજામને સમજાવી ફ્રેંચોને કઢાવી ઇંગ્રેજી લશ્કર રખાવ્યું.

પ્ર૦ ઇંગ્રેજી મદદગાર લશ્કર કોણે ન રાખ્યું?

ઉ૦ નાના ફડનવીસ જે પેશ્વાનો દિવાન હતો તેણે ઇંગ્રેજી રાજ્યના રક્ષણમાં જઈ સ્વતંત્રતા ખોવાનું તેને ગમ્યું.

પ્ર૦ લાર્ડ વેલસ્સીના વખતમાં કોની સાથે પ્રથમ લડાઇ થઇ ?

ઉ૦ ટીપુ સાથે. તે ફ્રાંસની મદદ મેળવવા પેરવી કરતો હતો

ને ફ્રેંચ સરદારો નીચે પોતાના લશ્કરને કેળવ્યું હતું. તેથી ટીપુ સાથે લઢાઇ કરવાની તૈયારી કરી.

પ્ર૦ ટીપુને પ્રથમ શો સંદેશો કહાવ્યો?

ઉ૦ ફ્રાંસની મદદ મેળવવા પ્રયત્ન કરે છે કે નહીં તે બાબત જવાબ માગ્યો તથા તે અને તેનો ભાઈ આરથર વેલસ્લી (લાર્ડ વેલિંગટન) મદ્રાસ આવ્યો ને નિજામના જેવા કરારથી દોસ્તી કરવાને લખ્યું પણ તે ટીપુએ માન્યું નહીં ને ફ્રાંસના નેપોલિયનને તથા કાબુલના ઝમાનશાહને મદદ કરવા લખ્યું.

પ્ર૦ ટીપુ સાથે લઢવાની કેવી રીતે તૈયારી કરી ?

ઉ૦ ૨૧૦૦ માણુસ કર્ણાટકથી જનરલ હારીસની સરદારી નીચે, ૧૦૦૦૦ માણુસની નિજામની મદદગાર સેના, આર્થર વેલસ્લીને કપ્તાન માલ્કમ આગળ ઉપર મુંબાઇનો ગવરનર થયો તેના હાથ નીચે, ને ૬૦૦૦ મુંબાઈનું લશ્કર જનરલ સ્ટુઅર્ટની સરદારી નીચે મલબાર કાંઠે આવ્યું.

પ્ર૦ ટીપુએ એ લઢાઈની શી ગોઠવણુ કરી ?

ઉ૦ મુંબાઈના લશ્કરને સદાશિર આગળ અટકાવવા ટીપુ ગયો પણુ ૨૦૦૦ માણુસ મરવાથી પાછો હઠયો. જનરલ હારીસ સામે પંડે શ્રીરંગપટણુથી ૪૦ મૈલ દુર માલવેલી આગળ લઢયો તેમાં પણુ હાર્યો તેથી આવીને રાજ્યધાનીમાં ભરાયો. પંડે નાઊમેદ થઈ ગયો. તે ફકીરો પાસે બંદગી ને બ્રાહ્મણો પાસે અનુષ્ટાન કરાવવા લાગ્યો. પણુ ઈંગ્રેજોએ સન ૧૭૯૯માં શ્રીરંગપટણુ લીધું ને ટીપુ મરાયો.

પ્ર૦ ટીપુ મરાયા પછી એના રાજ્યની શી વ્યવસ્થા કરી?

ઉ૦ હૈદરે ઉઠાડી મૂકેલા રાજાના પાંચ વરસના કુંવરને થોડું

રાજ્ય આપ્યું ને બાકીનુ ઇંગ્રેજ ને નીઝામે વહેંચી લીધું, ને ટીપુના છોકરાને જીવાઇ બાંધી આપી વેલોરમાં રાખ્યા.

પ્ર૦ સુરત ઇંગ્રેજને શી રીતે ને કયારે મળ્યું?

ઉ૦ સન ૧૮૦૦માં નવાબને પેન્શન બાંધી આપી સુરત ને તેનાં પ્રગણાં ઇંગ્રેજે ખાલસા કર્યાં.

પ્ર૦ વાયવ્ય પ્રાંતો ઇંગ્રેજને કોની પાસેથી ને શી રીતે મળ્યાં?

ઉ૦ અયોદ્ધાનો નવાબ સાદતઅલી જુલમ કરતો તેથી રાજ્યમાં ગેરબંદોબસ્ત હતો, તેનો લાર્ડ વેલસ્લીએ બંદોબસ્ત કર્યો. ને તેની કુમક માટે રાખેલી ફોજના ખર્ચ પેટે કેટલોક મુલક લીધો. તેનો આગળ જતાં "વાયવ્ય પ્રાંતો" નો ઇલાકો થયો.

પ્ર૦ લાર્ડવેલસ્લીને શા માટે રાજીનામું આપવું પડયું?

ઉ૦ હિંદના વેપારનો ઇજારો કંપનીને હાથ હતો, બીજા વેપારીઓને ૩૦૦૦ ટન સુધી માલની છુટી હતી; પણ વેલસ્લીનો વિચાર બિલકુલ છુટ આપવાનો હતો, તે વિલાયતમાં ડિરેકટરોને ન ગમ્યાથી તેણે રાજીનામું મોકલ્યું પણ ડિરેકટરોએ એને એક વરસ વધારે રહેવા કહ્યાથી રહ્યો.

પ્ર૦ એ વરસમાં કોની સાથે ને શાથી ટંટો થયો?

ઉ૦ પાછળ કહ્યા પ્રમાણે મરેઠામાં કુસંપ પેઠો હતો તેમાં બાજીરાવ ને સીંધીઓ મળી ગયા તેથી જસવંતરાવ હોલકરે પુના લીધું તેથી બાજીરાવ નાશીને વસાઈ ગયો; ને ઇંગ્રેજ સાથે કરાર કર્યો કે પેશ્વાએ રક્ષણ માટે પુનામાં ઇંગ્રેજી ફોજ રાખવી ને તેનું ખર્ચ પેશ્વા આપે. તેથી ઇંગ્રેજે પુને જઈ બાજીરાવને ગાદી અપાવી.

પ્ર૦ બાજીરાવે કરેલી સંધી કોને ન ગમી?

ઉ૦ દોલતરાવ સીંધીઆને અને રાઘોજી ભોંસલેને. તેથી તેમની

સાથે ઇંગ્રેજને લઢાઇ થઇ.

પ્ર૦ એ લઢાઇની તૈયારી લાર્ડ વેલસ્લીએ શી રીતે કરી?

ઉ૦ આર્થર વેલસ્લી નવ હજાર ફોજ લઇ અહમદનગર ગયો. બીજી ૮૦૦૦ ફોજ ગોદાવરીને કાંઠે, ત્રીજી ફોજ કૃષ્ણા ને તુંગભદ્રાને કાંઠે, ૭૦૦૦ ગુજરાતમાં, ૩૫૦૦ અલ્હાબાદમાં બુંદેલખંડપર ચઢવાને, કટકપર ચઢવાને પાંચ હજાર ને હિંદુસ્તાનમાં ૧૦૫૦૦૦ ફોજ લાર્ડ લેક પાસે હતી. એ રીતે મરેઠાને ચારે તરફ ઘેર્યા.

પ્ર૦ એ વખતે મરેઠી રાજ્યની સત્તા કેટલા મૂલકમાં હતી?

ઉ૦ દિલ્લીથી કાવેરી સુધી ને મહા નદીથી ખંભાત સુધી.

પ્ર૦ સિંધીઆ ને ભોંસલે પાસે કેટલું લશ્કર હતું?

ઉ૦ એ બંનેમા ૫૦ હજાર સ્વાર, ૩૦ હજાર કવાયતી પાયદળ ને યૂરોપી સરદારો નીચે ઘણું તોપખાનું હતું ને તે ઉપરાંત લુટારૂ સ્વારો ઘણા હતા.

પ્ર૦ જસવંતરાવ હોલકર કયા પક્ષમાં હતો?

ઉ૦ તે એકે પક્ષમાં ન ભળતાં માળવામાં લૂંટફાટ કરતો.

પ્ર૦ એ લઢાઇમાં વેલસ્લીની ફોજે શું પરાક્રમ કર્યું?

ઉ૦ અહમદનગર જીતીને અસાઇ આગળ મરેઠી ફોજને હરાવી તથા આસીરગઢ ને બુરાનપુર લીધાં.

પ્ર૦ લાર્ડલેકની ફોજે શું પરાક્રમ કર્યું?

ઉ૦ સીંધીઆની ફોજને હરાવી દિલ્લી લીધી તેથી શાહઆલમ ઇંગ્રેજને હાથ આવ્યો. ત્યાંથી આગ્રા જીતીને મેવાડમાં લાસવારી આગળ સીંધીઆની જબરી ફોજને હરાવી.

પ્ર૦ બીજી ઇંગ્રેજ ફોજેએ શાં પરાક્રમ કર્યાં?

ઉ૦ ગુજરાતની ફોજે ભરૂચ ને પાવાગઢ લીધાં; અલ્હાબાદ-

ની ફોજે બુંદેલખંડ ને બીજી એક ફોજે કટક જીત્યું.

પ્ર૦ આર્ગામની લડાઈ કોણે કરી, ને તેમાં શું થયું?

ઉ૦ જનરલ વેલ્સલીએ સીંધીઆ ને ભોંસલેના ફોજને આર્ગામ આગળ હરાવી. તેથી બંને જણાએ સંધી કરી.

પ્ર૦ ભોંસલેએ ક્યાં આગળ ને કેવી સંધી કરી?

ઉ૦ દેવગામ મુકામે સંધી કરી તેમાં કટક, બાલાસોર, ને વર્ધા નદીની પશ્ચિમનો મુલક આપ્યો ને નિઝામ ને પેશ્વા સાથેનો વાંધો ઈંગ્રેજ મારફત પતાવવો તથા ઈંગ્રેજના પરદેશી શત્રુને નોકરીમાં ન રાખવા કબુલ કર્યું.

પ્ર૦ સીંધીઆએ ક્યાં ને કેવી સંધી કરી?

ઉ૦ સીરજીઅંજીન ગામ આગળ સીંધીઆ સાથે સંધી થઈ તેમાં જમના ને ગંગા વચ્ચેનો મુલક આપવો; જેપુર, જોધપુર ને ગોહદની ઉત્તરના મૂલક, અહમદનગર, ભરૂચ, ને અજંગઘાટ ને ગોદાવરી વચ્ચેના પ્રાંતો ઈંગ્રેજને આપ્યા. ઈ. સ. ૧૮૦૩. એ બીજી મરેઠી લડાઈ ગણાય છે.

પ્ર૦ એ સંધીઓ થયા પછી કોની સાથે ઈંગ્રેજને ટંટો થયો?

ઉ૦ હોલકર સાથે. તેણે ઈંગ્રેજ પાસે મૂલક માગ્યો ને ઈંગ્રેજ આશરા તળેનાં રજપૂત રાજ્યો સતાવ્યાં તેથી લડાઈ થઈ. સન ૧૮૦૪. એ ત્રીજી મરેઠી લડાઇ ગણાય છે.

પ્ર૦ એ લડાઇમાં શું થયું?

ઉ૦ પ્રથમ કર્નલ માનસનને હોલકરે હરાવ્યો ને હોલકરે દિલ્લી ઉપર હલ્લો કર્યો પણ હોલકર હાર્યો, તથા દીંગ આગળ ફ્રેજરને માનસને તેને હરાવ્યો. લાર્ડ લેકે ફરૂકાબાદ આગળ હરાવ્યો ને દીંગ જીત્યો. હોલકરની રાજધાની ઇંદોર ને બીજા કિલ્લા લઈભ-

રતપુરને ઘેરો ઘાલ્યો. જાટ રાજાએ ઇંગ્રેજને હંફાવ્યા પણ છેવટે સંધી કરીને ૨૦ લાખ રૂપીઆ આપ્યા.

પ્ર૦ હોલકર સાથેની લડાઈમાં ભરતપુરના રાજાસાથે શામાટેલડ્યા?

ઉ૦ તે હોલકરનો મિત્ર ને મદદગાર હતો માટે.

પ્ર૦ લાર્ડ વેલસ્લી કયારે વિલાયત ગયો?

ઉ૦ ઇ. સ. ૧૮૦૫માં, ત્યાં તેનાં કામ ન ગમ્યાં પણ રૂપિઆ ૨૦ લાખ ઇનામ આપ્યું ને તેની મૂર્તી કંપનીના દીવાનખાનામાં રાખી.

પ્રકરણ ૧૭ મું.

પ્ર૦ લાર્ડ વેલસ્લી પછી કોણ ગવરનર જનરલ થયો?

ઉ૦ વેલસ્લીએ ઘણો મુલક મેળવ્યો તેથી ડિરેકટરોએ ધાર્યું કે ખર્ચ ઘણો થશે માટે લાર્ડ કાર્નવાલીસ ને વેલસ્લીની રીતથી ઉલટા ચાલવાની સરતે મોકલ્યો. તે લેક સાહેબની છાવણીએ જતાં રસ્તામાં મરણ પામ્યો.

પ્ર૦ લાર્ડ કાર્નવાલીસ પછી કોણ થયું ને તે કેવા વિચારનોહતો?

ઉ૦ કૌંસીલનો મૂખ્ય મેમ્બર સરજાર્જબાર્લો. તે પણ કાર્નવાલીસના જેવા વિચારનો હતો.

પ્ર૦ સરજાર્જબાર્લોએ કેવી રીતે રાજ્ય ચલાવ્યું?

ઉ૦ તેણે લેક સાહેબનો મત ના મંજુર કરી હોલકર જોડે સંધી કરી. તથા હોલકરની વારે સીંધીયા ચઢ્યો હતો તેનું પણ મન મનાવ્યું ઇ. સ. ૧૮૦૫.

પ્ર૦ સન ૧૮૦૬ માં જાણવાજોગ બનાવ શો બન્યો?

ઉ૦ વેલોરમાં ઈંગ્રેજી છાવણીની દેશી ફોજે બળવો કર્યો. તેમાં ટીપુના છોકરા સામેલ હતા. એ બળવો અર્કાટમાંની કર્નલ ગીલેસ્પીની ટુકડીએ સમાવ્યો.

પ્ર૦ બાર્લો પછી ગવરનર જનરલ કયો થયો?

ઉ૦ સન ૧૮૦૭ માં લાર્ડ મીન્ટો થયો.

પ્ર૦ ત્રાવણકોર સાથે ઇંગ્રેજને શાથી અણબનાવ થયો ને તેમાં શું થયું?

ઉ૦ ત્રાવણકોરના દીવાને કેટલાક ઈંગ્રેજને દરીઆમાં ડુબાવ્યા તેથી ઈંગ્રેજે તે રાજ્ય સન૧૮૦૯માં જપ્ત કર્યું, દીવાને આપઘાત કર્યો ને તેના ભાઇને ફાંસી દીધી. એ રાજ્ય સન ૧૮૧૩માં રાજાને પાછું આપ્યું.

પ્ર૦ મારીસ, બુર્બો વગેરે ટાપુ ક્યારે જીત્યા?

ઉ૦ એ ટાપુઓ ફ્રેંચને તાબે હતા. ફ્રેંચો સાથે ઇંગ્રેજને તે વખતે લઢાઈ હતી તેથી એ બેટો ઈંગ્રેજે જીતી લીધા.

પ્ર૦ તે વખતે પંજાબમાંકયો રાજાહતો ને તેનીસાથે શીસંધી કરી?

ઉ૦ શિખ રાજા રણજીતસીંગે પોતાનું રાજ મજબૂત કર્યું હતું. તેની સાથે વકીલ મોકલી લાર્ડ મીન્ટોએ સંધી કરી કે સતલજના જે કાંઠા તરફ ઇંગ્રેજી રાજ્ય હતું તે તરફના તાલુકદારોને તેણે છેડવા નહીં.

પ્ર૦ લાર્ડ મિન્ટોએ બીજા કોની સાથે સંધી કરી ને શી?

ઉ૦ સિંધ, કાબુલ, ને ઇરાનના રાજા સાથે, તેમાં ઠરાવ કર્યો કે તેમના મુલકમાં ઇંગ્રેજના દુશ્મનને પેસવા દેવા નહીં.

પ્ર૦ લાર્ડ મિન્ટોએ બીજા કયા મુલકનો બંદોબસ્ત કર્યો?

ઉ૦ બુંદેલખંડમાં બખેડો હતો ત્યાં ફોજ મોકલી સમાવ્યો.

પ્ર૦ મિન્ટોની જગાએ કયારે ને કોણ ગવરનરજનરલ થયો?

ઉ૦ સન ૧૮૧૩માં લાર્ડ હેસ્તિંગ્સ.

પ્ર૦ એ સાલમાં કંપનીના વહીવટમાં શો ફેરફાર થયો ?

ઉ૦ સન ૧૭૭૩ માં કંપનીને ચીન ને હિંદુસ્તાન સાથે વેપાર કરવાનો ઈજારો વીશ વરસનો મળ્યો હતો તે મુદત પુરી થયાથી ભરતખંડમાં વેપાર કરવાની સર્વને છૂટ આપી. માત્ર ચીનનો ઈજારો કંપનીને આપ્યો. વળી એજ સાલમાં ઈંગ્રેજી ધર્મનો વહિવટ કરવાને કલકત્તામાં બીશપની નીમણુક થઇ ને તેનાથી ઉતરતાં પુરોહિત મુંબાઈ ને મદ્રાસમાં નીમ્યા.

પ્ર૦ લાર્ડ હેસ્તિંગ્સ કેવો હતો?

ઉ૦ સન ૧૮૧૪ માં તે કલકત્તે આવ્યો. તે હોંશિઆર ને અનુભવી હતો. એણે નવ વરસ સુધી ખબરદારી ને દ્રઢતાથી અમલ ચલાવી ઈંગ્રેજી રાજ્ય વધાર્યું ને આબાદ કર્યું.

પ્ર૦ એને પ્રથમ કયા રાજ્ય સાથે લઢાઇ થઇ ને શાથી?

ઉ૦ નેપાળમાં ગુરખા લોકોનું રાજ હતું, તેમણે ઈંગ્રેજનાં માણસો મારી નંખાવી કેટલોક મુલક દબાવ્યો. તેથી સન ૧૮૧૪ માં લઢાઈ થઈ.

પ્ર૦ એ લઢાઇમાં શું પરિણામ આવ્યું?

ઉ૦ ગુરખા લોક શૂરા હતા. તેઓ ઇંગ્રેજ સામે ફરીને લઢ્યા ને તેમના હુમલા પાછા વાળ્યા. પણ બીજે વર્ષે જનરલ આચરલોનીએ ગુરખાને હરાવ્યા. તેથી કેટલોક મૂલક આપી ગુરખા રાજાએ સંધી કરી. સન ૧૮૧૫.

પ્ર૦ એ વખતે મરેઠી રાજ્યની સ્થિતી કેવી હતી?

ઉ૦ પેશ્વાને ગાયકવાડે ઈંગ્રેજી મદદની ફોજ રાખી હતી. તેમાં ગાયકવાડ ઇંગ્રેજને તાબે રહ્યાથી આજ સુધી ટકયો ને પેશ્વાએ છૂટવાનો યત્ન કર્યાથી ગાદી ગુમાવી. દોલતરાવ સીંધીઆએ સન ૧૮૧૦મા ગ્વાલીયરમાં ગાદી કરી. જસવંતરાવ હોલકર ગાંડો થવા

થી તેનું રાજ્ય અમીરખાન નામે પઠાણ ચલાવવા લાગ્યો, તે મો ટો કપટી લૂંટારો હતો.

પ્ર૦ અમીરખાંએ ઉદેપુરના રાણાને કયી દુષ્ટ સલાહ આપી?

ઉ૦ રાણાને કૃષ્ણાકુમારી નામે એક બહુ રૂપાળી કુંવરી હતી તેને વરવા માટે જોધપુર ને જેપુરના રાજા લઢયા. અમીરખાંએ રાણાને સલાહ આપી ને કુંવરીને ઝેર દેઈ મરાવી.

પ્ર૦ બાજીરાવ કોની સલાહથી ચાલતો ને તે કેવો હતો?

ઉ૦ ત્રીંબકજી ડેંગલે નામે એક નીચ માણસને બાજીરાવે દીવાન ઠરાવ્યો. તેણે જુલમ કર્યા ને નોકરો બધા લાંચીયા ને જુડા થઈ ગયા. તેઓ અન્યાય કરવા લાગ્યા.

પ્ર૦ તે વખતે પેશ્વાના દરબારમાં કોણ રેસીડેન્ટ હતો?

ઉ૦ સન ૧૮૧૭ માં માન્સટુઅર્ટ એલફિન્સ્ટન.

પ્ર૦ ઈંગ્રેજથી છુટવાને પેશ્વાએ કોની સાથે મસલત કરી હતી?

ઉ૦ સીંધીયા, હોલકર ને ભોંસલે જોડે.

પ્ર૦ પેશ્વાએ શું ઘાતકી કામ કર્યું?

ઉ૦ ગાયકવાડ પાસે પેશ્વાનું લેણું હતું તે પતાવવા ઇંગ્રેજની બાંહેધરીથી ગાયકવાડનો દિવાન ગંગાધર શાસ્ત્રી પુને આવ્યો તેને પેશ્વાની ઇચ્છાથી ત્રીંબકજીએ પંઢરપુરમાં મરાવી નાંખ્યો.

પ્ર૦ તેથી ઇંગ્રેજે ત્રીંબકજીની શી વલે કરી?

ઉ૦ બાજીરાવને ધમકાવી ત્રીંબકજીને પકડાવી મગાવી થાણામાં કેદ કર્યો પણ ત્યાંથી તે નાઠો ને બાજીરાવ પૈસાથી લસ્કર કરવા લાગ્યો.

પ્ર૦ બાજીરાવને કબજામાં લેવા ઇંગ્રેજે શા ઉપાય કર્યા?

ઉ૦ તેની સાથે ૧૮૧૭માં ફરી સંધી કરી તેથી તેનો અધિકાર ને મુલક ઘટયો પણ બહુ દ્વેષ વધ્યો. તે કપટી પણ મોઢે મીઠો હ-

તો. વળી બુધ્ધિહીન, નામર્દ ને દુરાચારી હતો.

પ્ર૦ પીંઢારા કોણ ને કેવા હતા?

ઉ૦ તે વખતે મધ્ય હિંદમાં હજારો લૂંટારાનાં ટોળાં થયાં હતાં. દશરા પછી તેઓ ચારે દિશાએ ફેલાઇ ગામ લૂંટતા ને લોકો પીડતા. એ ટોળાં પ્રથમ દક્ષિણમાં થયાં ને મરેઠી ફોજ પાછળ તેઓ જતા. તેમના સરદારોને નર્મદા કાંઠે મરેઠા સરદારોએ જમીન આપી હતી. સન ૧૮૧૨ માં પીંઢારા સાઠ હજાર હતા.

પ્ર૦ પીંઢારાનું કામ કરનારા બીજા કયા લોકો હતા.

ઉ૦ પીંઢારા વગર અતીત નેં ગોસાઈ લોકો પણ હથિયાર બાંધી મરેઠાની નોકરીમાં રહ્યા ને કેટલાક બળાત્કારે અનાજ ને નાણાં ઉઘરાવતા. ભીલ, કોળી, ગરાસીયા, કાઠી ને પઠાણોની ધાડો પણ પડતી. કેટલાક બારવટીઆ, રાજા ફોજ રાખી કેર કરતા એવો એ વખત હતો.

પ્ર૦ ભોંસલેના રાજ્યનો કારભાર તે વખતે કેવો ચાલતો?

ઉ૦ રઘુજી ૧૭૧૫ માં મરણ પામ્યો, તેની પછી પરસાજી થયો. તે હોલેદીલ હતો તેથી તેના કાકાનો દિકરો આપાસાહેબ કારભાર કરતો. તેણે ઈંગ્રેજની ફોજ રાખી તેને લગતી સરતો કબુલ કરી. પરંતુ તે બાજીરાવ સાથે મળી ગયો.

પ્ર૦ પીંઢારાનો બંદોબસ્ત કરવાની તથા રૈયતના જાનમાલનું રક્ષણ કરવાની હેસ્તિંગ્સે કેવી યોજના કરી ?

ઉ૦ સન ૧૮૧૭ માં તેણે ૧૧૬૦૦૦ ફોજ ૩૦૦ તોપ એકઠી કરી જુદે જુદે ઠેકાણે રાખીને પીંઢારાને ઘેરી લીધા. કેટલીક ફોજ લેઈ પંડે ગ્વાલિયર આવ્યો. તથા ગુજરાત ખાનદેશ ને વરાડમાંની ફોજોને નાકાં ઘેરતી માળવામાં મોકલી. વળી પીંઢારા નાશી ન જાય

માટે પુના, નાગપુર, આગ્રા, સિકંદ્રાબાદ, હૈદ્રાબાદ ને કલિંજરમાં લશ્કરની ટુકડીઓ રાખી.

પ્ર૦ પીંઢારાના કયા કયા સરદારો હતા ને તેમનું શું થયું?

ઉ૦ ચીતુ, કરીમખાન અને વસીલ મહમદ એ ત્રણ મુખ્ય પીંઢારા નાયક હતા. તેમના કિલ્લા સરંજામ માલ્કમે જીત્યા તેથી ચીતુ હોલ્કરના લશ્કર સાથે ભળી ગયો, તે હોલ્કર હાર્યા પછી નાઠો તેને વાઘે જંગલમાં મારી નાંખ્યો. કરીમખાન ઇંગ્રેજને શરણે આવ્યો ને વસીલ મહમદ સીંધીઆને તાબે થયો. એ રીતે પીંઢારાનો ભય ટાળ્યો.

પ્ર૦ ટાંકના રાજ્યની સ્થાપના શી રીતે ને કોણે કરી?

ઉ૦ પીંઢારા સામી ઇંગ્રેજની તૈયારી જોઇ અમીરખાન તાબે થયો તેથી ઇંગ્રેજે ટાંકનું રાજ્ય તેને આપ્યું. તે તેના વંશજો ભોગવે છે.

પ્ર૦ સર ચાર્લ્સ મેટકાફે કોની કોની જોડે સંધીઓ કરી?

ઉ૦ ઉદેપુર, જોધપુર, જેપુર, બુંદી, કોટા ને ભોપાળના રાજાઓ ઇંગ્રેજને તાબે થયા તેથી તેમની જોડે સંધી કરી.

પ્ર૦ મરેઠાની સંતલસમાંના કોણે પ્રથમ લઢાઇ આરંભી?

ઉ૦ બાજીરાવે સન ૧૮૧૭ માં.

પ્ર૦ એ લઢાઇમાં દરેક તરફ કેટલું લશ્કર હતું ને તેમાં શું થયું?

ઉ૦ બાજીરાવ પાસે ૧૮૦૦૦ સ્વાર, ૮૦૦૦ પાયદલ ને ૧૪ તોપ ને ઇંગ્રેજ તરફ ૮૦૦ યૂરોપી ને ૨૦૦૦ દેશી સિપાઇ હતા. બાજીરાવે ઇંગ્રેજની છાવણી પુના પાસે ખડકી ગામમાં હતી ત્યાં હુમલો કર્યો પણ પાછો હઠી પુનામાં ભરાયો.

પ્ર૦ ઇંગ્રેજીફોજની મદદે કોણ આવ્યું?

ઉ૦ ચંદા. ડુંગરમાં જનરલ સ્મીથની ફોજ હતી તે.

પ્ર૦ જનરલ સ્મીથે શું પરાક્રમ કર્યું?

ઉ૦ પુના લઈ બાજીરાવને નસાડયો ને બાજીરાવની પૂંઠે પડયો.

પ્ર૦ બાજીરાવે ફરીને કયાં આગળ લઢાઇ કરી?

ઉ૦ કોરી ગાંવ આગળ પેશ્વા ૨૫૦૦૦ સ્વાર લેઇ ઇંગ્રેજના ૮૦૦ માણસ ઉપર પડયો પણ છેવટે નાઠો.

પ્ર૦ છેલ્લી લઢાઇ કયાં આગળ ને કયા મરેઠા સરદારે કરી?

ઉ૦ પેશ્વાના સેનાપતિ બાપુ ગોખલે સોલાપુર ને પંઢરપુર વચ્ચે આસ્ટેગામ આગળ લઢાઈ કરી તેમાં ગોખલે મરાયો.

પ્ર૦ સતારાના રાજ્યનું શું થયું?

ઉ૦ સન ૧૮૧૮ માં ઇંગ્રેજે સતારા લીધું ને પેશ્વાનો વાવટો ઉતારી શિવાજીનો વાવટો ચઢાવ્યો ને થોડો મુલક સતારાના રાજાને આપ્યો.

પ્ર૦ પેશ્વાનું છેવટ શું થયું?

ઉ૦ તે રઝળી રખડી છેવટે માલકમને શરણે ગયો. તેણે રાજ્ય લેઇ પેશ્વાને મોટું વર્ષાસન બાંધી આપ્યું. પેશ્વા કાનપૂર પાસે બીઠુરમાં રહ્યો. ત્યાં સન ૧૮૫૩ માં મૂઓ. તેનો દત્તપુત્ર નાના સાહેબ સન ૧૮૫૭ ના બળવામાં સામેલ થવાથી નાઠો ને માર્યો ગયો. એ રીતે પેશ્વાનો વંશ પૂરો થયો.

પ્ર૦ ત્રીંબકજી ડેંગલેનું શું થયું?

ઉ૦ તે પકડાયો ત્યારે તેને જીવતાં સુધી ચુનારગઢમાં કેદ રાખ્યો.

પ્ર૦ પેશ્વાના રાજ્યનો બંદોબસ્ત કોણે ને શી રીતે કર્યો?

ઉ૦ માનસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનસાહેબે પેશ્વાનો મુલક ખાલસા કરી જમીનદારોનાં ગામ તેમની કને રહેવા દીધાં તથા ઉદાર દીલથી સા-

રો બંદોબસ્ત કરી જમીનદારોને તથા લોકોને શાંત પાડયા.

પ્ર૦ ભોંસલેના રાજ્યનું શું થયું?

ઉ૦ પરસાજીને મારી આપાસાહેબ રાજ્યનો ધણી થયો. બાજીરાવ પછી તેણે નાગપુરની ઇંગ્રેજી ફોજ ઉપર હુમલો કર્યો.

પ્ર૦ તે વખત રેસીડેંટ કોણ ને કેવો હતો?

ઉ૦ જેન્કિન્સ સાહેબ હતો તે પણ હોંશીઆરને દઢ હતો.

પ્ર૦ બંને તરફ કેટ કેટલી ફોજ હતી ને તેમાં શું થયું?

ઉ૦ આપાસાહેબ પાસે ૧૮૦૦૦ ને ઇંગ્રેજ તરફ માત્ર ૧૪૦૦ હતી. પણ તેમાં મરેઠા હાર્યા. જેન્કિન્સે સખ્ત કરાર કરી રાજ્ય પાછું સોંપ્યું. પણ ફરીને લઢયો ને રાજ્ય ખોઇ છેવટે જોધપુરમાં જીવત પુરું કર્યું.

પ્ર૦ નાગપુરના રાજનો ઇંગ્રેજે શો બંદોબસ્ત કર્યો?

ઉ૦ રઘુજીના પૌત્રને રઘુજી બીજો નામ આપી ગાદી આપી. તે ૧૮૫૩ માં મુવાથી તેનું રાજ્ય ખાલસા કર્યું.

પ્ર૦ બાજીરાવના મલતીઆ હોલકરના રાજ્યનું શું થયું?

ઉ૦ એ રાજ્ય તુલશીબાઇને હાથ હતું. તે ઇંગ્રેજ તરફ હોવાથી સરદારોએ તેને મારી નાંખી, મલારરાવ હોલ્કર બાળક હતો. હોલ્કરની ફોજ ૨૦૦૦૦ સરસ સ્વારોની હતી. તેને ઇંગ્રેજે હરાવી સંધી કરી ને રજપૂત રાજ્યો પરની ખંડણીનો દાવો છોડી હોલ્કરનું રાજ્ય ઇંગ્રેજના રક્ષણમાં આવ્યું. સન ૧૮૧૭.

પ્ર૦ લોર્ડ હેસ્તિંગ્સે શાંશાં સારા કામ કર્યાં?

ઉ૦ તેણે રાજ્યનો સારો બંદોબસ્ત કરી તાબાના રાજાને ઠરી ઠામ પાડયા. પીંઢારાનો નાશ કરી રૈયતના જાન માલનું રક્ષણ કર્યું કંપનીના રાજની પેદાશમાં વધારો કર્યો, નિશાળો સ્થાપી,

કેળવણી આપવાનો આરંભ કર્યો. પ્રથમ વર્ત્તમાન એના વખતમાં પ્રગટ થયું. એને માત્ર હૈદ્રાબાદમાં પામરની કંપનીની શાહુકારી પેઢી હતી તેને આશ્રય આપી ખરાબી કરી તેજ કામ ખોટું કર્યું.

પ્ર૦ લાર્ડ હેસ્તિંગ્સ ક્યારે વિલાયત ગયો?

ઉ૦ સન ૧૮૨૩ માં. ત્યાં ઇંગ્લાંડના રાજાએ તથા કંપનીએ એને બહુ ધન તથા માન આપ્યું.

પ્રકરણ ૧૮ મું.

પ્ર૦ લાર્ડ હેસ્તિંગ્સ પછી ગવરનરજનરલ કોણ ને ક્યારે થયો?

ઉ૦ લાર્ડ આંમ્હર્સ્ટ સન ૧૮૨૩ માં થયો.

પ્ર૦ એણે પ્રથમ શું સારૂં કામ કર્યું?

ઉ૦ પામરની કંપનીના દેવામાં ડુબતા નિજામને છોડાવ્યો.

પ્ર૦ એના વખતમાં બીજો મોટો બનાવ શો બન્યો?

ઉ૦ બ્રહ્મદેશના રાજાએ સન ૧૮૨૩માં ઇંગ્રેજનો એકબેટ કબજે કર્યો ને ઇંગ્રેજના મિત્ર કાચારના રાજા ઉપર સ્વારી કરી તેથી તેની સાથે લઢાઇ કરી.

પ્ર૦ એ લઢાઇમાં સેનાપતિ કોણ હતું ને તેમાં શું થયું?

ઉ૦ જનરલ કેમ્પબાલ હતો તેણે રંગુન લીધું ને બ્રહ્મીફોજને નસાડી બીજે વરસે (૧૮૨૪માં) માર્ટાબાન, આરાકાન વગેરે લીધાં ને નામીચા બ્રહ્મી સેનાપતિ મહાબંદુલાને હરાવીને માર્યો. છેવટ ઇંગ્રેજ સેના બ્રહ્મી રાજધાની આવા આગળ આવી ત્યારે રાજાએ કરોડ રૂપિઆ ને આશામ; આરાકાન, ટીનાસરીમ વગેરે પ્રાંતો આપી સલાહ કરી.

પ્ર૦ આ લડાઇના સંબંધમાં ઇંગ્રેજી કઇ પલટણે બળવો કર્યો?

ઉ૦ બ્રહ્મદેશમાં ગએલી ફોજને પેહેલે વર્ષે હવા પાણીની હરકતો નડવાથી ઘણાં માણુસ મૂવાં તથા બ્રહ્મીલોકને જાદુ આવડે છે એવી વહેમી વાતો ફેલાયાથી દેશી સિપાઈ ડરી ગયા તેથી બરાખપુરની પલટણોને બ્રહ્મદેશ જવા ફરમાવ્યું, ત્યારે ૪૭ મી પલટણે ના કહ્યું તેથી તેમનાપર તોપો ચલાવી તેમાંના કેટલાકને પકડયા,, કેટલાકને માર્યા ને કેટલાક બરતરફ કર્યા.

પ્ર૦ ભરતપુરના રાજા સાથે શા માટે લડાઈ થઇ?

ઉ૦ સન ૧૮૨૫ માં ભરતપુરનો રાજા મૂવાથી તેની ગાદી ઇંગ્રેજે તેના ભાઈ બળદેવસિંગને આપી પણ તે મૂવાથી ગાદીનો બીજો દાવાદાર તેનો પિત્રાઈ દુર્જનશાલ હતો તેણે બળદેવના કુંવરને કેદ કરી રાજ્ય લીધું. તેથી ઇંગ્રેજે ભરતપુર જીતી બળદેવના કુંવરને ગાદી આપી.

પ્ર૦ આમહર્સ્ટ પછી ગવરનર જનરલ કોણ ને કયારે થયો?

ઉ૦ સન ૧૮૨૮ માં આમહર્સ્ટ ગયો ને લાર્ડબેંટિક થયો.

પ્ર૦ એણે કયા કયા બંદોબસ્ત કર્યા?

ઉ૦ મૈસુરનો રાજ્ય વહીવટ રાજાની વતી સરકારે હસ્તક લીધો ને કુર્ગનો રાજા દુષ્ટ હતો તથ ઇંગ્રેજની શિખામણ ન માની તેથી તેનું રાજ્ય લઈ લીધું.

પ્ર૦ બેંટિકસાહેબે શા શા સુધારા દાખલ કર્યા?

ઉ૦ લશ્કરી ને મુલકી ખર્ચમાં ઘટાડો કર્યો, દેશીઓને મોટી નોકરી આપવાનો ધારો કર્યો. ન્યાયખાતામાં મુનસફને સદર અમીન ઠરાવી ૩૫૦૦૦ સુધીના દાવા ચુકવવાનો અધિકાર આપ્યો. કચેરીમાં ફારસીમાં કામ ચાલતું તે દેશીભાષામાં ચલાવવાનો કાયદો કર્યો. વાયવ્યપ્રાંતોમાં જમાબંધીનો બંદોબસ્તકર્યો, જમીનદારોનાં હક સુ-

ઠરાવ કર્યા, સતી થવાનો ચાલ અટકાવ્યો, ને પ્રજાને ધર્મસબંધી છુટ આપી.

પ્ર૦ સતી થવાનો ચાલ અટકાવવા બીજા કોણે મદદ કરી?

ઉ૦ કલકત્તાના બ્રહ્મસમાજના સ્થાપનાર રામમોહનરાયે.

પ્ર૦ ફાંસીઆ કોણ ને તેનો બંદોબસ્ત શી રીતે કર્યો?

ઉ૦ ભરતખંડના મધ્યભાગમાં ગુજે મુસલમાન ભવાનીનામની દેવીને માનતા. તેઓ માનતા કે દેવી માણસના ભોગથી પ્રસન્ન થાયછે તેથી રસ્તામાં જનાર જાત્રાળુને મારી દેવીને ભોગ આપતા ને તેમનો માલ ચોરી લેતા. તેઓ જાત્રાળુને કે વેપારીને કે એવે બીજે વેશે ભટકતા ને મુસાફર ભેગા ભળી જઈ લાગ આવે ગળે ફાંસો દેઈ મારી નાંખતા. એ ઠગ કહેવાતા. એ ઉજળા ઠગ પકડાતા નહીં તેમને ખોળી નાબુદ કરવાને મેજર સ્લીમાનને નીમ્યો, તેણે ફાંસીઆનાં ગામ શોધી ઘણાને સજા કરીને કેટલાક જબલપુરમાં લાવી તંબુ બનાવવા વગેરે ઉદ્યોગ કરતાં શીખવ્યા.

પ્ર૦ બેંટિકે નિશાળખાતામાં શો સુધારો કર્યો?

ઉ૦ કંપનીના મતવિરૂદ્ધ હેસ્તિંગ્સની સ્થાપેલી નિશાળોમાં સંસ્કૃત, ફારસી ને અરબીમાં કેળવણી મળતી પણ લોક સ્થિતિ સુધરે તેમ નહીં લાગ્યાથી ઇંગ્રેજીમાં કેળવણી આપવાની આજ્ઞા કરી અને એના પછીના ગવરનર જનરલે ઇંગ્રેજી ને દેશી બંને ભાષામાં કેળવણી આપવાની ગોઠવણી કરી.

પ્ર૦ એના વખતમાં ઈંગ્લાંડ જવાનો કયો નવો માર્ગ નીકળ્યો?

ઉ૦ અત્યાર સુધી કેપ આવ ગુડ હોપને ફરીને જવાતું. આ વખતે આ દેશમાં આગબોટો આવી તેથી લાલ સમુદ્રમાંથી તે મિસરમાં થઇ વિલાયત જવાનો રસ્તો નીકળ્યો.

પ્ર૦ ગુના કરનાર રાજા ને નવાબને સજા થવાનો ચાલ ક્યારેપડયો?

ઉ૦ દિલ્લીના પોલીટીકલ એજંટને ફીરોઝપુરના નવાબે મરાવ્યાથી તે મારનારને અને નવાબને ઇંગ્રેજે ફાંસી દીધી ત્યારથી.

પ્ર૦ કંપનીના ઇજારા સંબંધી એના વખતમાં શા ઠરાવ થયા?

ઉ૦ સન ૧૮૩૪ માં ઇજારાની મુદત પૂરી થયાથી ઇંગ્લાંડના રાજ્યાધિકારીઓએ ચીનને હિંદુસ્તાન સાથે વેપાર કરવાની સર્વ ઇંગ્રેજી પ્રજાને છુટ આપી. કંપનીને માત્ર રાજ્ય ભોગવવાની નવી સનંદ આપી.

પ્ર૦ બેંટિક ક્યારે વિલાયત ગયો ને તેનું કામ કોણે કર્યું?

ઉ૦ એ ભલો સાહેબ સન ૧૮૩૫માં ગયાથી તેનું કામ નવો ગવરનર જનરલ આવતાં સુધી સર ચાર્લ્સ મેટકાફે ચલાવ્યું.

પ્ર૦ સર ચાર્લ્સ મેટકાફે શું ઉપકારનું કામ કર્યું?

ઉ૦ એક સારો કાયદો કરી છાપખાનાને છુટી આપી તે.

પ્ર૦ નવો ગવરનર કોણ ને ક્યારે આવ્યો ને ક્યારે ગયો?

ઉ૦ સન ૧૮૩૬માં લાર્ડ આકલાંડ આવ્યો ને ૧૮૪૨માં ગયો.

પ્ર૦ એના વખતમાં ક્યા ચાર બનાવો બન્યા?

ઉ૦ ૧ અયોદ્ધામાં બંડ, ૨ સતારાના રાજાનું કાવતરૂં, ૩ અફગાનીસ્તાન જોડે લઢાઈ ને ૪ ચીન જોડે લઢાઇ.

પ્ર૦ અયોધ્યાના બંડનો બંદોબસ્ત શી રીતે કર્યો?

ઉ૦ અયોધ્યાના નવાબને ઇંગ્લાંડના મહારાજાએ પાદશાહની પદવી આપી હતી. સન ૧૮૩૭ માં અયોધ્યાનો પાદશાહ મુવાથી તેના કાકાને ઇંગ્રેજે ગાદી આપી પણ બેગમોએ બીજાને ઉભો કર્યો તેથી બળવો થયો તે ઇંગ્રેજે સમાવ્યો.

પ્ર૦ સતારાના રાજાના કાવતરાનું શું થયું?

ઉ૦ સન ૧૮૩૯માં ઇંગ્રેજની સામા થવાને સતારાનો રાજા

ફાવતરૂં કરવા લાગ્યાથી તેને ઉઠાડી બીજાને બેસાડ્યો.

પ્ર૦ અફગાનીસ્તાન સાથે ઇંગ્રેજને શા માટે લડાઈ થઈ?

ઉ૦ બેંટિકના વખતમાં રૂશસરકારનાં માણુસ વાવ્યખુણાના રાજ્યો જોડે મળી ઈંગ્રેજની ખોદણી કરતાં હતાં, તેથી તથા વેપાર વધારવાને સિંધના અમીરને ભાવલપુરના નવાબ જોડે બેંટિકે સંધી કરી હતી. અફગાનીસ્તાનના દુરાની પાદશાહ શાહસુજા રાજ્ય ખોવાથી ઇંગ્રેજની મદદ માગતો હતો તેથી બેંટિકે પંજાબના મહારાજા રણુજીતસિંગ સાથે મળી તેને મદદ આપી, શાહસુજાનું રાજ્ય તેના ભાઈ મહમદે લીધેલું ને મહમદ પાસેથી બારકજી જાતના દોસ્ત મહમદે લીધેલું તેનાપર ઈંગ્રેજની મદદ લેઈ શાહસુજા ગયો પણુ કાંઇ ન વળ્યાથી ઈંગ્રેજને આશરે આવી લુધીઆનામાં રહેતો. લાડે આકલાંડે સન ૧૮૩૭માં દોસ્ત મહમદ સાથે દોસ્તી કરવા વકીલ મોકલ્યો પણુ કાંઇ વળ્યુ નહીં તેથી શાહસુજાને ગાદીએ બેસાડવાનો આકલાંડ સાહેબે ઠરાવ કરી લડાઈ કરી.

પ્ર૦ એ વખતમાં ઇરાની ફોજ કયો ગઢ જીતવા આવી?

ઉ૦ હેરાતગઢ જીતવાને રૂશસરકારની શીખવણીથી ઈરાની ૪૦ હજાર ફોજ આવી. એ ગઢ દુરાની શાહજાદાને કબજે હતો. તેણુ અને તેના દરબારમાં કોઇ પાટીંજર નામે ઈંગ્રેજ હતો તેણે ઇરાની લોકને નાઉમેદ કરી પાછા કહાડ્યા.

પ્ર૦ આકલાંડે શાહસુજાને ગાદી આપવા શી ગોઠવણુ કરી?

ઉ૦ રણુજીતસિંગ સાથે સલાહ કરીને તેની, ઇંગ્રેજની ને શાહસુજાનની ફોજ સરજાનકીનની સરદારી નીચે બોલન માર્ગે કંદહારમાં દાખલ થઈ ને ત્યાં સન ૧૮૩૯ માં શાહસુજાને ગાદીએ બેસાડ્યો પણુ અફગાન સરદારો શાહસુજાના પક્ષમાં આવ્યા નહીં.

પ્ર૦ એજ વરસમાં ઈંગ્રેજી ફોજે બીજું શું પરાક્રમ કર્યું?

ઉ૦ ઇંગ્રેજી નૌકા ફોજે કરાંચી જીતી સિંધના અમીરોને સેહેરમાં રાખ્યા.

પ્ર૦ એ વરસમાં કયો માઠો બનાવ બન્યો?

ઉ૦ શાહસુજાનો પક્ષકાર ને ઇંગ્રેજનો મિત્ર મહારાજા રણજીતસીંગ મરણ પામ્યો.

પ્ર૦ કંદહારથી ઇંગ્રેજી ફોજ કયાં ગઇ ને તેણે શું કર્યું.

ઉ૦ ગીજની જઈ જીત્યું ને કાબુલ લેઈ શાહસુજાને ગાદીઆપી.

પ્ર૦ કંદહારના લસ્કરને બીજું કયું લસ્કર આવી મળ્યું?

ઉ૦ ખૈબરઘાટને માર્ગે બીજું લસ્કર જલાલાબાદ વગેરે જીતીને કાબુલ આવી મળ્યું.

પ્ર૦ દોસ્ત મહમદનું શું થયું?

ઉ૦ તે બોખારા ભણી નાઠો. પણ ૧૮૦૪માં શરણે આવ્યો.

પ્ર૦ પોતાનો હેતુ પાર પાડી ઇંગ્રેજી ફોજે શું કર્યું?

ઉ૦ જનરલ નાટની સરદારી નીચે થોડું લસ્કર કંદહારમાં જનરલ એલાફિન્સ્ટન નીચે કાબુલમાં, ને કરનલ સેલને જલાલાબાદ મોકલી લસ્કર પાછું ગયું.

પ્ર૦ મુંબઇના લસ્કરે પાછાં વળતાં શું પરાક્રમ કર્યું?

ઉ૦ ખિલાતનો ખાન સામો થયો હતો માટે તે ગઢ જીત્યો.

પ્ર૦ અફગાનીસ્તાનમાં ફરીને બળવો કોણે ને કયારે કર્યો ને તેમાં શું થયું?

ઉ૦ સન ૧૮૪૧માં ખીલજી પઠાણોએ જલાલાબાદ જતાં કર્નલસેલ ઉપર હુમલો કર્યો તે મહા૰ મૂશીબતે ત્યાં પહોંચ્યો ને ત્યાં કીલ્લો સમરાવ્યો. પણ ખિલજીનું જોઈ બીજી જાતો ઉઠી ને કાબુલ

ની ઈંગ્રેજી છાવણીપર હુમલો કર્યો. તેમનો આગેવાન દોસ્તમહમદનો દીકરો અકબરખાન હતો. તેણે કપટથી ઈંગ્રેજના વકીલ મેકનાટનને મારી નાખ્યો. ઈંગ્રેજ સેના ગભરાટમાં પડી બાવરી બની ગઈ ને ઈંગ્રેજનું નામ બોળે એવી સરતે હિંદુસ્તાન આવવાનું કબુલ્યું ને શાહસુજાને રાખી સન ૧૮૪૨ માં ઈંગ્રેજ સેના પાછી વળી. બંડખોરોએ શાહસુજાને મારી નાંખ્યો ને ઈંગ્રેજસેના ઉપર હુમલો કર્યો. ખાવાનું ન મળવાથી, ટાઢથી કાબુલીના હુમલાથી સેનાની ખરાબી થઈ. માત્ર ડાકટર બ્રાઈડાન બધાના નાશની ખબર લેઇ જલાલાબાદ પહોંચી શકયો. જનરલ સેલ જલાલાબાદમાં ને જનરલ નાટ બહાદુરીથી બીજી મદદ આવતાં સુધી ટકી રહ્યા. એ મદદ આકલાંડના ગયા પછી જનરલ પોલોકની સરદારી નીચે ગઈ.

પ્ર૦ ચીનની લડાઈ શાથી થઈ ને તેમાં શું થયું ?

ઉ૦ ચીનમાં હિંદુસ્તાનથી ઘણું અફીણ જતું ને ચીનાની ઘણી ખરાબી થતી. તેથી ચીનના મહારાજાએ ચીનમાં અફીણ લાવવાની મના કરી પણ વેપારીઓ ચોરીથી લાવવા લાગ્યા. તે ચોરી અટકાવવા ચીનાઇ અધિકારીઓએ ઈંગ્રેજી રૈયતને પીડા કરી તથા નુકશાન કર્યું તેથી જનરલ ગાફની સરદારી નીચે સન ૧૮૪૦ માં આકલાંડસાહેબે લશ્કર મોકલ્યું. એ લશ્કરે ચીનાઇ ફોજ હરાવ્યાથી સલાહ થઇ, તેમાં હાંગકાંગ બેટ ઈંગ્રેજને મળ્યો તથા ચાર ચીનાઇ બંદરોમાં વેપાર કરવાની છુટી મળી ૧૮૪૨.

પ્ર૦ આકલાંડ કયારે વિલાયત ગયો ને તેના પછી કોણ આવ્યો?

ઉ૦ સન ૧૮૪૨ માં એના જવાથી લાર્ડ એલેનબરો આવ્યો.

પ્રકરણ ૧૯ મું.

પ્ર૦ લાર્ડ એલનબરોના વખતમાં કયા મોટા બનાવો બન્યા?

ઉ૦ એના વખતમાં ત્રણ મોટા બનાવ બન્યા. ૧ અફઘાનીસ્તાન ઉપર વેર વાળવાની સ્વારી, ૨ સિંધદેશ જીતી લેવો, ૩ સિંધીઆ જોડે લડાઇ.

પ્ર૦ અફઘાનીસ્તાન ઉપર શી રીતે વેર લીધું?

ઉ૦ કાબુલથી ને ગીજનીથી નીકળેલી ફોજનો નાશ થયો તેથી ખૈબરઘાટને માર્ગે જનરલ પોલોક અને બાલાઘાટને માર્ગે જનરલ ઇંગ્લંડને મોકલ્યા. સન ૧૮૪૨ માં પોલોક જલાલાબાદના જનરલ સેલને લેઇ કાબુલ પહોંચ્યો. જનરલ નાટ અને ઇંગ્લાંડ કંદહારથી ગીજની આવ્યા ને ત્યાંથી મહમદે સોમનાથના સુખડના દરવાજા આણ્યા હતા તે આગરે મોકલાવી તેઓ પણ કાબુલ ગયા. લેડીસેલ વગેરે અકબરખાનના જે સરદારના હવાલામાં હતાં તેને લાંચ આપી છુટી કાબુલના ઇંગ્રેજી લસ્કરને મલ્યાં. ઇંગ્રેજી સેના કાબુલમાં બાંધેલા સુંદર બજારનો નાશ કરી હિંદુસ્તાન પાછી આવી.

પ્ર૦ જે કાબુલી સરદારો કેદ પકડાયા હતા તેમનું શું થયું?

ઉ૦ કાબુલના ઝઘડામાં પડવું ઇંગ્રેજને દુરસ્ત ન લાગ્યાથી દોસ્તમહમદ વગેરેને છોડી દીધા.

પ્ર૦ અફઘાન લડાઇમાં ઇંગ્રેજને કેટલું નુકશાન થયું?

ઉ૦ ૧૫ કરોડ રૂપિયા ખર્ચ ને ૨૦૦૦ માણસ મરાયાં.

પ્ર૦ સિંધમાં કોણ રાજ્ય કરતું હતું?

ઉ૦ સન ૧૭૮૬ માં બલુચિસ્તાનના અમીરોએ આવી સિંધ જીત્યો ને ત્યાં રાજ્ય કરવા લાગ્યા. તેઓ ઘણા હતા અને એક એકથી સ્વતંત્ર હતા.

પ્ર૦ સિંધના અમીરો સાથે શા માટે લડાઇ થઇ?

ઉ૦ સર ચાર્લસ નેપિઅર ને તેની વતી મેજર ઔટ્રામે હૈદ્રાબાદ જઈ વિષ્ટી ચલાવી પણ અંતે લડાઇ કરવી પડી.

પ્ર૦ સિંધની લડાઈ કેવી રીતે ને કયાં થઈ?

ઉ૦ અમીરોએ ઔટ્રામના ઉતારા ઉપર હલ્લો કર્યો ત્યાંથી ગુશીબતે છુટી સેનાપતિ નેપિઅરને મળ્યો. મીઆણી ગામ આગળ નેપિઅરે સિંધી લશ્કરને હરાવ્યું. બીજી લડાઈ હૈદ્રાબાદ આગળ કરી ઇંગ્રેજ જીત્યા ને ગીરપુર ને અમરકોટ લીધાં, સન ૧૮૪૩, અમીરોને ઉડાડી સિંધ ખાલસા કર્યું.

પ્ર૦ સિંધીઆ સાથે શા માટે લડાઇ થઈ?

ઉ૦ દોલતરાવ સન ૧૮૨૭ માં અપુત્ર મૂવાથી તેની રાણી બાઈજાબાઇએ જંકોજીને દત્તપુત્ર લીધો. તે પણ સન ૧૮૪૩માં મુવાથી જીઆજીરાવને દત્ત પુત્ર લીધો. ને જંકોજીનો મામો ને મહારાણી કારભાર ચલાવવા લાગ્યાં. એ બંને વચ્ચે કજીયો થયો. રેસિડેંટ મામાસાહેબના પક્ષમાં હતો, પણ મહારાણીના મિત્રો બળવાન હતા તેથી સેનાપતિ ગાફ ને એલનબરોસાહેબ લશ્કર લેઈ ગ્વાલિયર ગયા.

પ્ર૦ મરેઠા સાથે કયાં કયાં યુદ્ધ થયાં ને તેમાં શું થયું?

ઉ૦ મહારાજપુર આગળ સન ૧૮૪૩માં. તેમાં મરેઠા હાર્યા. તેજ દિવશે પનિઅરે આગળ જનરલ ગ્રેએ બીજા મરેઠી લશ્કરને હરાવ્યું.

પ્ર૦ મરેઠાને હરાવી ઇંગ્રેજે એ રાજ્યનું શું કર્યું?

ઉ૦ સિંધીઓ બાળક હતો તેથી તે રાજ્યનો વહિવટ ચલાવવા બંદોસ્ત કરી એ રાજ્ય ઇંગ્રેજનું મંડળીક રાજ્ય બનાવ્યું?

પ્ર૦ એલનબરો શાથી વિલાયત ગયો ને તેનો જગોએ કોણ આવ્યું?

ઉ૦ એલનબરો ને ડિરેક્ટરો વચ્ચે મતભેદ પડવાથી સન ૧૮૪૪

માં એની જગાએ લાર્ડ હાર્ડિંગને મોકલ્યો.

પ્ર૦ હાર્ડિંગસાહેબ કેવો હતો ને ક્યારે આવ્યો?

ઉ૦ સન ૧૮૪૪ માં આવ્યો. તે અનુભવી ને શૂરવીર હતો. યૂરોપમાં લઢતાં તેનો હાથ કપાગો હતો, હિંદુસ્તાનમાં સારી નોકરી કર્યાથી સરકારે તેને ઉમરાવની પદવી આપી.

પ્ર૦ લાર્ડ હાર્ડિંગના વખતમાં કયા કયા મોટા બનાવ બન્યા?

ઉ૦ પંજાબના શિખ રાજ્ય સાથે લઢાઇ ને કેટલાંક દયાનાં ને ભલાં કામ કર્યાં.

ઉ૦ પંજાબની લઢાઈ શા માટે થઈ?

ઉ૦ રણજીતસીંગ મૂવા પછી રાજ્યમાં ગરબડ થઈ, દિવાન ધ્યાનસીંગ લુચ્ચો, લોભીયો ને ખટપટીઓ હતો. રણજીતસીંગ પછી તેનો કુંવર કર્કસીંગ થયો તે ચાર માસમાં મુવો. તેથી તેનો કુંવર નિહાલસીંગ થયો. તે તેજ દિવસે મોભ પડવાથી મૂવો. તેથી ધ્યાનસીંગે શેરસીંગને બેસાડયો પણ એ બે વચ્ચે અણબનાવ થવાથી ધ્યાનસીંગે શેરસીંગ ને તેના કુંવરને મરાવ્યા, ૧૮૪૩. સામાવાળે ધ્યાનસીંગને પણ માર્યો. હવે રણજીતસીંગની માનીતી રાણી ચંદાકુંવરના દીકરા દુલિપસીંગને ગાદી આપી. તે બાળક હોવાથી કારભાર ચલાવવા સિખસરદારોની ખાલસા નામે સભા કરી. મહારાણીનો યાર લાલસીંગ વજીર થયો. એ વગર મહારાણીનો ભાઈ જોરાવરસીંગ, જમુનો રાજા ગુલાબસીંગ ને સેનાપતિ ચતુરસીંગ રાજમાં આગેવાન હતા. શિખ લશ્કર બળવાન ને કવાયતી હતું. તેને લઢવાનું ન મળવાથી તોફાન કરતું હતું તેથી એ આગેવાનોએ ઇંગ્રેજી રાજ્ય ઉપર હુમલો કરવા એ લશ્કરને રજા આપી. ૧૮૪૫.

પ્ર૦ હાર્ડિંગસાહેબે એ લઢાઇ માટે શી વ્યવસ્થા કરી?

ઉ૦ સિખ લસ્કર ચઢી આવે તો તેને અટકાવાય માટે પંજાબની હદ ઉપર ઇંગ્રેજી સેના એકઠી કરી હતી ને તેથીજ સિખ ચઢી આવ્યા.

પ્ર૦ પ્રથમ લઢાઈ ક્યાં થઇ ને તેમાં શું થયું?

ઉ૦ સિખ ફિરોજપુરમાં હતા ત્યાંથી વીશેક મૈલ દૂર મુડકી આગળ પેહેલી લઢાઈ થઇ. સેનાપતિ ગાફસાહેબ પાસે ૧૧૦૦૦ ને સિખ ૩૦૦૦૦ હતા તેમાં સિખ હાર્યા. એ લઢાઇમાં જલાલાબાદવાળો સરરાબર્ટસેલ મરાયો. ૧૮૪૫.

પ્ર૦ ગવરનર જનરલ તે વખતે ક્યાં હતો ?

ઉ૦ મુડકીની લઢાઇને બીજે દિવસે મદદગાર સેનાપતિની પદવી લેઇ લશ્કરને આવી મળ્યો.

પ્ર૦ બીજી લઢાઈ ક્યાં થઇ ને તેમાં શું થયું ?

ઉ૦ ફિરોજ શહેર આગળ. તેમાં સિખ હાર્યા ને પાછા હઠયા પણ ઇંગ્રેજ પાસે દારૂ ગોળો ખુંટયાથી તે એક મહીને આવ્યો.

પ્ર૦ ઇંગ્રેજ આગળ ન વધ્યાથી બીજી ક્યાં લઢાઇઓ થઈ?

ઉ૦ ઇંગ્રેજ આગળ ન આવ્યાથી સિખ સતલજ ઓળંગી સામા આવ્યા. સરહેનરી સ્મીથ બદીવાલ આગળ ગુલાબસીંગ સાથે લઢયો પણ કાંઇ ન વળ્યું. વળી અલીવાલ આગળ ફરી લઢયા તેમાં ઇંગ્રેજ જીત્યા ૧૮૪૬. તેથી ગુલાબસિંગ સંધી કરવા લાગ્યો, પણ તે ન થતાં ઇંગ્રેજ દારૂગોળો આવ્યાથી આગળ વધ્યા.

પ્ર૦ ઇંગ્રેજને ક્યાં આગળ સિખફોજે અટકાવ્યા ને તેમાં શું થયું ?

ઉ૦ સ્મીથ ને ગાફસાહેબની ફોજ એકઠી થઇ આગળ ચાલી તેને સતલજને આ કાંઠે સિખ ફોજે સોબ્રોન આગળ અટકાવી. સેનાપતિ તેજસીંગ વગર લઢે નાઠો પણ બુઢો શામસિંહ બહાદુરીથી લઢતાં રણમાં પડયો ને સિખ નાઠા ને માર્યા ગયા. ૧૮૪૬.

પ્ર૦ ઈંગ્રેજે સિખરાજ્યની શી વ્યવસ્થા કરી?

ઉ૦ સોબ્રાનથી ઈંગ્રેજ લાહોર ગયા ને સંધી કરી તેમ સતલજ ને બીઆસ વચ્ચેનો જાલંદર દોઆબ ને લઢાઇનું ખર્ચ ઈંગ્રેજે લીધું. લાહોરની ગાદીએ દુલિપસીંગ રહે ને તે મોટો થતાં સુધી મંત્રી મંત્રળ રેસિડેન્ટની આજ્ઞા પ્રમાણે ચાલે ને રાજ રક્ષણ માટે લાહોરમાં ઈંગ્રેજી ફોજ રહે. લઢાઈનું ખર્ચ આપવાનું ન હોવાથી કાશ્મીર ને હજારા પ્રાંતો ઈંગ્રેજે લીધા. તે એક કરોડ રૂપિએ ગુલાબસીંગને વેચાતા આપ્યા. ૧૮૪૬.

પ્ર૦ સિખ લોકપર જય મેળવ્યાંથી લશ્કરને શો લાભ થયો ?

ઉ૦ લશ્કરને બાર માસનું ભાથું વધારે આપ્યું તથા સાબાશી આપી. હાર્ડીંગ તથા ગાફ્સાહેબને ઉમરાવની ને સ્મીથને બારોનેટની પદવી આપી.

પ્ર૦ હાર્ડીંગસાહેબે પુણ્યનું ને ભલાઈનું શું કામ કર્યું?

ઉ૦ એ લડાઈ પછી બે વર્ષ શાંતી ચાલી તે વખતમાં ફાંસીઆનો પાકો બંદોબસ્ત કર્યો તથા સતી થવાની સખ્ત મના કરી. બેંટિકે બંદોબસ્ત કર્યો હતો તે પાકો કર્યો. તથા દુધપીતી કરવાનો ચાલ અટકાવ્યો. તથા ઓઢીયા, ગોંદવાણા, વગેરે ઠેકાણે જંગલી લોકોમાં નરમેધનો ચાલ હતો તે બંધ પાડયો. રાહદારી દાણ બંધ કરી વેપારને ઉત્તેજન આપ્યું. રૂર્કીની ઇંજનેર શાળાને આશ્રય આપ્યો ને તાજમહેલ વગેરે જુની ઇમારતો સમરાવી.

પ્ર૦ હાર્ડીંગ કયારે વિલાયત ગયો ને તે પછી કોણ આવ્યો ?

ઉ૦ ૧૮૪૮ માં. એના પછી લાર્ડ દલહુસી આવ્યો.

પ્ર૦ એના વખતમાં શા શા મોટા બનાવો બન્યા ?

ઉ૦ સિખ જોડે બીજીવાર લઢાઇ, બ્રહ્મદેશ જોડે બીજીવાર ઘ-

ઢાઈ, અયોદ્ધા, નાગપુર, સતારા વગેરે રાજ્યો ખાલસા કર્યા ને રે-લવે તાર વગેરે સુધારાનું દાખલ થવું એ ચાર.

પ્ર૦ સિખ લોકો સાથે ક્યારે ને શા માટે લડાઇ થઇ?

ઉ૦ સન ૧૮૪૮માં મુલતાનના હાકેમ મૂળરાજે રાજીનામું આપ્યું. તેની જગાએ ગએલા કામદાર સાથેના બે ઇંગ્રેજોને સિખ ફોજે મારી નાંખ્યા. મૂળરાજ ફિસાદખોરોને મળી ગયો. ને બીજા પણ સિખ સરદારો ને લોકો સામેલ થયા.

પ્ર૦ મુલતાન શી રીતે ને ક્યારે જીતાયું?

ઉ૦ મુલતાનના બળવાની ખબર સાંભળી લેફટેનંટ એડવર્ડ મુલતાન નજીક લીયા ગામમાં હતો તેણે બલુચી ને અફગાન ફોજ રાખી ને તથા ભાવલપુરના નવાબને કુમકે બોલાવી મૂળરાજના લશ્કરને બે વાર હરાવી મુલતાન ઘેર્યું ને જનરલ વીષ તેને આવી મળ્યો તેથી ૧૫૦૦૦ બ્રિટીશ ને ૧૭૦૦૦ મદદગાર લશ્કર થયું, પણ તેવામાં સીખ સરદાર શેરસિંગ એ લશ્કરમાંથી ફુટીને સામો થયો તેથી મુલતાન તરત લેવાયું નહીં પણ ૧૮૪૯ ના જાનેવારીમાં લીધું.

પ્ર૦ શેરસિંગે બળવો કર્યો તે શી રીતે સમ્યો?

ઉ૦ સેનાપતિ ગાફ સાહેબ લશ્કર લઈ શેરસિંગ, ચતરસિંગ વગેરે સિખ સરદારો સાથે રામનગર આગળ લડયો. તેમાં સિખફોજ મુકામ ઉઠાવી ચાલી. મુલતાન લીધું તેજ મહિનામાં ચીલીઆનવલા આગળ ભારે લડાઈ થઇ તેમાં ભારે હાની ભોગવી ઇંગ્રેજ જીત્યા. તેથી લાર્ડ ગાફને ઉદ્ધત ઠેરવી તેની જગાએ ઇંગ્લાંડથી સીંધ જીતનાર નેપીયરને મોકલ્યો, પણ તેના આવતા અવલ ગાફ સાહેબે શેરસિંગને ગુજરાત ગામ આગળ હરાવ્યો. સિખ સેના શરણે આવી હથીઆર છોડયાં. સિખની મદદે દોસ્તમહમદે અફગાન

સ્વાર મોકલ્યા હતા તેમને હરાવી હાંકી કહાડયા.

પ્ર૦ શિખને હરાવી તેમના રાજ્યની શી વ્યવસ્થા કરી?

ઉ૦ દુલિપસિંગને પેનશન આપી પંજાબ ખાલસા કર્યો. ૧૮૪૯ ને જુના પ્રાંતોના કાયદા ન ચલાવતાં સ્વેચ્છિક વહીવટ ચલાવ્યો.

પ્ર૦ બ્રહ્મદેશની લડાઈ કયારે થઈ ને તેમાં શું થયું?

ઉ૦ બ્રહ્મી રાજાએ ઇંગ્રેજનું અપમાન કરી ઇંગ્રેજી રૈયતને પીડયાથી ૧૮૫૨ માં લઢાઈ થઇ. તેમાં બ્રહ્મી રાજા હાર્યાથી ઇંગ્રેજને ૧૮૨૬ માં મળેલા પ્રાંતો ઉપરાંત પેગુ પ્રાંત મળ્યો ૧૮૫૩.

પ્ર૦ દલહુસીએ કયાં દેશી રાજ્યો ખાલસા કર્યાં ને શાથી?

ઉ૦ સન ૧૮૪૯ માં ઝાંસી ને સતારાના રાજા અપુત્ર મૂવાથી તેમજ સંબલપુરનું, સન ૧૮૫૩માં નાગપુરનું રાજ્ય ખાલસા કર્યું. બાજીરાવ પેશ્વા મુવાથી તેના દત્તપુત્ર ધુન્ડુપંત (નાનાસાહેબ) ને બાજીરાવને ૮ લાખ પેન્શન મળતું તે બંધ કર્યું ને અયોદ્ધાના નાલાયક નવાબને કલકત્તામાં રાખી તે રાજ્ય પણ ખાલસા કર્યું.

પ્ર૦ સન ૧૮૫૪ માં કંપનીના પટામાં શો ફેરફાર થયો?

ઉ૦ એ સાલમાં પટાની મુદત પુરી થયાથી પાર્લામેન્ટે નવી સનંદ આપી તેમાં ૩૦ ને બદલે ૧૮ ડિરેકટર ઠરાવ્યા. સીવીલ સર્વીસ માટે પરીક્ષા ઠરાવી તે પરીક્ષા બધી રૈયત આપે ને પાસ થયા પ્રમાણે જગા મળે. બંગાળામાં લેફ્ટેનન્ટ ગવરનર ઠરાવ્યો ને કલકત્તા, મુંબઈ ને મદ્રાસમાં સુપ્રીમ ને સદર એવી બે કોર્ટો હતી તે એક કરી.

પ્ર૦ દલહુસીના વખતમાં કયા સુધારા દાખલ થયા?

ઉ૦ રેલવે ને તાર દાખલ થયાં. નિશાળખાતામાં વધારો થયો સડક, પુલ લશ્કરી માણસોનાં મકાનો વગેરે બાંધવાના વિચાર થયા ને તે માટે કરજ કર્યું. ગુનો મનાવવાની, માર મારવાની ને

જુલમ કરવાની મના કરી ને વેઠ બંધ કરી.

પ્ર૦ દલહુસી કયારે પાછો ગયો ને તેના પછી કોણ આવ્યો?

ઉ૦ સન ૧૮૫૬ માં ગયો ને તે સાલમાં લાર્ડ કાનિંગ આવ્યો.

પ્રકરણ ૨૦ મું.

પ્ર૦ લાર્ડ કાનિંગના વખતમાં શા શા મોટા બનાવો બન્યા?

ઉ૦ ઇરાન ને ચીન સાથે લઢાઈ, દેશી ફોજનો બળવો, ને કંપની પાસેથી હિંદનું રાજ લેઈ પાર્લામેન્ટે ઇંગ્લાંડના રાજાને સોંપ્યુ, એ ચાર બનાવો બન્યા.

પ્ર૦ ઈરાન સાથેની લઢાઈમાં શું થયું?

ઉ૦ સન ૧૮૩૭માં હેરાત જીતતાં ઇંગ્રેજે ખાળ્યો હતો માટે ઈરાની શાહ ગુસ્સે હતો. તેથી તેણે ઇંગ્રેજી રૈયતનું અપમાન કર્યું. ઇંગ્રેજે ૧૮૫૭ માં સિંધવાળા જનરલ ઔટ્રામને લશ્કર આપી મોકલ્યો તેણે શાહને હરાવી સંધી કરી કે શાહ હેરાત ને અફ-ગાનીસ્તાન ઉપર દાવો ન કરે. ૧૮૫૭

પ્ર૦ ચીનાઈ લઢાઈનું છેવટ શું થયું?

ઉ૦ ઇંગ્રેજને માઠું લાગે એવું ચીનાઈ સરકારે કર્યાથી ઇંગ્લાંડ-થી લાર્ડ એલજીનની સરદારી નીચે ચીન ઉપર ફોજ ચઢી તેણે ફતેહ કરી ચીનાઈ શાહને નમાવી સંધી કરી તેમાં ઇંગ્રેજને જો-ઈતી સરતો થઈ. પછી એલ્જીને હિંદુસ્તાનમાં થએલો બળવો સ-માવવા ગવરનર જનરલને મદદ મોકલી.

પ્ર૦ હિંદુસ્તાનમાં બળવો શાથી ને કયારે થયો?

ઉ૦ સન ૧૮૫૬ માં સરકારે ઠરાવ કર્યો કે જ્યાં મોકલે ત્યાં જઇ લશ્કરે નોકરી કરવી. દેશી રાજા અપુત્ર મરે કે નઠારી ચાલ ચાલે

તેમનુ રાજ્ય ખાલસા કરવું. હિંદુ મુસલમાનને ખીસ્તિ કરવાના છે એ-વી જુઠી ગપો ચાલી તેથી લસ્કરને પ્રજા નારાજ થઈ ને તેમાં અયો-ધ્યાની બેગમ, દિલ્લીનો પાદશાહ નાનાસાહેબ, ઝાંસીની રાણી વગેરે રા-જ ખોઈ બેઠેલાં પાછું મેળવવાની આશાએ બળવામાં સામેલ થયાં.

પ્રં૦ હીંદુ મુસલમાનને ખીસ્તી કરવાના છે એ વાત શાથી ચાલી?

ઉ૦ એન્ફીલ્ડ નામે એ વખતે નવી જાતની બંદુક લસ્કરને આપી તેમાં દારૂ ગોળી જુદાં રાખવાને બદલે કાર્ટ્રીજ નાખવાની હતી. એ કાર્ટ્રીજ એક હાથમાં ઝાલી દાંત વતે ખોલવી પડેછે કેમકે એક હા-થમાં તો બંદુક હોય. લુચ્ચા લોકે વાત ચલાવી કે એ કાર્ટ્રીજ ઉ-પર ગાય ને સુવરની ચરબી લગાડેલી છે કે તેથી હીંદુ મુસલમાન બંને વટલાય. આ વાત અજ્ઞાન સિપાઇઓએ ખરી માની.

પ્ર૦ પ્રથમ કયાંની ફોજે કાર્ટ્રીજ લેનાની ના પાડી?

ઉ૦ કલકત્તા પાસેની બરાનપુરની છાવણીમાં ૧૯ મી બંગાળી પલટણે. પછી બરાનપુરની પલટણે, પણ તે બંને પલટણોએ કા-ર્ટ્રીજ નહીં લીધાથી તે પલટણો વિખેરી નાંખી.

પ્ર૦ પ્રથમ બળવો કયાં ને કયારે થયો?

ઉ૦ તા. ૧૦ મી મે સન ૧૮૫૭ને રોજ મીરતના દેશી સીપાઇ કાર્ટ્રીજ નહીં લેતાં સામા ગયા ને ઇંગ્રેજો જોડે લઢયા ને તેમનાં બાળકોને માર્યાં ત્યાંથી દિલ્લી જઇ ખુન કર્યાં.

પ્ર૦ દિલ્લીના શસ્ત્ર ભંડારનો બચાવ કોણે કર્યો?

ઉ૦ માત્ર નવ ઇંગ્રેજોએ બહાદૂરીથી શત્રુને હાથ તે ન જાય માટે સળગાવી દીધો ને પોતે તેમાં માર્યા ગયા.

પ્ર૦ બળવાખોરોએ દિલ્લી લીધાથી શું પરિણામ આવ્યું?

ઉ૦ બંગાળા ને વાયવ્યપ્રાંતોની બીજી દેશી પલટણો પણ ફરી

ગઇ ને તેમણે પણ એવાંજ ઘાતકી કામો કર્યાં.

પ્ર૦ કાનપુરના બળવાખોરોનો આગેવાન કોણ હતો ?

ઉ૦ નાનાસાહેબ, તેનો પ્રધાન આજીમુલ્લા, તાતીઆટોપી વગેરે તેના સોબતી બળવાખોર હતા.

પ્ર૦ એમણે કેવાં દુષ્ટ અને ઘાતકી કામ કર્યાં?

ઉ૦ કાનપુરમાં ઘેરાયલા સાહેબોને તથા બૈરાં છોકરાંને અલ્હાબાદ પહોંચાડવાનું વચન આપી નદીમાં ડુબાવી દીધાં. કેટલાંકને ગોળીને તરવારથી માર્યાં. માત્ર ચાર જણ બચ્યા.

પ્ર૦ બળવા વખતે પંજાબમાં કેવી હાલત હતી?

ઉ૦ એ વખતે સરજાન લારેન્સ પંજાબનો હાકેમ હતો. તેણે બેદિલ જણાએલી પલટણનાં તથા અલીમર્દાનની ઘોડેસ્વાર પલટણનાં હથિયાર લેઇ લીધાં ને જુના સિખ જોદ્ધા નોકર રાખી નવી પલટણો ઉભી કરી. સિખનું રાજ્ય જીતનાર પુરવીઆ હતા ને આ બળવો તેમનો હતો. માટે તેમનું વેર લેવા સિખ લોકોએ ઇંગ્રેજને ઉલટી મદદ કરી.

પ્ર૦ એ બળવો કયાં કયાં ફેલાયો ?

ઉ૦ દિલ્લી, મીરત, કાનપુર, લખનૌર, ગ્વાલીઅર વગેરે.

પ્ર૦ એ બળવો સમાવવાને કયા ઇંગ્રેજ જનરલો આવ્યા?

ઉ૦ જનરલ હેવલાક ને કર્નલ નીલ કાનપુર આવ્યા ને નાનાસાહેબને હરાવી હેવલાક લખનૌરમાં ઘેરાયેલા ઇંગ્રેજોની વહારે ગયો.

પ્ર૦ એ બળવામાં કોણ કોણ સામેલ નહોતું?

ઉ૦ દેશીરાજાને તેમના કારભારી તથા લોકનો મોટો જથો.

પ્ર૦ દિલ્લી ઇંગ્રેજે ફરીને કયારે ને કોની મદદથી જીતી?

ઉ૦ સપ્ટેમ્બર માસમાં સિખ સરદારોની મદદથી.

પ્ર૦ લખનૌરનો બંદોબસ્ત શી રીતે થયો?

ઉ૦ અયોદ્ધાની બેગમ બળવામાં સામેલ થયાથી બીજા તાલુકદારો પણ ભળ્યા ને બળવો વધ્યો. ઇંગ્લાંડથી નવો સેનાપતિ સર કોલિન કેમ્પબેલ આવ્યો તેણે ૧૮૫૮ના માર્ચમાં બંડખોરને હરાવ્યા ને આખો અયોદ્ધા વશ કર્યો.

પ્ર૦ ગ્વાલીઅરના બળવાનું શું થયું?

ઉ૦ ગ્વાલીઅરમાં કંટીજંટે ૧૮૫૭ના અકટોબરમાં બળવો કર્યો તેમાં તાત્યા ટોપી ને ઝાંસીની રાણી આગેવાન હતાં. તેમને ૧૮૫૮માં મુંબઈથી સરહ્યુરોઝે આવી હરાવ્યા. ઝાંસીની રાણીએ બહાદુરીથી બચાવ કર્યો પણ ગ્વાલીઅરનો બચાવ કરતાં રણમાં પડી. તાત્યો નાસીને ગુજરાતમાં આવ્યો ત્યાં તેને મદદ ન મળ્યાથી પકડાયો. તેનાપર ખુન સાબીત થયાથી તેને ફાંસી દીધી. તાત્યો ગુજરાતમાં આવ્યો ત્યારે અમદાવાદમાં સીપાઈ બંડ કરવા ઉઠ્યા પણ તે પકડાયાથી તોપને મોઢે ચઢ્યા.

પ્ર૦ બળવા વખતે લાર્ડ કાનીંગની કેવી વર્તણુંક હતી?

ઉ૦ બળવાખોરનાં ચંડાળ કર્મો જોઇ કેટલાક ઇંગ્રેજોએ ક્રોધમાં ન્યાય, ક્ષમા ને દયા છોડી દીધાં. પણ કાનીંગ સાહેબે વૈરભાવ ન રાખતાં ઉપરના દેવતાઈ ગુણ ધરી હત્યા કરનારનો ઇનસાફ કરી સજા કરી. પણ જે લોકો ભુલાવામાં પડી ભળ્યા હતા તેમને માફી આપી. જે રાજાઓ ઇંગ્રેજના પક્ષમાં રહે તેમને દત્તપુત્ર લેવાના તથા તેમના વંશમાં ગાદી રહે તેવા હકોની સનંદ આપી.

પ્ર૦ બળવો ક્યારે સમ્યો?

ઉ૦ સન ૧૮૫૮ માં.

પ્ર૦ બળવો સમ્યા પછી હિંદનું રાજ્ય કોને સ્વાધિન થયું?

ઉ૦ ઇંગ્લાંડના ગાદીપતીને પાર્લામેંટે સન ૧૮૫૮માં સોંપ્યું.

પ્ર૦ પાર્લામેંટે હિંદનુ રાજ્ય ચલાવવા શો ઠરાવ કર્યો?

ઉ૦ હિંદખાતાનો એક સેક્રટેરી નીમાયો. તે મુખ્ય પ્રધાનોમાં ગણાય. એ સેક્રટેરીની મદદમાં ૧૫ કૌંસિલરો નીમવા. તેમાંના ૮ હિંદમાં નોકરી કરી આવેલા જોઇએ. હિંદમાંજ ચાકરી કરનારૂ યુરોપી લશ્કર કહાડીને તેને બ્રીટીશ સેનામાં ભેળવ્યું. ગવરનર જનરલનો ઇલકાબ ફેરવીને વાઇસરાય (રાજ્યપ્રતિનિધી) ઠરાવ્યો. ને તે હિંદખાતાના સેક્રટેરીના હુકમ પ્રમાણે ચાલે.

પ્ર૦ હિંદનું રાજ્ય લીધું ત્યારે મહારાણીએ શી મતલબનું જાહેરનામું કાઢયું હતું?

ઉ૦ તા૦ ૧લી નવેંબર ૧૮૫૮ને રોજ નીચેની મતલબનું જાહેરનામું ગામે ગામ વંચાવ્યું હતું. કેટલાક ભારે કારણને લીધે કંપની પાસેથી હિંદનો રાજ્ય વહિવટ અમારે હાથ લીધો છે. માટે અમારા ને અમારા વારસો ઉપર આસ્થા રાખવી, હિંદનો રાજ્ય વહિવટ કરવા જેને આપીએ તેની આજ્ઞા માનવી. અમે અમારો પ્રથમ વાઇસરાય કાનિંગ સાહેબને નીમીએ છીએ. કંપનીના જે જે નોકરો હાલ છે તેને અમે બહાલ રાખીએ છીએ. કંપનીએ જે રાજાઓ સાથે જે કોલ કરાર કર્યા હશે તે અમે પાળીશું. અમારે રાજ્ય વધારવાની ઇચ્છા નથી માટે બીજાઓના રાજ્ય કે હક ઉપર અમે હાથ નાંખીશું નહી.. હિંદના રાજાઓના હક અને માન સાચવીશું ને દેશમાં શાંતિથી ને સારા રાજ્ય વહિવટથી આબાદી થાય. તેમ કરીશું. અમારા બીજા મૂલકની પ્રજાની તરફ હમારી જેવી ફરજ છે તેવી હિંદની પ્રજા તરફ બજાવીશું. અમે ધર્મની બાબતમાં હાથ ઘાલીશું નહીં અને સઘળા ધર્મનું નિષ્પક્ષપાતથી સરખું રક્ષણ કરીશું. જાતિભેદ કે ધર્મભેદ રાખ્યા વગર લાયકાત પ્રમાણે બ-

ન્તા સુધી સરકારી નોકરીમાં દાખલ કરીશું. કાયદા કરવામાં ને બજાવવામાં હિંદના હક, ધારા, રિવાજને અધિકાર ઉપર ઘટતું ધ્યાન આપીશું. એ પછી બળવાખોરમાંના કોને માફી આપવીને કોને સજા કરવી તે લખ્યું છે. જેણે ખુન કર્યું સાબીત થાય તેને ફાંસી, ખુનીને જાણીબુજીને આશ્રય આપનારને આગેવાન ફીતુરીને કેદની સજા કરવી. જે બળવાખોર સિપાઈ કે તેના સોબતી સન ૧૮૫૯ ના જાનેવારીની ૧ લો તારીખ અવલ વેરાઈ જાય તેને માફી આપવી, એ હુકમનામાના છેવટે લખ્યું હતું કે શાંતિ થયા પછી અમે હિંદની પ્રજાના ઉદ્યમને ઉત્તેજન આપીશું, લોકોપયોગી સુધારાનાં કામ કરીશું; તથા રાજ્યવહિવટ રૈયતના લાભ અર્થે કરીશું વગેરે.

પ્ર૦ એ જાહેરનામાની કેવી અસર થઈ?

ઉ૦ સિપાઈઓ વેરાઈ જઇ ઉદ્યમે વળગ્યા, સર્વ પ્રજા રાજીથઈ. સરકારે પ્રજાનાં હથીઆર લેઈ લીધાં. દિલ્હીના પાદશાહને રંગુનમાં કેદ રાખ્યો. જેમને કાળે પાણીએ મોકલ્યા તેમને આન્દામાન ટાપુમાં રાખ્યા ખુનીઓને ફાંસી દીધી. ને બંડ જારી રાખનારનો ઇંગ્રેજી ફોજે નાશ કર્યો ને દેશમાં શાંતિ પસારી.

પ્ર૦ લાર્ડ કાનિંગના વખતમાં બીજા શા શા બનાવ બન્યા?

ઉ૦ સન ૧૮૬૦-૬૧ માં સરકારે સુપ્રીમને સદર અદાલતો જોડી દીધી ને નવો ફોજદારી કાયદો ચલાવ્યો. સિતારે હિંદ (સ્ટાર આવ ઇંડિઆ) નો નવો ઇલકાબ કહાડી ઇનામ દાખલ કેટલાકને આપ્યા; પેદાશ ઉપર વેરો (ઇનકમટાકસ) નાંખ્યો અને રેલવે વગેરે દેશોપયોગી કામ વધાર્યાં.

પ્ર૦ લાર્ડ કાનિંગના વખતમાં કયો માઠો બનાવ બન્યો?

ઉ૦ સતલજ ને જમનાંવચ્ચેના દેશમાં વરસાદ નહીં વરસ્યાથી દુકાળ પડયો ને તેથી સુમારે પાંચ લાખ માણસો મરણ પામ્યાં.

પ્ર૦ લાર્ડ કાનિંગ ક્યારે વિલાયત ગયો ને તેના પછી કોણ આવ્યો?

ઉ૦ એ સન ૧૮૬૨ ના માર્ચમાં સ્વદેશ ગયો ને જુનમાં મૂઓ. એની જગાએ લાર્ડ એલ્જીન એજ સાલમાં આવ્યો.

પ્ર૦ એ વાઇસિરાયના વખતમાં કયા કયા બનાવો બન્યા?

ઉ૦ કાયદા કરવાને ત્રણ ઇંગ્રેજ ને ત્રણ હિંદી ગ્રહસ્થની કૌન્સિલ નીમી. ઉત્તર અમેરીકાના યુનૈટેડ સ્ટેટોમાં લઢાઈ ચાલ્યાથી ત્યાંનું રૂ ઈંગ્લાંડ જઈ શક્યું નહીં તેથી હિંદના રૂની ખપત એટલી લાગી કે રૂનો ભાવ શેરના બે આના હતા તે એક રૂપીઓ થયો ને દર વરસે હિંદથી ૪૩ કરોડ રૂપીઆનો માલ જતો તે ૭૩ કરોડનો ગયો તેથી મુંબાઈ ઇલાકામાં નાણાની કીમત ઓછી થઇ ને મજુરી અન્ન વગેરે મોઘાં થયાં. વાહબી પંથના મુસલમાનોએ અફધાનીસ્તાનની હદપરનાં પહાડી મુસલમાનોને ઉશ્કેરી બંડ કર્યું તે બહુ મુસીબતે ઇંગ્રેજોએ સમાવ્યું.

પ્ર૦ લાર્ડ એલ્જીન ક્યારે મૂઓ ને તેના પછી કોણ થયો?

ઉ૦ તે સન ૧૮૬૩ માં મરણ પામ્યો ને સન ૧૮૬૪ માં સર જાન લારેન્સ વાઇસરાય થયો.

પ્ર૦ એના વખતમાં કયા બનાવો બન્યા?

ઉ૦ હિંદના રાજા નવાબ ઇ. ને બોલાવી તેણે દરબાર ભરવાનો રિવાજ પાડ્યો. સર લારેન્સે સિખ રાજાઓની લાહોરમાં એવી સભા ભરી તેમના રાજ્યમાં બ્રિટિશ રાજ્યના સુધારા દાખલ કરવાની શીખામણ દીધી. સોલજરો સુખી થાય માટે તેમને સારૂ પુસ્તકશાળા, બાગ, કસરતશાળા વગેરે કરવાની તથા ખરાકો સુધારવાના હુકમ કર્યા. શીતળા, તાવ, કોલેરા, એ ચેપી રોગની ઉત્પત્તિનાં કારણ ડાક્ટરોએ શોધ્યાં.

પ્ર૦ લારેન્સના વખતમાં મુલતાન સાથે શા માટે લઢાઈ થઇ?

ઉ૦ આશામની તળેટીએ દુઆર નામે પ્રગણાં છે તે ઉપર ભૂતાનનો રાજા દાવો કરતો હતો. તે ઈંગ્રેજી રૈયતને લૂંટતો ને પીડતો તેને સમજાવવા વકીલ મોકલ્યો, તેનું પણ અપમાન કર્યું તેથી ૧૮૬૪ માં ભૂતાન ઉપર ઈંગ્રેજી ફોજ ગઈ પણ કાંઈ ન વળ્યાથી દુઆરને પેટે દર વર્ષે પચીસ હજાર રૂપીઆ આપવા ઠરાવી સંધી કરી.

પ્ર૦ સટોરીઆ લોક કોણ ને તેમની ખરાબી શાથી થઈ?

ઉ૦ પાછળ કહ્યા પ્રમાણે રૂનો ભાવ ચઢ્યાથી મુંબાઇમાં પુષ્કળ નાણાં આવ્યાં. તેથી તરેહ તરેહનાં કામ માથે લેવાને કંપનીઓ ઉભી થઈ ને શેર સટા ચાલ્યા, તેની હદ રહી નહીં. એ સટા કરનારા સટોરીઆ કહેવાતા. મુંબાઇની દેખાદેખી સરત અમદાવાદમાં પણ ચાલી. પણ સન ૧૮૬૫ માં રૂના ભાવ બેઠા ને બધી કંપનીઓ ડુબી ને તેથી સટોરીઆ ને તેમને વિશ્વાસે રેહેનાર હજારો પાયમાલ થયા.

પ્ર૦ એના વખતમાં ક્યાં દુકાળ પડયો ને તેનું ફળ શું થયું?

ઉ૦ સન ૧૮૬૫માં ઓઢીઆમાં વરસાદ ન વરસ્યાથી ૧૮૬૬ માં દુકાળ પડયો તેથી વીશ લાખ માણસો મૂઆં.

પ્ર૦ દુકાળ અટકાવવાના શા શા ઉપાયો યોજ્યા?

ઉ૦ રેલવે વધારવા માંડી. ખેતીના કામમાં આવે એવી નહેરો ખોદાવવા માંડી. તથા જુની નેહેરો સમરાવવા માંડી.

પ્ર૦ પરરાજ્યોના ટંટા સબંધી લારેન્સના કેવા વિચાર હતા?

ઉ૦ એનો વિચાર હતો કે પરરાજ્યમાં હાથ ઘાલવો નહી અને તેથી કાબુલનો દોસ્તમહમદ ૧૮૬૬ માં મૂવો ત્યારે તેના કુંવરો લડી મરવા લાગ્યા. તેમાં વળી એક જણને મદદ કરી ગાદી અપાવાનો કેટલાક રાજ પ્રકરણી માણસોનો અભિપ્રાય છતાં પોંતે તેમાં ન પડયો.

પ્ર૦ એના વખતમાં નાના ઝગડા કયા થયા?

ઉ૦ દ્વારકાંના વાઘેલોએ ખંડેરાવ ગાયકવાડના ગેરઇનસાફથી હેરાન થઇ બંડ કર્યું, તે ઇંગ્રેજે સમાવ્યું. ને પંજાબની વાવ્યના પહાડી મુસલમાનોએ બંડ કર્યું તે સમાવા લશ્કર મોકલ્યું.

પ્ર૦ વાઇસરાયને મુંબાઇ, મદ્રાસના ગવરનરોને આ દેશમાં અમલ કરવાની મુદત કેટલા વરસની ઠરી હતી.

ઉ૦ પાંચ વરસની. તે પ્રમાણે જાનલારેન્સ ૧૮૬૮ માં વિલાયત ગયો ને તેની સારી નોકરી બદલ ઉમરાવની પદવી મળી.

પ્ર૦ એના પછી ક્યારે ને કયો વાઇસરાય આવ્યો?

ઉ૦ લાર્ડ મેયો સન ૧૮૬૯ માં હિંદમાં આવ્યો.

પ્ર૦ લાર્ડ મેયોના વખતમાં મુખ્ય શા બનાવ બન્યા?

ઉ૦ કાબુલના અમીર શેરઅલીને તેડું મોકલ્યું તે સન ૧૮૬૯ માં આવ્યો. એને આદરમાન આપી બંને રાજ્યો વચ્ચે દોસ્તી વધારી. એજ વર્ષની આખરે શાહજાદો આલ્ફ્રેડ હિંદમાં આવ્યો તેની પણ મેયોએ તથા રાજા રજવાડાએ સારી મેમાનદારી કરી.

પ્ર૦ લાર્ડ મેયોનો ઘાત કયાં, કોણે ને કયારે કર્યો?

ઉ૦ એના અમલમાં લશ્કરી ને બીજા ખાતાની ઇમારતો રેલવે વગેરે બાંધ્યાથી ઉપજ કરતાં ખરચ વધ્યું ને સરકારી દેવામાં બધારો થયો. ૧૮૭૨ માં લાર્ડ મેયો જાતે રાજ્યમાં તપાસ કરવા નીકળ્યો. આન્દામાનમાં ગયો ત્યાં કાળાપાણીએ કાઢેલા કેદીઓમાંના કોઇ દુષ્ટ અફગાન કેદીએ તેનો ઘાત કર્યો.

પ્ર૦ લાર્ડ મેયો પછી ક્યારે ને કયો વાઇસરાય આવ્યો?

ઉ૦ લાર્ડ નાર્થબ્રુક સન ૧૮૭૨ માં હિંદમાં આવ્યો.

પ્ર૦ એમના વખતમાં કયા કયા મુખ્ય બનાવ બન્યા ?

ઉ૦ સન્ ૧૮૭૪ માં વડોદરાના રેસિડંટ કર્નલ ફેરને ઝેર દી-

નું તહોમત મલ્હારરાવ ગાયકવાડ ઉપર આવ્યાથી તેને નજર કેદ રાખી તેનો ઇનસાફ કરવાને ત્રણ યુરોપી અને ત્રણ દેશીઓની વડોદરના કાંપમાં કચેરી ભરી. તેમાં ત્રણે યુરોપીયનોએ મલ્હારરાવને ગુન્હેગાર ઠરાવ્યો ને ત્રણે દેશીઓએ ગુન્હો સાબીત થયો નહીં એમ ઠરાવ્યું પણ નાર્થબ્રુક સાહેબનો મત યુરોપી જોડે મળતો આવ્યાથી મલ્હારરાવને મદ્રાસ મોકલી દીધો ને ખાનદેશમાં ગાયકવાડી શાખા રહેતી હતી તેમાંના એક બાળકને ખંડેરાવની રાણી જમનાબાઇ પાસે દત્તક લેવરાવી ગાદીએ બેસાડયો. એ બાળક તેજ હાલના ગાયકવાડ શિવાજીરાવ. સન ૧૮૭૫ માં મહારાણી પાટવી કુંવર પ્રીન્સ આવ વેલ્સ હીંદમાં આવ્યા તેમને વાઇસરાવ, રાજા રજવાડાને રૈયતે બહુ માન આપ્યું.

પ્ર૦ લાર્ડ નાર્થબ્રુક પછી કયારે ને કયો વાઇસરાવ આવ્યો?

ઉ૦ મુદત પુરી થતાં અગાઉ રાજીનામું આપી નાર્થબ્રુકસાહેબ ૧૮૭૬ માં વિલાયત ગયા ને લાર્ડ લીટન એજ સાલમાં આવ્યા.

પ્ર૦ લીટનના વખતમાં મહારાણીએ કયું પદ ધારણ કર્યું?

ઉ૦ સન ૧૮૭૭ ના જાનેવારીની ૧લી તારીખે દિલ્લીમાં રજવાડવાનું દરબાર ભરી "કૈસરેહિન્દ" પદ ધારણ કર્યું.

પ્ર૦ એ વર્ષમાં કયાં દુકાળ પડયો ને તેમાં શું થયુ?

ઉ૦ મુંબાઇ ને મદ્રાસ ઇલાકામાં તેમાં મદદ કરતાં છતાં લખો માણસ મૂવાં.

પ્ર૦ લીટનના વખતમાં દેશીઓને ગેર લાભના ઠરાવ શા થયા?

ઉ૦ દુકાળથી બચાવ કરવા તથા દુકાળમાં થયેલા ખર્ચની ખોટ પુરવાને લાઇસેન્સટાક્સ નામે ધંધા રોજગારપર વેરો નાંખ્યો. મુંબાઇને મદ્રાસ ઇલાકામાં મીઠાના દરમાં વધારો કર્યો. વિલાયતી સુતર ને સુતરાઉ કાપડ પરની જકાત રદ કરી. દેશી ભાષામાં છપા-

તા વર્તમાન પત્રાદિની સ્વતંત્રતા ગમે ત્યારે રદ કરવાનો ને દેશીઓને હથિયાર નહીં રાખવા દેવાનો કાયદો કર્યો. ૧૮૭૮

પ્ર૦ અફઘાનીસ્તાન જોડે શાથી ને કયારે લઢાઈ થઈ?

ઉ૦ સન ૧૮૭૮માં અફગાનીસ્તાનમાં શેરઅલ્લી રાજ્ય કરતો હતો. રૂશિયાએ તેના દરબારમાં વકીલ મોકલી તેને પોતાના પક્ષમાં લીધો. તેથી લીટનસાહેબે નવા કરાર કરવાનો ઈંગ્રેજ એલચી મોકલ્યો પણ શેરઅલ્લીએ પોતાના મુલકમાં તેને પેસવા નહીં દીધાથી સન ૧૮૭૮ ની આખરે લઢાઇ જાગી.

પ્ર૦ એ લઢાઈનું પરિણામ શું આવ્યું?

ઉ૦ ખેબર ને બોલનઘાટને માર્ગે ઈંગ્રેજી સૈન્ય અફગાનીસ્તાનમાં પેઠું ને જલાલ્લાબાદ ને કંદહાર જીત્યાં. શેરઅલ્લી પોતાના મોટા દીકરા યાકુબખાનને રાજ્ય સોંપી નાઠો ને મરણ પામ્યો. યાકુબે ઈંગ્રેજની મરજી મુજબ ચાલવાનું ને ઇંગ્રેજી વકીલ કાબુલમાં રાખવાનું કબુલી સલાહ કરી. ૧૮૭૯.

પ્ર૦ ઈંગ્રેજી લશ્કર બીજીવાર શા માટે કાબુલ ઉપર ચઢયું?

ઉ૦ કાબુલી લશ્કરે બળવો કરી ઈંગ્રેજી વકીલને ત્રણ માસની અંદર મારી નાંખ્યો તેનું વેર લેવાને હીંદી લશ્કર ગયું.

પ્ર૦ એ લઢાઈનું છેવટ શું થયું?

ઉ૦ જનરલ સર ફ્રેડરિક રાબર્ટ ને યાકુબ તાબે થયો ને તે ઇંગ્રેજી ફોજે કાબુલ લઈ ખુની બંડખોરને ફાંસી દીધી ને યાકુબ ઈંગ્રેજ વકીલનું ખુન કરવામાં સામેલ હતો એવો આરોપ આવ્યાથી તેને અને તેના સસરા વગેરેને હીંદમાં કેદ કરી આણ્યા. ૧૮૭૯ ને કાબુલમાં ઈંગ્રેજ સરદાર રાજ્ય ચલાવવા લાગ્યો, પણ અફગાનલોક જાને મહમદ, મીર બુચાખાન વગેરેની સરદારી નીચે પરદેશીને હાંકી કહાડવા યુદ્ધે ચઢયા તેમાં ધર્મ ગુરૂઓએ દીનનો ઝુંડો ઉઠાવ્યો. હિં-

દા ફોજને ઘેરી લીધી. પણ હિંદથી બીજું લશ્કર મદદે આવ્યું એટલે જનરલ રાબર્ટસે અફગાન ફોજ વિખેરી નાંખી ને દેશ તાબે કરવા માંડયો, વળી અફગાનો યાકુબના દીકરા મુસાજાનને નામે યુધે ચઢયા ને ગિજનીમાં ભેગા થયા. ઇંગ્રેજ સરકારે મુંબાઈના ગવરનર સર રીચર્ડ ટેમ્પલને હસ્તક કંદહાર સુધી રેલવે કરવાનું કામ ચલાવ્યું ને કંદહારના લશ્કરમાં વધારો કર્યો તેથી જનરલ સ્ટુઅર્ટ ગીજનીના અફગાનોને હરાવી કાબુલમાં ગયો.

પ્ર૦ અયુબખાન કોણ હતો ને તેણે શું પરાક્રમ કર્યું?

ઉ૦ યાકુબખાનનો ભાઇ હતોં. તે હેરાતમાં હતો ત્યાંથી સેન્ય લઇ કંદહાર આવ્યો તે કંદહારની ઇંગ્રેજી સેનાને હેલમંદ નદીને કાંઠે મૈવંદ ગામ આગળ હરાવી નસાડી અયુબ કંદહાર આવ્યો.

પ્ર૦ કંદહારના ઇંગ્રેજી લશ્કરનો છુટકારો શી રીતે થયો?

ઉ૦ મૈવંદની હારના સમાચાર સાંભળી જનરલ રાબર્ટ કંદહાર આવ્યો ને અયુબને હરાવી નસાડયો. ૧૮૮૦.

પ્ર૦ ઇંગ્રેજે કાબુલની ગાદી કોને આપી?

ઉ૦ શેરઅલીના પિત્રાઈ અબદુલ રહેમાનને. ૧૮૮૧.

પ્ર૦ અબદુલ રહેમાનને ઇંગ્રેજ સરકાર શી મદદ આપેછે?

ઉ૦ દર વર્ષે બાર લાખ રૂપીઆ આપે છે ને તેના બદલામાં તે રૂશનો પક્ષ ન કરે એવી સરત કરેલી છે.

પ્ર૦ અફગાન લઢાઈનું ફળ શું થયું?

ઉ૦ હિંદના કરોડો રૂપીઆનું ને હજારો માણસની ખુવારી.

પ્ર૦ લાર્ડ લીટન કયારે ગયો ને એની પછી કોણ આવ્યું?

ઉ૦ સન ૧૮૮૦ માં ને એજ સાલમાં લાર્ડ રીપન સાહેબ આવ્યા.

પ્ર૦ લાર્ડરીપનના વખતમાં - [illegible] જોગ બનાવ શા બન્યા?

ઉ૦ એમણે પ્રથમ કા[illegible] બરચાળ લઢાઈ અટકાવી કંદહારથી

ઇંગ્રેજી લશ્કર પાછું બોલાવ્યું. વર્તમાનપત્રના બંધન માટે લાર્ડલીટને કરેલો ધારો રદ કર્યો. હિંદમાં કેળવણી આપવાની રીતમાં સુધારો કરવાને કમીશન નીમી તપાસ કરાવી મ્યુનસીપાલીટીના ને લોકલફંડના વહિવટમાં પ્રજાને કાંઇ સત્તા મળે માટે લોકો તરફના કમીશનર નીમવા દેવાનો ઠરાવ કર્યો. સરકાર ખર્ચમાં વપરાતી પરદેશી ચીજો પૈકી જેટલી આ દેશમાં મળી શકે તેટલી ખરીદ કરવાને પાકો બંદોબસ્ત થયો. માહારાણીનો કુંવર પ્રિન્સકાનોટ આ દેશમાં લશ્કરી હોદ્દો લેઈ નોકરી કરવા આવ્યો, મીઠા ઉપરના કરમાં ઘટાડો થયો. તથા એ વગર બીજાં ઘણાં આ દેશને લાભકારી કામો કર્યાં.

પ્ર૦ લાર્ડ રીપન સાહેબ ક્યારે વિલાયત ગયા?

ઉ૦ સન ૧૮૮૪ ના ડિસેંબરમાં આખા ભરતખંડના વતનીઓના તરફથી અગાઉ કોઇ પણ વાયસરાયને નહીં મળેલું એટલું માન લેઈ વિલાયત ગયા. એમના જવાથી આર્ય પ્રજા બહુ દીલગીર થઈ.

પ્ર૦ લાર્ડરીપન ગછી તેમની જગાએ કોણ આવ્યો?

ઉ૦ લાર્ડ ડફરીન સન ૧૮૮૪ ના ડિસેંબરમાં આવ્યા.

પ્ર૦ આજ સુધીમાં તેના વખતમાં મોટા બનાવ શા બન્યા?

ઉ૦ રૂશિઆ સાથે લડાઈ. ૨ ઇજીપ્તમાં મહાદી સાથે લઢાઇ. ૩ કાબુલના અમીર અબદુલ રહેમાનની રાવલપીંડીમાં મુલાકાત. ૪ બ્રહ્મદેશ ખાલસા કર્યો.

પ્ર- લાર્ડ ડફરીન પછી તેમની જગાએ કોણ આવ્યું?

ઉ૦ લાર્ડ લેન્સડાઉન સન ૧૮૮૮ માં આવ્યા.

સમાપ્ત